અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


08 FEBRUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 217 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પાકિસ્તાન ચીન સામે અમેરિકાનું 'ગદ્દર':અમેરિકાએ PoK અને અક્સાઈ ચીનને ભારતના નકશામાં બતાવી દીધા

4  હનુમાનજી લંકિની ને માથે મુષ્ઠિકા પ્રહાર કરીને કયો અને કેવો સત્સંગ કરાવે છે?

6  શું એલ્વિશ યાદવ અને જિયા શંકરે સગાઈ કરી લીધી?

7  જાન્યુઆરી 2026માં 'ટાટા નેક્સૉન'એ બાજી મારી:'ડિઝાયર'ને પછાડી નંબર-1 કાર બની

### મોદીએ કહ્યું - ભારત વિશ્વનું સૌથી મોટું ઈન્વેસ્ટમેન્ટ સેન્ટર બની ગયું છે

# મલેશિયામાં મોદીનું સ્વાગત કરવા માટે PM ઈબ્રાહિમ પોતે ગયા

### મોદીને તેમની કારમાં બેસાડ્યા, મોદીએ કહ્યું- આ તેમનો ભારતીયો પ્રત્યેનો પ્રેમ; અહીં ટૂંક સમયમાં UPI લોન્ચ કરીશું

**કુઆલાલંપુર, તા.7**

PM નરેન્દ્ર મોદી શનિવારે 8 વર્ષ બાદ બે દિવસની મુલાકાત માટે મલેશિયા પહોંચ્યા છે. એરપોર્ટ પર મોદીનું સ્વાગત મલેશિયાના PM અનવર ઈબ્રાહિમ પોતે ગયા હતા. મોદીને તેમની કારમાં બેસાડ્યા હતા. ત્યારબાદ, પીએમ મોદીએ કુઆલાલંપુરમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું. મોદીએ કહ્યું- PM અનવર ઈબ્રાહિમ પોતે એરપોર્ટ પર મારું સ્વાગત કરવા આવ્યા હતા. તેઓ મને તેમની કારમાં અહીં લાવ્યા. વધુમાં, તેમણે મને તેમની સીટ પર પણ બેસાડ્યો. મોદીએ કહ્યું-આ ખાસ સન્માન ભારત અને ભારતીય સમુદાય પ્રત્યેના તેમના પ્રેમ અને આદરને દર્શાવે છે. ભારત ટૂંક સમયમાં પોતાની પેમેન્ટ સિસ્ટમ UPI લોન્ચ કરશે. મોદીએ કહ્યું - મેં કહ્યું હતું કે ગયા વર્ષે હું ASEAN સમિટ માટે મલેશિયા આવી શક્યો ન હતો, પરંતુ મેં મારા મિત્રને વચન આપ્યું હતું કે હું ટૂંક સમયમાં મલેશિયા આવીશ. આજે હું મારું વચન પૂરું કરવા આવ્યો છું. વર્ષ 2026માં આ



મારી પહેલી વિદેશ યાત્રા છે. મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ પીએમ મોદીનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર જાતે પહોંચ્યા હતા. મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ પીએમ મોદીનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર જાતે પહોંચ્યા હતા. પીએમ મોદી અને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ એક જ કારમાં બેસીને કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. પીએમ મોદીએ કહ્યું-નારિયેળ, મસાલા અને ચા પણ આપણા સંબંધને જોડે છે. પીએમ મોદીએ ભારતીય સમુદાયને કહ્યું કે તમે રોટી ચણાઈને મલબાર પરો'ઠટા સાથે જોડી દીધી છે. નારિયેળ, મસાલા અને ચા પણ આપણા સંબંધને જોડે છે. કુઆલાલંપુર હોય કે કોચી, સ્વાદ સમાન છે. અમે એકબીજાને સારી રીતે સમજીએ છીએ, કદાચ કારણ કે આપણી ભાષાઓ અને મલય ભાષામાં ઘણા શબ્દો સમાન છે. મેં એ પણ કહ્યું કે મેં સાંભળ્યું છે કે ભારતીય સંગીત અને ફિલ્મો મલેશિયામાં ખૂબ લોકપ્રિય છે. મેં જણાવ્યું કે વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ ખૂબ સારું ગાય છે, પરંતુ ભારતમાં ઘણા લોકો પહેલાં આ વાત જાણતા નહોતા. ભારતની તેમની છેલ્લી મુલાકાત દરમિયાન, જ્યારે તેમણે એક જૂનું હિન્દી ગીત ગાયું હતું, ત્યારે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. મોદીએ કહ્યું કે એ જાણીને આનંદ થાય છે કે પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમને મહાન અભિનેતા અને નેતા એમજીઆરના તમિલ ગીતો ખૂબ પસંદ છે. મોદીએ કહ્યું કે દુનિયા પહેલા ભારતને ફક્ત એક મોટું બજાર માનતી હતી, પરંતુ હવે ભારત રોકાણ અને વેપાર માટે એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે. આજે ભારતને વિકાસ માટે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જોવામાં આવે છે. યુકે, યુએઈ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઓમાન, યુરોપિયન યુનિયન (EU) હોય કે યુએસ, ઘણા દેશોએ ભારત સાથે વેપાર કરાર કર્યા છે. ભારત તમારા દિલમાં એક ખાસ સ્થાન ધરાવે છે. 2001માં, જ્યારે ગુજરાત ભૂકંપ આવ્યો, ત્યારે તમે બધા (ભારતીય સમુદાય) ભારતને મદદ કરવા માટે એક થયા હતા. તે માટે બધાનો આભાર. તમારા પૂર્વજોએ ભારતને આઝાદ કરાવવા માટે મહાન બલિદાન આપ્યું હતું. તેમાંના ઘણાના સંબંધીઓ અને પડોશીઓ ભારતમાં હતા, છતાં તેઓ નેતાજી સુભાષ ચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજમાં જોડાનારા પ્રથમ લોકોમાંના હતા. આ પ્રવાસ મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર ઈબ્રાહિમના આમંત્રણ પર છે. વિદેશ મંત્રાલયના સચિવ પી. કુમરને જણાવ્યું કે આ પ્રવાસ ભારતના આસિયાન દેશો સાથેના સંબંધોને વધુ મજબૂત કરવા અને મલેશિયા સાથે સહયોગ વધારવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે એ પણ જણાવ્યું કે આ યાત્રામાં 10 વર્ષથી મલેશિયામાં રહી રહેલા ભાગેડુ ઝાકિર નાઈકના મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. ભારત આ પહેલા પણ અલગ-અલગ પ્રસંગોએ આ મામલો ઉઠાવી ચૂક્યું છે. વડાપ્રધાન મોદીની આ યાત્રા દરમિયાન 8 ફેબ્રુઆરીના રોજ ભારત-મલેશિયા સીઈઓ ફોરમની 10મી બેઠક પણ કુઆલાલંપુરમાં યોજાશે. આ ઉપરાંત વડાપ્રધાન મલેશિયાના મોટા ઉદ્યોગપતિઓ અને વેપારી નેતાઓ સાથે પણ મુલાકાત કરશે.

## પાકિસ્તાનથી ઊડીને આવ્યું ફુગ્ગા સાથેનું બેનર:અમૃતસર એરપોર્ટ પર હાઇ એલર્ટ

### રનવે પર ડ્રોન દેખાયું, 1 કલાક ઓપરેશન બંધ, 2 ફ્લાઈટ ડાઈવર્ટ કરવી પડી

**અમૃતસર, તા.7**

અમૃતસરમાં પોલીસે હાઈ એલર્ટ આપ્યું છે, કારણ કે ત્યાં બે અલગ અલગ ઘટના બની છે. 5 ફેબ્રુઆરીની રાત્રે 8.40 વાગ્યે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન જોવા મળ્યું હતું, જેના પછી એરપોર્ટને એક કલાક માટે બંધ કરીને સંપૂર્ણપણે સેનિટાઈઝ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમૃતસર પાસેના જંડિયાલા ગુરુક્ષેત્રમાં પાકિસ્તાનથી ફુગ્ગો ઊડતો ઊડતો આવ્યો હતો, જેમાં ઉર્દૂમાં લખેલું બેનર બાંધ્યું હતું. અમૃતસર એરપોર્ટ પર ડ્રોન દેખાતાં મલેશિયા એરલાઈનની શારજાહ-અમૃતસર ફ્લાઈટને પણ ઉતારવા દેવામાં આવી નહોતી અને એને ચંદીગઢ ડાઈવર્ટ કરવામાં આવી હતી. જેના પછી જિલ્લા મેજિસ્ટ્રેટે તરત જ જિલ્લામાં ડ્રોન સહિત ઊડતી તમામ વસ્તુઓ પર પ્રતિબંધ મૂક્યો છે. એ જ રાત્રે પાકિસ્તાનથી એક ફુગ્ગો ઊડીને અમૃતસરના જંડિયાલા ગુરુક્ષેત્ર વિસ્તારના એક મકાનની છત પર પડ્યો હતો, જેમાં ઉર્દૂ લખેલું બેનર બાંધેલું હતું. તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ એલર્ટ મોડમાં છે. આ અંગે સિનિયર અધિકારીઓ પણ તપાસ રિપોર્ટ લઈ રહ્યા છે. આ ઉપરાંત ચંદીગઢમાં પણ પોલીસ હેડક્વાર્ટરને જાણ કરવામાં આવી છે, જોકે પોલીસ અધિકારીઓએ આ અંગે મૌન સેવ્યું છે. માહિતી મુજબ રાત્રે એરપોર્ટના ડાયરેક્ટર અને CISFના સુરક્ષા દળને જાણ કરવામાં આવી કે એરપોર્ટ નજીક ડ્રોન જોવા મળ્યું છે, કારણ કે અમૃતસર પાકિસ્તાન બોર્ડરને અડીને આવેલું છે, આ કારણે એને લઈને હડકંપ મચી ગયો, જોકે, એ સ્પષ્ટ થયું નથી કે આ ડ્રોન પાકિસ્તાનથી આવ્યું હતું કે કોઈએ પોતાના કાર્યક્રમ માટે સ્થાનિક રીતે



ઉડાડ્યું હતું. પોલીસ સૂત્રો અનુસાર, ડ્રોનની હિલચાલ રનવેની આસપાસ જ જોવા મળી હતી. આ કારણે તરત જ એરપોર્ટનું સંપૂર્ણ સંચાલન એક કલાક માટે બંધ કરી દેવામાં આવ્યું. ચંદીગઢ ઉપરાંત એક ફ્લાઈટને દિલ્હી પણ ડાઈવર્ટ કરવામાં આવી હતી. આ પછી પોલીસને બોલાવવામાં આવી. તપાસ એજન્સીઓ સાથે સમગ્ર એરપોર્ટની તપાસ કરવામાં આવી. સુરક્ષા એજન્સીઓ પાસેથી ક્લિયરન્સ મળ્યા બાદ એરપોર્ટની ગતિવિધિઓ સામાન્ય થઈ. એરપોર્ટ ડાયરેક્ટર બોલ્યા- તરત જ સુરક્ષા પ્રોટોકોલ લાગુ કરાયા અમૃતસરના શ્રી ગુરુ રામદાસજી ઈન્ટરનેશનલ એરપોર્ટના ડાયરેક્ટર ભૂપેન્દ્ર સિંહે પુષ્ટિ કરતાં જણાવ્યું કે બુધવારે રાત્રે હવાઈ ક્ષેત્રમાં ડ્રોન જોવા મળ્યા બાદ લગભગ એક કલાક સુધી ફ્લાઈટ ઓપરેશન અસ્થાયી રૂપે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું. સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક સુરક્ષા પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા હતા. રાત્રે 9 વાગ્યેને 41 મિનિટે એરપોર્ટનું ઓપરેશન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. શારજાહની ફ્લાઈટને ચંદીગઢ અને કુઆલાલમ્પુરની ફ્લાઈટને દિલ્હી ડાઈવર્ટ કરવામાં આવી હતી. પોલીસે આ મામલે તપાસ કરી હતી. સંવેદનશીલ સ્થળોએ માનવરહિત સાધનો ઉડાવવા પર પ્રતિબંધ: અમૃતસરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રોહિત ગુપ્તાના આદેશ અનુસાર અમૃતસર ગ્રામીણ વિસ્તાર હેઠળ આવતા આંતરરાષ્ટ્રીય સરહદીય ક્ષેત્રના 25 કિલોમીટરના દાયરા ઉપરાંત, મિલિટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, BSF તથા અન્ય સુરક્ષા એજન્સીઓનાં ઠેકાણાંથી 3 કિલોમીટરની અંદર સામાન્ય લોકો દ્વારા ખાનગી ડ્રોન, ક્વાડકોપ્ટર અને અન્ય માનવરહિત હવાઈ વાહનોના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પૂર્વ પરવાનગી વિના માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, પેરાગ્લાઈડર અને હેંગ ગ્લાઈડર ઉડાવવાની મંજૂરી નહીં હોય. આદેશોનું ઉલ્લંઘન કરનારી સંબંધિત વ્યક્તિઓ વિરુદ્ધ કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે. ગુપ્તચર ઈનપુટનો હવાલો: પ્રશાસને જણાવ્યું હતું કે અગાઉ મળેલા ગુપ્તચર ઈનપુટ અનુસાર, આંતરરાષ્ટ્રીય સરહદના રસ્તે ડ્રોન દ્વારા હથિયારો, નશીલા પદાર્થો અને અન્ય ગેરકાયદે સામગ્રી ભારતમાં મોકલવાના સતત પ્રયાસો સામે આવ્યા છે. આ ગંભીર સુરક્ષા ઈનપુટ્સને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં કોઈપણ પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિને રોકવા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

## પરિણીત શખસે કુંવારો હોવાનું કહી યુવતી સાથે દુષ્કર્મ આચર્યું : વીડિયો ઉતારી મિત્રો-સંબંધી સાથે સંબંધ બાંધવા મજબૂર કરી

**સુરત, તા.7**

સુરતના વરાછા વિસ્તારમાં એક 20 વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી 5 નરાધમે હવસનો શિકાર બનાવી હોવાની હચમચાવી દેતી ઘટના સામે આવી છે. પરિણીત શખસે કુંવારો હોવાની ઓળખ આપી વીડિયો ઉતાર્યો હતો અને ત્યાર બાદ મિત્રો અને સંબંધી પાસે પણ દુષ્કર્મ કરાવી 23,000 રૂપિયા તથા સોનાની બુટ્ટી પડાવી લેતાં પોલીસે તપાસ શરૂ કરી બે આરોપી અર્જુન અને રણજિતની ધરપકડ કરી છે. વરાછાની એક સોસાયટીમાં પી.જી.માં રહેતા અશોક નામના શખસે પાડોશમાં રહેતી 20 વર્ષીય યુવતી સાથે સંપર્ક કેળવ્યો હતો. અશોક પોતે પરિણીત અને 2 બાળકોનો પિતા હોવા છતાં તેણે આ હકીકત છુપાવી હતી. યુવતીને પ્રેમજાળમાં ફસાવી તેણે લગ્નનાં ખોટાં વચનો આપી વિશ્વાસ જીત્યો હતો અને સંબંધો આગળ વધારવા દબાણ કર્યું હતું. નવેમ્બર 2024માં જ્યારે પી.જી.માં કોઈ હાજર નહોતું ત્યારે અશોકે યુવતીને ત્યાં બોલાવી હતી. તેણે યુવતીને લગ્નની ખાતરી આપી તેની મરજી વિરુદ્ધ



બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. ભોળી યુવતી અશોકની વાતમાં આવી ગઈ હતી, પરંતુ આ તેની જિંદગીની સૌથી મોટી ભૂલ સાબિત થઈ, કારણ કે આરોપીનો ઈરાદો માત્ર શોષણનો હતો. દુષ્કર્મ આચરતી વખતે અશોકે યુવતીની જાણ બહાર મોબાઈલમાં વીડિયો શૂટ કરી લીધો હતો. જ્યારે યુવતીને અશોકના લગ્ન વિશે ખબર પડી અને તેણે સંબંધ તોડવાનો પ્રયત્ન કર્યો, ત્યારે અશોકે આ વીડિયો બતાવી બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું. તેણે ધમકી આપી કે જો તે તાબે નહીં થાય તો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દેશે. અશોકે માત્ર પોતાનો સ્વાર્થ જ ન જોયો, પણ યુવતીને પોતાના મિત્રો લાલા દરબાર, ભવદીપ અને ફોઈના દીકરા રણજિત સાથે સંબંધ બાંધવા મજબૂર કરી હતી. આ 3 નરાધમોએ યુવતીની લાચારીનો ફાયદો ઉઠાવી અલગ-અલગ સમયે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. યુવતીના પરિવારને પતાવી દેવાની ધમકી આપી તેને ચૂપ રહેવા મજબૂર કરવામાં આવી હતી.

આ ગુનામાં પી.જી. માલિક અર્જુનની ભૂમિકા પણ શંકાસ્પદ રહી છે. અર્જુને યુવતીને મદદ કરવાને બદલે આ વાત કોઈને ન કહેવા માટે ડરાવી હતી. એટલું જ નહીં, તેણે અવારનવાર યુવતીને બથ ભરીને શારીરિક અડપલાં કરી છેડતી કરી હતી. આમ, આખી ટોળકીએ મળીને 20 વર્ષની યુવતીનું માનસિક અને શારીરિક શોષણ કર્યું હતું. બ્લેકમેઈલિંગના ભાગરૂપે આરોપી અશોકે યુવતી પાસેથી આર્થિક લાભ પણ મેળવ્યો હતો. તેણે વીડિયોના નામે ડરાવી યુવતીની સીલાઈકામની બચતના 23,000 રૂપિયા પડાવી લીધા હતા. આટલેથી સંતોષ ન થતાં તેણે પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી યુવતી પાસેથી અંદાજે 1 તોલાની સોનાની બુટ્ટી પણ બળજબરીપૂર્વક કઢાવી લીધી હતી.

## 'જીવનનું કલંક દૂર થયું, ભગવાન લઈ લે તો સારું' : ગુજરાત હાઈકોર્ટે રૂ.20ની લાંચના કેસમાં કોન્સ્ટેબલને નિર્દોષ જાહેર કર્યા ને બીજા દિવસે મોત, 30 વર્ષ કાનૂની લડત આપી

**અમદાવાદ, તા.07**

ગુજરાત હાઈકોર્ટે માત્ર રૂ.20ની લાંચના કેસમાં અમદાવાદના એક પોલીસ કોન્સ્ટેબલને નિર્દોષ જાહેર કરી તેમના પર લાગેલું કલંક દૂર કર્યું, પરંતુ આ ન્યાય મેળવવા માટે તેમને 30 વર્ષ સુધી લાંબી કાનૂની લડત આપી હતી, પરંતુ પોલીસ કોન્સ્ટેબલે વકીલને જણાવ્યું હતું કે 'જીવનનું કલંક દૂર થયું, હવે ભગવાન લઈ લે તો સારું' એવી સંવેદના વ્યક્ત કરી હતી. નિર્દોષ સાબિત થયાના બીજા જ દિવસે તેમનું નિધન થયું હતું. 1996માં અમદાવાદના કોન્સ્ટેબલ વિરુદ્ધ રૂ.20ની લાંચ લેવાનો આક્ષેપ હતો

મળતી વિગત મુજબ, વર્ષ 1996માં અમદાવાદ વેજલપુરના પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. તેમની સામે 20 રૂપિયાની લાંચ લેવાનો આક્ષેપ હતો. વર્ષ 1997માં તેમની સામે અમદાવાદની સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ થઈ હતી. જ્યારે



વર્ષ 2002માં તેમની સામે ચાર્જફ્રેમ કરવામાં આવ્યો હતો.

**2004માં 4 વર્ષની સખત કેદની સજા થઈ હતી**

સેશન્સ કોર્ટે વર્ષ 2003માં સાક્ષી તપાસવાનું શરૂ કર્યું હતું અને વર્ષ 2004માં તેમને ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠેરવીને 4 વર્ષની સખત કેદ અને 3 હજાર રૂપિયાનો દંડ કર્યો હતો, જેને પોલીસ કોન્સ્ટેબલે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

**2026માં હાઈકોર્ટે ચુકાદો આપતાં પોલીસ કોન્સ્ટેબલને નિર્દોષ છોડ્યા**

વર્ષ 2004માં દાખલ થયેલી આ અપીલમાં 4 ફેબ્રુઆરી, 2026ના રોજ હાઈકોર્ટે ચુકાદો આપતાં તેમને નિર્દોષ છોડ્યા હતા. પોલીસ કોન્સ્ટેબલ વતી એડવોકેટ નીતિન ગાંધીએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે સાહેદોની જુબાનીમાં ફેર છે. આ સાથે જ અન્ય કેટલીક દલીલો કરવામાં આવી હતી.

**30 વર્ષની કાનૂની લડત ને નિર્દોષ**

આમ, કુલ 30 વર્ષની કાનૂની લડત બાદ તેઓ નિર્દોષ સાબિત થયા હતા. પોલીસ કોન્સ્ટેબલ નિર્દોષ સાબિત થતાં તેમના વકીલની ઓફિસે ગયા હતા. વકીલે તેમને રોકાઈ ગયેલા સરકારી લાભો મેળવવા માટે અરજી કરવા માટે જણાવ્યું હતું.

**પોલીસ કોન્સ્ટેબલ ઘરે ગયા ને બીજા જ દિવસે કુદરતી મૃત્યુ**

પરંતુ પોલીસ કોન્સ્ટેબલે વકીલને જણાવ્યું હતું કે હવે જીવનનું કલંક દૂર થયું છે, ભગવાન મને લઈ લેતો સારું, જે વકીલની ઓફિસના CCTVમાં પણ રેકોર્ડ થયું હતું. ત્યાર બાદ પોલીસ કોન્સ્ટેબલ પોતે ઘરે ગયા હતા અને બીજા જ દિવસે તેમનું કુદરતી મૃત્યુ થયું હતું.

**ત્રણ કોન્સ્ટેબલ પર લાંચની ફરિયાદ દાખલ થઈ હતી**

પોલીસ કોન્સ્ટેબલના વકીલ નીતિન ગાંધીએ જણાવ્યું હતું કે 1997માં વેજલપુર વિસ્તારમાં વિશાલા પાસે ACBની કોન્સ્ટેબલો પર ટ્રેપ થઈ હતી, જેમાં એસીબીને એવી માહિતી મળી હતી કે કોન્સ્ટેબલો ટ્રક-ડ્રાઈવર પાસેથી કરપ્શન કરે છે. તે રનિંગ ટ્રેપ કરીને ત્રણ કોન્સ્ટેબલ પર એસીબીએ ફરિયાદ દાખલ કરી હતી, જેમાં 1997 પછી 2004માં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટે ચુકાદો આપ્યો હતો અને તમામ કોન્સ્ટેબલોને કોર્ટે સજા કરી હતી, જેના પર 2004માં ગુજરાત હાઈકોર્ટમાં અપીલ ફાઈલ થઈ હતી. એ અપીલ તારીખ 4 ફેબ્રુઆરી, 2026ના રોજ ગુજરાત હાઈકોર્ટે એલાઉ કરી છે અને જે આરોપી હતા કોન્સ્ટેબલ તેમને નિર્દોષ છોડ્યા હતા. પોલીસ કોન્સ્ટેબલના વકીલ નીતિન ગાંધીએ જણાવ્યું હતું કે 1997માં વેજલપુર વિસ્તારમાં વિશાલા પાસે ACBની કોન્સ્ટેબલો પર ટ્રેપ થઈ હતી, જેમાં એસીબીને એવી માહિતી મળી હતી કે કોન્સ્ટેબલો ટ્રક-ડ્રાઈવર પાસેથી કરપ્શન કરે છે. તે રનિંગ ટ્રેપ કરીને ત્રણ કોન્સ્ટેબલ પર એસીબીએ ફરિયાદ દાખલ કરી હતી, જેમાં 1997 પછી 2004માં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટે ચુકાદો આપ્યો હતો અને તમામ કોન્સ્ટેબલોને કોર્ટે સજા કરી હતી, જેના પર 2004માં ગુજરાત હાઈકોર્ટમાં અપીલ ફાઈલ થઈ હતી. એ અપીલ તારીખ 4 ફેબ્રુઆરી, 2026ના રોજ ગુજરાત હાઈકોર્ટે એલાઉ કરી છે અને જે આરોપી હતા કોન્સ્ટેબલ તેમને નિર્દોષ છોડ્યા હતા.



# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં તાળાબંધી : NSUIના નેતાઓએ કહ્યું, દિવસે વિરોધ ને રાત્રે તાળાં મારીશું

**અમદાવાદ, તા.07**

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં ગઈકાલે(6 ફેબ્રુઆરી) મોડીરાત્રે NSUIએ તાળાબંધી કરી હતી. વિદ્યાર્થી પર થયેલા હુમલાને લઈને NSUIએ વિરોધ કર્યો હતો, જેના ભાગરૂપે મોડીરાતે NSUIએ સ્કૂલે જઈને તાળાં મારી દીધાં હતાં. NSUIનું કહેવું છે કે સ્કૂલના પ્રિન્સિપાલ અને જવાબદાર સ્ટાફને સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો રોજ રાત્રે સ્કૂલને તાળાબંધી કરવામાં આવશે. સેવન્થ ડે સ્કૂલનો વિવાદ ફરી એકવાર શરૂ થયો છે. સ્કૂલમાં 3 વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને માર મારી શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખ્યા હતા. આ મામલે પોલીસ ફરિયાદ થઈ છે. ફરીથી સ્કૂલમાં ગંભીર ઘટના બનતાં NSUIએ સરકાર અને સ્કૂલના જવાબદાર સ્ટાફ સામે વિરોધ કર્યો હતો. અગાઉ પણ જ્યારે એક વિદ્યાર્થીની હત્યા થઈ હતી ત્યારે સ્કૂલની બહાર ભારે વિરોધ થયો હતો, સ્કૂલમાં તોડફોડ થઈ હતી અને NSUIએ સ્કૂલમાં તાળાબંધી પણ કરી હતી. ત્યારે ફરીથી સ્કૂલમાં બનાવ બનતાં સ્કૂલમાં રાતના સમયે તાળાબંધી કરવામાં આવી છે. NSUIના નેતા ચિરાગ દરજી અને વેદાંત તોમર મોડીરાતે સ્કૂલ પહોંચીને સ્કૂલના તમામ ગેટ પર પોતાનાં તાળાં મારીને આવ્યા હતા. વેદાંત તોમરે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ઘટનામાં બેદરકારી રાખનાર સ્કૂલના પ્રિન્સિપાલ અને સ્ટાફને જ્યાં સુધી સ્કૂલમાંથી દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી અન્ય બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને



અમે સ્કૂલે રોજ રાત્રે તાળાં મારીશું. દિવસ દરમિયાન સ્કૂલની બહાર વિરોધ કરીશું, જ્યારે રાત્રે સ્કૂલે તાળાં મારી સ્કૂલ બંધ કરાવીશું. ગઈકાલે સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ 7ના વિદ્યાર્થીને 3 વિદ્યાર્થીએ માર મારી શર્ટના બટન તોડી નાખ્યા હતા. વિદ્યાર્થીએ મોનિટર હોવાથી અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું, જેની અદાવત રાખીને ત્રણ વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હતો. મહત્ત્વનું છે કે સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે છતાં આ પ્રકારની ઘટના બની છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ ત્રણ વિદ્યાર્થી સામે ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે સ્કૂલની બેદરકારી સામે આવી હતી. વિદ્યાર્થીએ ઘટના અંગે સ્કૂલને જાણ કરી હતી, પરંતુ સ્કૂલ દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નહોતા. જેથી વિદ્યાર્થીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે સ્કૂલના સંચાલકોએ ઘટના છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. હુમલો કરનાર વિદ્યાર્થીઓ પાસે બ્લેડ નહિ હોવાનો શાળાએ દાવો કર્યો હતો, જોકે ફરિયાદમાં બ્લેડ વડે શર્ટ ફાડવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ઘટનાના આગલા દિવસે વાલીએ શાળા પ્રશાસનને જાણ કરી હતી. જાણ કરાઈ હોવા છતાં ઘટના બનતાં શાળા પ્રશાસન સામે અનેક સવાલ ઊઠ્યા હતા. વાલીની ફરિયાદ બાદ શાળાએ માત્ર બેગ ચેક કરી સંતોષ માન્યો હતો. આ મામલે અમદાવાદ DEOએ સ્કૂલના આચાર્યને કારણદર્શક નોટિસ આપી હતી. શાળામાં આવી ઘટના બની તેમ છતાં શાળા વહીવટ તરફથી કોઈ તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી. નોટિસમાં જણાવાયું હતું કે આ ઘટના અંગે શાળા વહીવટ દ્વારા કોઈ પગલાં લેવાયાં નથી. આવી ઘટનાઓ શાળાની શિસ્ત અને સુરક્ષા પર પ્રશ્નાર્થ ઊભા કરે છે. આ મામલે તાત્કાલિક સમજૂતી આપવા અને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે અને જો સમયમર્યાદામાં જવાબ ન આવે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

## રાજકોટ DDOનો તાલુકા વિકાસ અધિકારીને પત્ર, અરજદારોને સરપંચ મહિલા-સદસ્યના બદલે પતિ સાંભળતા હોવાની ફરિયાદો

**રાજકોટ, તા.07**

ગુજરાત પંચાયત અધિનિયમ-1993માં 2014માં થયેલા સુધારા અન્વયે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામતની ટકાવારી 33%થી વધારીને 50% કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ મહિલાઓનું સશક્તિકરણ અને વહીવટમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. જોકે, રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકની ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા મહિલા સરપંચ અને સદસ્યોના સ્થાને



તેમના પતિ હાજર રહેતા હોવાનું ધ્યાને આવતા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પરિપત્ર કરવામાં આવ્યો છે કે, હવે પત્નીના બદલે પતિ પંચાયતની સભાની બેઠકમાં હાજર નહીં રહી શકે. તેમના નામે વહિવટી કરતા જણાશે તો તલાટી કમ મંત્રી સામે શિસ્તભંગના પગલા લેવામાં આવશે.રાજકોટ DDO જય ગોસ્વામીએ જણાવ્યું હતું કે, અરજદારો તરફથી ફરિયાદ મળતી હતી કે ગ્રામ્ય કક્ષાએ મહિલા પ્રતિનિધિઓના બદલે તેમના પતિ સાંભળે છે અને તેને કારણે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એક જનરલ પરિપત્ર કરવામાં આવ્યો છે કે પંચાયત કક્ષાએ સરપંચ અને સદસ્ય તરીકે મહિલાઓની નિમણૂક કરવામાં આવી છે તે મહિલાઓ હાજર રહે. હવે પંચાયતની કોઈ સભા કે બેઠકમાં મહિલા પ્રતિનિધિના બદલે તેમના પતિ હાજર રહી નહીં શકે.

## રાજકોટના ઢોંગી બાબા સતીષ ધામીએ 19 લાખની ક્રેટા અને આઇફોન ખરીદ્યો, આરોપી જેલ હવાલે



**રાજકોટ, તા.07**

રાજકોટના ગુંદાવાડી વિસ્તારમાં રહેતા ઢોંગી બાબા સતીષ ધામીએ અમદાવાદના વેપારીનું દુઃખ દર્દ દૂર કરવા બહાને ઓસ્ટ્રેલિયા રહેતા વેપારી પુત્ર પાસેથી 24 લાખ પડાવી લીધા બાદ જો વધારે રૂપીયા નહીં આપો તો માતાજી કોપાયમાન થશે તેમ ધમકી આપી છેતરપિંડી આચરતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપી સતીષ ધામીની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપીએ છેતરપિંડીના પૈસામાંથી 19 લાખની ક્રેટા, એક લાખનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ 12.40 લાખનો મુદામાલ કબ્જે કરી તેનું બેંક એકાઉન્ટ સીઝ કર્યું છે. હાલ આરોપીને રિમાન્ડ ન મળતા જેલહવાલે કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર ACP ભાવેશ જાધવએ જણાવ્યું હતું કે, ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જજીસ બંગલા રોડ પર રહેતાં જયંતિલાલ ભુરાજી પરમાર (ઉ.વ.55)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સતીષ રામજી ધામીનું નામ આપતા છેતરપિંડીના ગુના હેઠળ આરોપી ધરપકડ કરવામાં આવી છે. આરોપીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તેને દુઃખ દર્દ દૂર કરવા બહાને ફરિયાદી પાસેથી મેળવેલ 24.23 લાખ રૂપિયામાંથી 19 લાખ રૂપિયાની ક્રેટા કાર ખરીદ કરી હતી અને એક લાખ રૂપિયાનો આઈફોન ખરીદ કર્યો હતો. પોલીસ 12 લાખની ક્રેટા અને 40,000નો મોબાઈલ મળી 12.40 લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીનું બેંક એકાઉન્ટ સીઝ કરવામાં આવ્યું છે.

**સાબરમતી બન્યો અમદાવાદનો નવો રેલવે ગેટવે**

# આધુનિક ડિઝાઇન, ટ્રાફિક મેનેજમેન્ટ ને મુસાફરોની સુવિધા; ઉ.ભારત તરફ જતી ટ્રેનો અહીંથી જ ઊપડે-ઊભી રહે છે

**અમદાવાદ, તા.07**

અમદાવાદ શહેરનું અને સમગ્ર ગુજરાતનું સૌથી જૂનું, સૌથી મોટું અને સૌથી વધુ મુસાફરોની અવરજવર ધરાવતું કાલુપુર રેલવે સ્ટેશન હાલ રિડેવલપમેન્ટના કામ હેઠળ છે. કાલુપુર સ્ટેશનને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ સાથે આધુનિક બનાવવાના હેતુથી ચાલી રહેલા આ વિકાસકામના પગલે અનેક મહત્ત્વપૂર્ણ ટ્રેનોને અસ્થાયી રીતે સાબરમતી રેલવે સ્ટેશન પરથી ચલાવવામાં આવી રહી છે. ખાસ કરીને દિલ્હી અને ઉત્તર ભારત તરફ જતી મોટા ભાગની ટ્રેનો હવે સાબરમતી રેલવે સ્ટેશન પરથી જ ઊપડે છે અને અહીં જ પહોંચે છે. આ બદલાવ સાથે સાબરમતી રેલવે સ્ટેશનને પણ સંપૂર્ણપણે નવેસરથી વિકસાવવામાં આવ્યું છે. આધુનિક ડિઝાઈન, સારુંએવું ટ્રાફિક મેનેજમેન્ટ અને મુસાફરોની



સુવિધાને ધ્યાનમાં રાખીને અહીં ઘણીબધી નવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આ તમામ નવી સુવિધાઓ અને વ્યવસ્થાઓને નજીકથી જાણવા માટે દિવ્ય ભાસ્કરની ટીમ સાબરમતી રેલવે સ્ટેશન પર પહોંચી હતી. સાબરમતી રેલવે સ્ટેશનનો નવો એન્ટ્રી ગેટ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના એન્ટ્રી અને એક્ઝિટ વિસ્તારની બાજુમાં બનાવવામાં આવ્યો છે. અહીં પ્રવેશ કરતાં જ વિશાળ અને પહોળો રોડ જોવા મળે છે, જે એટલો વિશાળ છે કે એકસાથે ચાર વાહનો સરળતાથી પસાર થઈ શકે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને મુસાફરોને સરળ પ્રવેશ મળી રહે એ માટે આ રોડને આગળ જઈને બે અલગ-અલગ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. આમાં એક રસ્તો ખાનગી વાહન લઈને આવતા મુસાફરો માટે રાખવામાં આવ્યો છે, જ્યારે બીજો રસ્તો ટેક્સી અને ઓટોરિક્ષા માટે રિઝર્વ રાખવામાં આવ્યો છે. રેલવે સ્ટેશનના પ્રવેશદ્વારની બાજુમાં જ ટેક્સી અને ઓટોરિક્ષા માટે પિકઅપ અને ડ્રોપ-ઓફ પોઈન્ટ રાખવામાં આવ્યો છે, જેથી મુસાફરોને ભારે સામાન સાથે લાંબું અંતર ન ચાલવું પડે અને સીધા જ સ્ટેશનમાં પ્રવેશ મળી રહે. સ્ટેશનની અંદર પ્રવેશતાં જ ડાબી બાજુએ ટિકિટ કાઉન્ટર અને આધુનિક એટીવીએમ મશીનો મૂકવામાં આવ્યાં છે, જ્યાં મુસાફરો સરળતાથી ટિકિટ મેળવી શકે છે. જ્યારે જમણી બાજુએ ઉપરના માળે જવા માટે લિફ્ટની સુવિધા ઉપલબ્ધ છે.

## ગાંધીજી ભણ્યા તે 187 વર્ષ જૂની શાળાને નવા રંગરૂપ : મેંગ્લોરી નળીયાની છત ઉનાળામાં ઠંડક આપશે

**આણંદ, તા.07**

રાજકોટની કોઠારીયા નાકા પાસે આવેલી કિશોરસિંહજી પ્રાથમિક શાળાનું 2.54 કરોડના ખર્ચે રિનોવેશન કરવામાં આવી રહ્યું છે. 187 વર્ષ જૂની આ જ સ્કૂલમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ધોરણ 3 અને 4નો



અભ્યાસ કર્યો હતો.આ હેરિટેજ શાળાને હાલ નવા રંગરૂપ આપવામાં આવી રહ્યા છે. અહીં વિદ્યાર્થી મોહનદાસ ગાંધીની ધોરણ 4ની માર્કશીટ સહિતની યાદો સચવાયેલી છે. માર્ચ માસના અંત સુધીમાં આ કામ પણ પૂર્ણ થઈ જશે આ સ્કૂલની વિશેષતા એ છે કે અહીં મેંગ્લોરી ટાઈલ્સ નળીયાથી છત તૈયાર કરવામાં આવી રહી છે. જેથી વિદ્યાર્થીઓને ઉનાળામાં ઓછી ગરમી અને શિયાળામાં ઠંડી ઓછી લાગશે. કિશોરસિંહજી પ્રાથમિક સ્કૂલના પ્રિન્સિપાલ શૈલેષભાઈ સોનીએ જણાવ્યું હતું કે, હાલ આ સ્કૂલનું રિનોવેશન ચાલી રહ્યું હોવાથી અહીંના વિદ્યાર્થીઓ રામનાથપરામાં આવેલી સંત તુલસીદાસ પ્રાથમિક શાળા નંબર 16માં અભ્યાસ કરી રહ્યા છે.

## ગોંડલ ચોકથી કોઠારીયા તરફ જતી પાઈપલાઈનનો વાલ્વ તૂટતાં રસ્તામાં નદી વહી

**નડિયાદ, તા.07**

રાજકોટ શહેરના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારમાં આવતા 5 વોર્ડમાં પાણીકાપ મુકવામાં આવ્યો છે, તો બીજી તરફ વહેલી સવારથી હજારો લીટર પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. ગોંડલ ચોકથી કોઠારીયા તરફ વિસ્તારમાં જતી



પાઈપલાઈનના વાલ્વમાં ભંગાણ થતા હજારો લીટર પાણી રસ્તા પર વેડફાય ગયું છે, જેના કારણે રસ્તા પર પાણી ફરી વળતા ચોમાસાની ઋતુમાં વહેતા વરસાદી પાણી જેવા દૃશ્યો શિયાળાની ઋતુમાં જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આજે રાજકોટના પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારના વોર્ડ નંબર 8, 10, 11, 12 અને 13ના 150 જેટલા વિસ્તારોમાં પાણી કાપ મુકવામાં આવ્યો છે. આ પાણી કાપ પાછળ મનપા દ્વારા મવડી (પુનિતનગર) પમ્પિંગ સ્ટેશન ખાતે મરામત અને ટેકનિકલ કામગીરી કરવાનું કારણ આપવામાં આવ્યું છે.

## મસ્જિદમાં બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય:અમદાવાદમાં નમાજ માટે આવેલા યુવકે તકનો લાભ લઈ મસ્જિદના ધાબે લઈ જઈ બાળક સાથે કુકર્મ કર્યું

**અમદાવાદ, તા.07**

અમદાવાદના જમાલપુરમાં એક 8 વર્ષના માસૂમ બાળક સાથે યુવકે તકનો લાભ લઈને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું છે. મસ્જિદમાં નમાજ કરવા માટે આવેલા યુવકે બાળકને ધાબે લઈ જઈને બાળક સાથે કુકર્મ કર્યું હતું. બનાવ અંગે બાળકે તેના વાલીને જાણ કરી હતી. વાલીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. જમાલપુરમાં આવેલી મસ્જિદમાં નૌમાન શેખ નામનો યુવક નમાજ માટે આવ્યો હતો. આ દરમિયાન કેટલાંક બાળકો પણ મસ્જિદમાં આવ્યાં હતાં. નૌમાને આ દરમિયાન એક 8 વર્ષના બાળક સાથે વાતચીત કરી હતી, જે બાદ બાળકને લાલચ આપીને મસ્જિદના



ધાબે લઈ ગયો હતો. બાળકને ધાબે લઈ જઈને નૌમાને તકનો લાભ લઈને બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. એ બાદ બાળકને રવાના કરી દેતાં તે નીચે આવ્યું હતું. એ બાદ નૌમાન પણ નીચે આવ્યો હતો. બાળકે આ અંગે તેના વાલીને જાણ કરી હતી. એ બાદ વાલીએ ગાયકવાડ હવેલી પોલીસને જાણ કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપી નૌમાનની ધરપકડ કરી હતી. નૌમાન બાળકને લઈને જતો અને પરત આવતો CCTV ફૂટેજમાં દેખાઈ રહ્યો છે. પોલીસે CCTV ફૂટેજ અને મેડિકલ રિપોર્ટના આધાર વધુ તપાસ હાથ ધરી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના PI સી.વી.ગોસાઈએ જણાવ્યું હતું કે આરોપી બાળકને નમાજ શીખવાડવાનું કહીને ધાબે લઈ ગયો હતો. આરોપી 20 મિનિટ સુધી બાળકને લઈને ધાબે રહ્યો હતો. બાળક હાલ સારવાર હેઠળ છે અને તેની સ્થિતિ હાલ ગંભીર છે.

## 'નરેશ ગોયલના 500 કરોડમાં ફ્રોડમાં તમારું નામ છે':81 વર્ષીય ડિજિટલ એરેસ્ટ વૃદ્ધના 9.40 લાખ પડાવ્યા, વધુ પૈસા ટ્રાન્સફર કરવા જતા બેંક મેનેજરે અટકાવ્યા

**અમદાવાદ, તા.07**

અમદાવાદ શહેરમાં સિનિયર સિટીઝન અને વૃદ્ધ નાગરિકોને સાયબર ગઠિયાઓ ડિજિટલ એરેસ્ટ માટે સતત ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે વધુ એક વૃદ્ધ ડિજિટલ એરેસ્ટનો ભોગ બન્યા છે. વૃદ્ધને સાયબર ગઠિયાઓએ મની લોન્ડરીંગ કેસમાં નામ હોવાનું કહીને 9.40 લાખ રૂપિયા પડાવ્યા હતા. વૃદ્ધ બીજા 6 લાખ ટ્રાન્સફર કરવા ગયા ત્યારે બેંક મેનેજરે તેમને ટ્રાન્સફર કરતા અટકાવ્યા અને તેમની સાથે થયેલા ફ્રોડ અંગે જાણ કરી હતી. જેથી વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા 81 વર્ષીય વૃદ્ધ તેમના પત્ની સાથે નિવૃત્ત જીવન ગુજારે છે. વૃદ્ધને સંતાનમાં ત્રણ દીકરા છે. ત્રણેય વિદેશમાં રહે છે. 3 ફેબ્રુઆરીના રોજ વૃદ્ધને અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે જણાવ્યું હતું કે તેમના આધાર કાર્ડનો દુરુપયોગ થયો છે. જે બાદ વોટ્સએપ પર એક વીડિયો કોલ આવ્યો હતો. જેમાં વાતચીત કરનાર વ્યક્તિઓ પોતે મુંબઈ પોલીસથી બોલતા હોવાનું જણાવ્યું હતું અને કહ્યું હતું કે નરેશ ગોયલે કરેલા 500 કરોડમાં




ફ્રોડમાં તમારું નામ છે. તેની તપાસ CBI દ્વારા કરવામાં આવી રહી છે. આ એક સિક્રેટ છે જેથી તમે તમારા ફેમિલી અને બાળકોને જણાવશો નહીં. તમારું નામ મની લોન્ડરિંગ કેસમાં છે જેથી તમારી સામે એરેસ્ટ વૉરંટ ઇશ્યૂ કરેલું છે, પરંતુ તમે વૃદ્ધ છો જેથી તમને એરેસ્ટ કરવામાં નહીં આવે તમે તપાસમાં સહકાર આપજો. તમારી આસપાસ સિવિલ ડ્રેસમાં માણસો ફરે છે. તમે પૂછ્યા વગર ક્યાંય જશો નહીં અને પરમિશન વગર તમે વોકિંગ માટે પણ નહીં જઈ શકો.

## રાજકોટમાં નાથુરામ ગોડ્સેના નાટક શોનું આયોજન થતા વિવાદ : ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાનો પ્રયાસ થતો હોવાનો કોંગ્રેસનો આક્ષેપ




**નડિયાદ, તા.07**

મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડ્સેના નાટક શોનું આજે રાજકોટમાં આયોજન થતા કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે. આ નાટકના માધ્યમથી ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાનો પ્રયાસ કરાતો હોવાનો આક્ષેપ કરાયો છે. સાથે સવાલ પણ કર્યો છે કે, શું સરકાર આ પ્રકારના નાટકને મંજૂરી આપી રહી છે?

રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે નાટકનું આયોજન

રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડ્સે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યક્ત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડ્સેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય? આ નાટક અગાઉ, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ યોજાઈ ચૂક્યું હોવાનો દાવો કરાયો છે. રાજકોટના હેમુ ગઢવી હોલમાં આજે રાત્રે 'હું નાથુરામ ગોડ્સે' નાટકના શોનું આયોજન કરાતા કોંગ્રેસે વિરોધનો સૂર વ્યકત કર્યો છે. કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કહ્યું કે, ગાંધીના ગુજરાતમાં ગોડ્સેનો હીરો બનવા નહીં દઈએ. સાથે સવાલ કર્યો છે કે, ગુજરાતમાં જ ગાંધીજીના હત્યારાનું મહીમામંડન થાય તે કઈ રીતે ચલાવી શકાય? આ નાટક અગાઉ, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ યોજાઈ ચૂક્યું હોવાનો દાવો કરાયો છે.

## 'દેવાયત ખવડ પ્રખ્યાત નહીં, કુખ્યાત અને માથાભારે છે':ફરિયાદ રદ કરવા અરજી કરતાં હાઈકોર્ટની ટિપ્પણી

**દેવાયત, તા.07**

દેવાયત ખવડે ગુજરાત હાઈકોર્ટમાં વિવિધ અરજીઓ દાખલ કરી છે. જે પૈકી તેની સામે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અને તાલાલા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની પણ એક અરજી છે. આ સંદર્ભે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની અરજી ફરિયાદી અને આરોપીની સહમતિથી થઈ છે. હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે દેવાયત ખવડ સામે કુલ 06 ગુના નોંધાયેલા છે. જેમાંથી 03 ગુનામાં તે નિર્દોષ છૂટ્યો છે અને બે ગુનામાં સમાધાન થયું છે. જ્યારે એક બાકી છે. હાઈકોર્ટે દેવાયત ખવડની ફરિયાદ રદ કરવાની અરજી સંદર્ભે તપાસ અધિકારીને રિપોર્ટ આપવા માટે હુકમ કર્યો હતો. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે અરજદાર પ્રખ્યાત નહીં, પરંતુ કુખ્યાત છે અને માથાભારે છે.



બીજી તરફ ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ સંદર્ભે તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આગોતરા જામીન આપ્યા હતા. જો કે તાલાલામાં તેણે એક વ્યક્તિ પર હુમલો કરતા, આ જામીન રદ કરવામાં આવ્યા હતા. આથી પોલીસ તેને કસ્ટડીમાં લે તે પહેલા હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે તેને 09 ફેબ્રુઆરી સુધીનું રક્ષણ આપ્યું છે. દેવાયત ખવડના આ કેસો ઉપર આગામી સમયમાં હાઈકોર્ટમાં વધુ સુનવણી યોજાશે. તાલાલામાં ધ્રુવરાજસિંહ પર હુમલો કર્યા બાદ દેવાયતને લોકઅપમાં પૂરવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં નવા સ્લોટર હાઉસનો વિવાદ ને જૂનું બિલ્ડિંગ જર્જરિત : કર્મચારીઓ ફફડાટમાં નોકરી કરવા મજબૂર

**અમદાવાદ, તા.07**

દેશની ત્રીજા નંબરની અને ગુજરાતની સૌથી મોટી મહાનગરપાલિકા એટલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ઐતિહાસિક રૂપિયા 17018 કરોડનું ડ્રાફ્ટ બજેટ મ્યુ. કમિશનર બંછાનિધિ પાનીએ 4 ફેબ્રુઆરીના રોજ રજૂ કર્યું હતું. આ બજેટમાં જમાલપુર વિસ્તારમાં આવેલું સ્લોટર હાઉસ શહેરના છેવાડાના શાહવાડી-બહેરામપુરા ખાતે બનાવવાની જોવાઈ કરવામાં આવી હતી. રૂપિયા 32 કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ વાળા સ્લોટર હાઉસની જોગવાઈ કરતાં જ રાજકીય વિવાદ છંછેડાયો છે, ત્યારે દિવ્ય ભાસ્કરે જમાલપુરના સ્લોટર હાઉસનો ગ્રાઉન્ડ રિપોર્ટ કર્યો છે. જેમાં સ્લોટર હાઉસની હાલત અને કેવી રીતે ચલાવવામાં આવે છે એની તમામ જાણકારી મેળવી હતી. અમદાવાદ મ્યુ. કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટમાં જૂનું સ્લોટર હાઉસ શિફ્ટ



કરીને શાહવાડી-બહેરામપુરા ખાતે અદ્યતન સુવિધાઓ સાથે નવું બનાવવાનું હતું. જોકે, ભાજપના ધારાસભ્યએ વિરોધ કરતા આ દરખાસ્તને પરત ખેંચવાની જાહેરાત કરાઈ હતી, ત્યારે હાલના સ્લોટર હાઉસની પરિસ્થિતિ અત્યંત ખરાબ હાલતમાં છે. જે જગ્યા પર સ્લોટર હાઉસ ચલાવનારા અધિકારીઓ અને કર્મચારીઓ બેસે છે એ બિલ્ડિંગ અત્યંત જર્જરીત થઈ ગઈ છે. આ સ્લોટર હાઉસને રિપેરિંગ અથવા રિનોવેશન કરવા માટે અવારનવાર રજૂઆતો કરવામાં આવી છતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ સ્લોટર હાઉસ રિનોવેશન કરવામાં કોઈ રસ દાખવ્યો નહીં. સુત્રો મુજબ છેલ્લા 15 વર્ષથી આ સ્લોટર હાઉસ અત્યંત જર્જરિત અને ભયજનક હોવાથી રિનોવેશન અથવા રિપેરિંગ કરવાની જરૂરિયાત હોવા બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના ઉચ્ચ અધિકારીઓ અને એન્જિનિયરિંગ વિભાગને જાણ કરવામાં આવી હતી છતાં તેનું રિનોવેશન કરવામાં આવ્યું નથી. જેના કારણે અધિકારીઓ અને કર્મચારીઓને ભયના ઓથર હેઠળ નોકરી કરવી પડે છે. અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરથી 150 મીટર દૂર અને ગીતામંદિરથી 500 મીટરના અંતરે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્લોટર હાઉસ આવેલું છે. દિવ્ય ભાસ્કર અંગ્રેજો દ્વારા વર્ષ 1903 પશુઓના કતલ માટે બનાવવામાં આવેલા આ સ્લોટર હાઉસ ખાતે પહોંચ્યું હતું. કેન્દ્ર સરકાર અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે સ્લોટર હાઉસ ચલાવવા માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. GPMC એક્ટમાં પ્રકરણ 19 મુજબ AMCને સ્લોટર હાઉસ ચલાવવાની જોગવાઈ છે. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સ્લોટર હાઉસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. સ્લોટર હાઉસના ગેટમાં પ્રવેશ કરતાની સાથે જ સામેના ભાગે ત્રણ બિલ્ડિંગો આવેલી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# 'લાંબી, ગોરી સ્વીડિશ યુવતી એરેન્જ કરો..': જેફરી એપસ્ટીન અને અંબાણીની ચેટ સામે આવી

## મિટિંગને 'મજેદાર' બનાવવા બંને મેનહટનમાં મળ્યા હતા



**યુએસ, તા.07**


યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા યૌન ગુનેગાર જેફરી એપસ્ટીન સંબંધિત દસ્તાવેજોમાંથી અનિલ અંબાણી સંબંધિત નવા ઘટસ્ફોટ સામે આવ્યા છે. આ દસ્તાવેજો 2017 અને 2019 દરમિયાન એપસ્ટીન અને ઉદ્યોગપતિ અનિલ અંબાણી વચ્ચેની વાતચીત સંબંધિત છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, આ વાતચીતમાં બિઝનેસ, વૈશ્વિક બાબતો અને મહિલાઓ અંગેનો સમાવેશ છે. 9 માર્ચ, 2017ના રોજ થયેલી વાતચીત દરમિયાન અનિલે એપસ્ટીનને પૂછ્યું- 'તમારું શું સૂચન છે?' એપસ્ટીને જવાબ આપ્યો, 'મિટિંગને 'મજેદાર' બનાવવા માટે એક લાંબી સ્વીડિશ ગોરી યુવતી સારી રહેશે.' અંબાણીએ જવાબ આપ્યો, 'ઓકે. એરેન્જ કરો.' આ વાતચીત ત્યારની છે.દોષિત યૌન ગુનેગાર જેફરી એપ્સ્ટીનનું જેલમાં મૃત્યુ થયું છે. સત્તાવાર અહેવાલો દર્શાવે છે કે તેણે આત્મહત્યા કરી હતી. આ વાતચીત એ સમયની છે, જ્યારે 2008માં સગીરાઓ સાથેના યૌન ગુનાના આરોપમાં એપ્સ્ટીનને સજા મળી ગઈ હતી. આ છતાં એપ્સ્ટીન વિશ્વભરના ઘણા પ્રભાવશાળી અને દિગ્ગજો સાથે સંપર્કમાં રહ્યા હતા. રેકોર્ડ્સ દર્શાવે છે કે બંનેએ પેરિસ અને ન્યૂયોર્કમાં મળવાનું આયોજન કર્યું હતું. મે 2019માં અનિલ અંબાણીની ન્યૂયોર્ક મુલાકાત દરમિયાન એપ્સટીને તેમને તેમના મેનહટન ઘરે આમંત્રણ આપ્યું, જ્યાં તેઓ મળ્યા હતા. અન્ય ઈ-મેલ્સમાં અંબાણી અને એપ્સ્ટીન વચ્ચે આંતરરાષ્ટ્રીય યાત્રાઓ, બિઝનેસ મિટિંગ્સ અને વૈશ્વિક પ્લેટફોર્મ પરના કાર્યક્રમો અંગે ચર્ચાઓ પણ જાહેર કરવામાં આવી છે. આમાં પેરિસ, ન્યૂયોર્ક અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં સંભવિત બેઠકોનો ઉલ્લેખ સામેલ છે. 2019માં ફેડરલ સેક્સ ટ્રાફિકિંગના આરોપસર એપસ્ટીનની ફરીથી ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેની ટ્રાયલ શરૂ થાય એ પહેલાં જ કસ્ટડીમાં તેનું મૃત્યુ થયું હતું. આ પછી વિશ્વભરમાં વિવાદ ઊભો થયો અને તેના નેટવર્ક અંગે અનેક પ્રકારની તપાસ શરૂ કરવામાં આવી. ચેટ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને હોલિવૂડના સંદર્ભો પણ છે. એક વાતચીતમાં એપ્સટીને અંબાણીને તેમની ફેવરિટ મહિલા વિશે પૂછ્યું, જેમાં અંબાણીએ હોલિવૂડ અભિનેત્રી સ્કારલેટ જોન્સનનો ઉલ્લેખ કર્યો. રિલાયન્સ એન્ટરટેઈનમેન્ટ એ સમયે તેમની ફિલ્મ 'ઘોસ્ટ ઈન ધ શેલ'નું સહ-નિર્માણ કરી રહ્યું હતું. આ સમયગાળા દરમિયાન એપ્સટીને અંબાણી પરિવારને લગતાં પુસ્તકોનું કામ શરૂ કર્યું. બ્લૂમબર્ગના મતે, અનિલ અંબાણીના પ્રતિનિધિએ આ બાબતે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. અનિલ અંબાણી રિલાયન્સ ADA ગ્રુપના ચેરમેન છે. 2008માં તેમની સંપત્તિ આશરે 42 અબજ ડોલર હોવાનો અંદાજ હતો. એ સમયે તેઓ ફોર્બ્સની સૌથી ધનિક લોકોની યાદીમાં છઠ્ઠા ક્રમે હતા. અંબાણી ઉપરાંત ફિલ્મ-નિર્માતા મીરા નાયર, દિગ્દર્શક અનુરાગ કશ્યપ, અભિનેત્રી નંદિતા દાસ અને વેલનેસ ગુરુ દીપક ચોપરા સહિત અનેક અન્ય ભારતીય અને ભારતીય મૂળના સેલિબ્રિટીઓ એપસ્ટીનના સંપર્કમાં હતાં, જોકે ફાઈલમાં નામ હોવું એ ગુનાનો પુરાવો નથી. એ ફક્ત સામાજિક અથવા વ્યાવસાયિક સંબંધો સૂચવે છે. મીરા નાયર સંબંધિત ઈ-મેલ 21 ઓક્ટોબર, 2009ના રોજ અમેરિકન પબ્લિસિટી મેનેજર પેગી સીગલે એપસ્ટીનને મોકલ્યો હતો. એમાં સીગલે લખ્યું હતું કે તે ગિસ્લીન મેક્સવેલ (એપસ્ટીનની ગર્લફ્રેન્ડ અને દોષિત ગુનેગાર)ના મેનહટન ટાઉનહાઉસમાં પાર્ટી પછી હમણાં જ પાછી આવી હતી. મીરા નાયર ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મામદાનીની માતા છે. મેક્સવેલના ઘરે યોજાયેલી પાર્ટી મીરા નાયરની 2009ની ફિલ્મ 'અમેલિયા' સાથે જોડાયેલી હતી, જેમાં હિલેરી સ્વેન્કે એવિએટર એમેલિયા ઈયરહાર્ટ અને રિચાર્ડ ગેરે તેના પતિ જ્યોર્જ પુટનમ તરીકે અભિનય કર્યો હતો. જેફરી એપસ્ટીન ન્યૂયોર્કના કરોડપતિ ફાઈનાન્સર હતા. તેમની અગ્રણી રાજકારણીઓ અને સેલિબ્રિટીઓ સાથે મિત્રતા હતી. 2005માં તેમના પર એક સગીર છોકરીનું યૌનશોષણ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. 2008માં તેને સગીરાનું યૌનશોષણ કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેણે 13 મહિના જેલમાં વિતાવ્યા હતા. 2019માં જેફરીની સેક્સ ટ્રાફિકિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી, જોકે તેણે ટ્રાયલ શરૂ થાય એ પહેલાં જ જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. તેની પાર્ટનર, ગિસ્લીન મેક્સવેલને 2021માં તેને મદદ કરવા બદલ દોષિત ઠેરવવામાં આવી હતી. તે 20 વર્ષની સજા ભોગવી રહી છે. તેની શરુઆત 2005માં થઈ હતી, જ્યારે ફ્લોરિડામાં 14 વર્ષની છોકરીની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી. એમાં કહેવામાં આવ્યું છે કે એપસ્ટીનના વૈભવી ઘરમાં તેની પુત્રીને 'મસાજ' કરવાના બહાને બોલાવવામાં આવી હતી, પરંતુ ત્યાં પહોંચ્યા પછી સંબંધ બાંધવા તેના પર દબાણ કરવામાં આવ્યું હતું.

# ટ્રમ્પે ઓબામા-મિશેલને 'વાનર' તરીકે દર્શાવ્યા, સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરી ડિલિટ કર્યો

### બરાક ઓબામાના નજીકના અને પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બેન રોડ્સે તેને ટ્રમ્પના ઈતિહાસ પર કાળો ડાઘ ગણાવ્યો

**નવી દિલ્હી, તા.07**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પરથી પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને તેમનાં પત્ની મિશેલ ઓબામાનો વીડિયો ડિલિટ કરી દીધો છે. આ વીડિયોમાં ઓબામા અને તેમનાં પત્નીને જંગલમાં પ્રાઈમેટ્સ (વાનર) તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં. આ વીડિયો ગુરુવારે રાત્રે ટ્રમ્પના ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો હતો અને શુક્રવારે એને હટાવી દેવામાં આવ્યો. વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે આ પોસ્ટ એક સ્ટાફની ભૂલથી શેર થઈ હતી, જોકે થોડા કલાકો પહેલાં જ વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે પોસ્ટમાં કંઈપણ વાંધાજનક નથી. આ પોસ્ટનો ઘણો વિરોધ થઈ રહ્યો હતો. નાગરિક અધિકાર સંગઠનોથી લઈને ટ્રમ્પની પોતાની રિપબ્લિકન પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સુધીના લોકોએ એની સખત ટીકા કરી. વીડિયો અંગે ઓબામાના એક પ્રવક્તાએ કહ્યું હતું કે પૂર્વ રાષ્ટ્રપતિ તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવશે નહીં. આ વીડિયો ટ્રમ્પની ઘણી પોસ્ટ્સમાંથી એક હતો, જેમાં તેમણે 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ગેરરીતિનો દાવો કર્યો હતો. લગભગ એક મિનિટના વીડિયોમાં તેમણે કહ્યું કે 2020ની ચૂંટણીમાં બેલેટ ગણનારી કંપની ડોમિનિયન વોટિંગ સિસ્ટમ્સે ટ્રમ્પ વિરુદ્ધ ગેરરીતિ કરી હતી. વીડિયોના અંતમાં થોડી સેકન્ડ માટે ઓબામા દંપતીના ચહેરા વાંદરાઓના શરીર પર બતાવવામાં આવે છે. એ જ સમયે બેકગ્રાઉન્ડમાં 'ધ લાયન સ્લીપ્સ ટુનાઈટ' ગીત વાગે છે. આ દૃશ્ય એક અલગ ઈન્ટરનેટ મીમ વીડિયોમાંથી લેવામાં આવ્યું હતું, જેને અગાઉ પણ એક પ્રભાવશાળી કન્ઝર્વેટિવ મીમ મેકરે ફેલાવ્યો હતો. એ વીડિયોમાં ટ્રમ્પને 'જંગલના રાજા' અને ડેમોક્રેટ નેતાઓને પ્રાણીઓના રૂપમાં બતાવવામાં આવ્યા હતા.



બરાક ઓબામાના નજીકના અને પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બેન રોડ્સે તેને ટ્રમ્પના ઈતિહાસ પર કાળો ડાઘ ગણાવ્યો. તેમણે કહ્યું હતું કે આવનારા સમયમાં અમેરિકી લોકો ઓબામા દંપતીને સન્માનિત વ્યક્તિઓ તરીકે યાદ કરશે, જ્યારે ટ્રમ્પને ઈતિહાસના એક કાળા અધ્યાય તરીકે ભણવામાં આવશે. આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે અમેરિકામાં બ્લેક હિસ્ટ્રી મંથ ચાલી રહ્યો છે. થોડા દિવસ પહેલાં જ ટ્રમ્પે એક સત્તાવાર ઘોષણામાં અશ્વેત અમેરિકનોના યોગદાન અને આઝાદી, ન્યાય અને સમાનતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની વાત કહી હતી. આ પહેલીવાર નથી, જ્યારે ટ્રમ્પે આ પ્રકારનો વીડિયો પોસ્ટ કર્યો હોય. ગયા વર્ષે તેમણે એક AI વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં બરાક ઓબામાને ઓવલ ઓફિસમાં ધરપકડ થતાં અને જેલમાં બતાવવામાં આવ્યા હતા. પછીથી તેમણે એક વધુ AI વીડિયો પોસ્ટ કર્યો, જેમાં અશ્વેત નેતા હકીમ જેફ્રીઝને નકલી મૂછ અને સોમ્બ્રેરો પહેરેલા બતાવવામાં આવ્યા હતા. બરાક ઓબામા અમેરિકાના ઈતિહાસના એકમાત્ર અશ્વેત રાષ્ટ્રપતિ છે. તેમણે 2024ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ટ્રમ્પનાં વિરોધી કમલા હેરિસને સમર્થન આપ્યું હતું. અમેરિકાની 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણી પછી ડોનાલ્ડ ટ્રમ્પે પરિણામો સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને સતત આરોપ લગાવ્યા હતા કે ચૂંટણીમાં મોટે પાયે ગેરરીતિ થઈ છે. ટ્રમ્પનું કહેવું હતું કે તેઓ ચૂંટણી જીતી ચૂક્યા હતા, પરંતુ તેમની પાસેથી જીત છીનવી લેવામાં આવી હતી. નવેમ્બર 2020માં જ્યારે ચૂંટણીનાં પરિણામો આવ્યાં ત્યારે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડનને વિજેતા જાહેર કરવામાં આવ્યા. આ પછી ટ્રમ્પ અને તેમની ટીમે દાવો કર્યો કે ઘણાં રાજ્યોમાં વોટિંગ અને વોટોની ગણતરીમાં ગડબડ થઈ છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો કે મેલ-ઈન બેલેટ્સ એટલે કે પોસ્ટ દ્વારા નાખવામાં આવેલા વોટોમાં ગેરરીતિ થઈ. તેમણે એમ પણ કહ્યું હતું કે વોટિંગ મશીન બનાવતી કંપની ડોમિનિયન વોટિંગ સિસ્ટમ્સે વોટોની ગણતરીમાં હેરાફેરી કરી, જોકે આ આરોપોના સમર્થનમાં ટ્રમ્પ કે તેમની ટીમ કોઈ નક્કર પુરાવા રજૂ કરી શકી નહીં.

# PM મોદી 8 વર્ષ પછી મલેશિયાના પ્રવાસે જશે:10 વર્ષથી ફરાર ઝાકિર નાઈકનો મુદ્દો ઉઠાવશે, આવતીકાલે CEO ફોરમમાં ભાગ લેશે



**રિયાદ, તા.07**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 7 ફેબ્રુઆરીના રોજ બે દિવસના મલેશિયા પ્રવાસે જશે. આ પ્રવાસ મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર ઈબ્રાહિમના આમંત્રણ પર થઈ રહ્યો છે. વિદેશ મંત્રાલયના સચિવ પી. કુમરને જણાવ્યું કે આ પ્રવાસ ભારતના આસિયાન દેશો સાથેના સંબંધોને વધુ મજબૂત કરવા અને મલેશિયા સાથે સહયોગ વધારવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે એ પણ જણાવ્યું કે આ યાત્રામાં 10 વર્ષથી મલેશિયામાં રહી રહેલા ભાગેડુ ઝાકિર નાઈકના મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. ભારત આ પહેલા પણ અલગ-અલગ પ્રસંગોએ આ મામલો ઉઠાવી ચૂક્યું છે. વડાપ્રધાન મોદીની આ યાત્રા દરમિયાન 8 ફેબ્રુઆરીના રોજ ભારત-મલેશિયા સીઈઓ ફોરમની 10મી બેઠક પણ કુઆલાલંપુરમાં યોજાશે. આ ઉપરાંત વડાપ્રધાન મલેશિયાના મોટા ઉદ્યોગપતિઓ અને વેપારી નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી અને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ દ્વિપક્ષીય વાતચીત કરશે. આ દરમિયાન બંને દેશો જોશે કે ભારત અને મલેશિયા વચ્ચે બનેલી 'કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'માં અત્યાર સુધી કેટલો વિકાસ થયો છે અને આગળ શું કરી શકાય છે. વિદેશ મંત્રાલય અનુસાર, વાતચીતમાં વેપાર અને રોકાણ, સંરક્ષણ અને સુરક્ષા, સેમિકન્ડક્ટર, ડિજિટલ ટેકનોલોજી, નવીનીકરણીય ઊર્જા, શિક્ષણ, આરોગ્ય, પર્યટન અને લોકોના પરસ્પર સંપર્ક જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે. પી. કુમરને જણાવ્યું કે બંને દેશો રેલવે જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, નવીનીકરણીય ઊર્જા અને સહયોગના અન્ય ક્ષેત્રો પર પણ કામ કરવાનું વિચારી રહ્યા છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની સંખ્યા વધારવા અને મલેશિયામાં થિરુવલ્લુવર સેન્ટર ફોર ઈન્ડિયન સ્ટડીઝ ખોલવા પર વિચારણા ચાલી રહી છે.

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી મલેશિયામાં રહેતા ભારતીય સમુદાયને પણ મળશે અને તેમને સંબોધન કરશે. મલેશિયામાં લગભગ 29 લાખ ભારતીય મૂળના લોકો રહે છે, જે વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ભારતીય પ્રવાસી સમુદાય છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને મલેશિયાના સંબંધો ખૂબ જૂના છે અને ઇતિહાસ, સંસ્કૃતિ અને સભ્યતા સાથે જોડાયેલા છે. મલેશિયામાં રહેતા ભારતીયોનો ઈતિહાસ પણ ઘણો જૂનો છે અને તેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભૂમિકા ભજવી હતી. વિદેશ મંત્રાલયે એ પણ કહ્યું કે ભારત અને મલેશિયા પરસ્પર વેપારને સંતુલિત કરવા અને લાંબા સમય સુધી આગળ વધારવા પર કામ કરી રહ્યા છે. આ માટે ભારત-મલેશિયા 'કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક કોર્પોરેશન એગ્રીમેન્ટ'ની સમીક્ષા કરવામાં આવી રહી છે. મલેશિયા ASEANનો એક મહત્વપૂર્ણ સભ્ય દેશ છે અને આવા સમયે પીએમ મોદીની આ યાત્રા ભારત-ASEAN સંબંધોને નવી તાકાત આપી શકે છે. ભારતની 'એક્ટ ઈસ્ટ પોલિસી'માં ASEAN હંમેશા કેન્દ્રીય ભૂમિકામાં રહ્યું છે અને મલેશિયા આ ગ્રુપમાં ભારતનો એક ભરોસાપાત્ર ભાગીદાર છે. ખાસ વાત એ છે કે ભારત આ સમયે ASEAN સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (AITIGA)ને અપડેટ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. વર્તમાન કરાર અંગે ભારતને લાંબા સમયથી ફરિયાદ રહી છે કે તેનાથી વેપાર ખાધ વધી છે અને ભારતીય કંપનીઓને સમાન લાભ મળી રહ્યો નથી. ભારતની આસિયાન સાથેની વેપાર ખાધ 2022-23માં લગભગ 43 અબજ ડોલર સુધી પહોંચી ગઈ. આવી સ્થિતિમાં પીએમ મોદીની આ મુલાકાત AITIGA ને વધુ બેલેન્સ અને આધુનિક બનાવવા માટે આસિયાન દેશોનો ટેકો મેળવવામાં મદદ કરી શકે છે.

# પાકિસ્તાન ચીન સામે અમેરિકાનું 'ગદ્દર':અમેરિકાએ PoK અને અક્સાઈ ચીનને ભારતના નકશામાં બતાવી દીધા

**ઈસ્લામાબાદ, તા.07**

ભારત અને અમેરિકાએ શુક્રવારે એક વચગાળાની ટ્રેડ ડિલનું ફ્રેમવર્ક જાહેર કર્યું. આ જાહેરાત સાથે અમેરિકી ટ્રેડ ઓફિસ (USTR) એ ઈન્ડિયન મેપ શેર કર્યો. આ મેપમાં આખો જમ્મુ-કાશ્મીર પ્રદેશ, જેમાં પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (PoK) અને અક્સાઈ ચીન (ચીનના કબજા હેઠળનો વિસ્તાર) બતાવાયો છે, તેમને ભારતનો ભાગ દર્શાવવામાં આવ્યો છે. આ નકશો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. અમેરિકા પહેલાના નકશાઓમાં PoK ને અલગથી દર્શાવતું હતું. આંતરરાષ્ટ્રીય મંચો અને પશ્ચિમી દેશોના સરકારી નકશાઓમાં પણ વિવાદિત ભાગોને અલગ રંગ અથવા 'ડોટેડ લાઈન્સ' થી દર્શાવવામાં આવે છે. આ વખતે ટ્રમ્પ સરકારે જાણી જોઈને કે અજાણતામાં એક એવો નકશો શેર કર્યો જે ભારતની સીમાઓને સંપૂર્ણપણે માન્યતા આપે છે. ભારત હંમેશાથી જમ્મુ-કાશ્મીરને પોતાનો અભિન્ન અંગ માનતું આવ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે PoK વિવાદ જમ્મુ-કાશ્મીર સાથે સંકળાયેલો સૌથી જૂનો વિવાદ છે. આ 1947 થી ચાલી રહ્યો છે અને બંને દેશો વચ્ચે યુદ્ધ, તણાવ અને રાજદ્વારી લડાઈનું કારણ બન્યો છે.




વિવાદની શરૂઆત

1947: ભારત-પાકિસ્તાન વિભાજનભારતના વિભાજન સમયે જમ્મુ-કાશ્મીર એક રજવાડું (પ્રિન્સલી સ્ટેટ) હતું, જેના મહારાજા હરિ સિંહ હિન્દુ હતા, પરંતુ વસ્તીમાં મુસ્લિમ બહુમતી હતી. વિભાજનના નિયમ મુજબ, રજવાડાં ભારત કે પાકિસ્તાનમાં જોડાઈ શકતા હતા અથવા સ્વતંત્ર રહી શકતા હતા.

1947-48: પહેલું ભારત-પાકિસ્તાન યુદ્ધપાકિસ્તાનથી આવેલા મિલિશિયાએ કાશ્મીર પર હુમલો કર્યો. મહારાજા હરિ સિંહે મદદ માટે ભારતનો સંપર્ક કર્યો અને 26 ઓક્ટોબર 1947ના રોજ ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ એક્સેશન (વિલય પત્ર) પર હસ્તાક્ષર કર્યા, જેનાથી જમ્મુ-કાશ્મીર ભારતનો ભાગ બની ગયું. ભારતે સૈન્ય મદદ મોકલી. યુદ્ધ દરમિયાન પાકિસ્તાને પ્રદેશના પશ્ચિમી અને ઉત્તરીય ભાગ પર કબજો કરી લીધો, જેને હવે PoK કહેવાય છે. 1949માં UNની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો અને સીઝફાયર લાઈન (પછીથી લાઈન ઓફ કંટ્રોલ - LoC) બનાવવામાં આવી, જે બંને દેશોના નિયંત્રણને અલગ પાડે છે.

ભારતનો દાવોભારત કહે છે કે આખું જમ્મુ-કાશ્મીર (PoK સહિત) તેનો અભિન્ન અંગ છે, કારણ કે મહારાજાએ ભારતમાં વિલય કર્યો હતો. 2019માં અનુચ્છેદ 370 હટાવ્યા પછી જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યા. ભારત PoKને ગેરકાયદેસર કબજો માને છે અને તેને પાછો લેવાની વાત કરે છે. પાકિસ્તાનનો દાવોપાકિસ્તાન કહે છે કે કાશ્મીર મુસ્લિમ બહુલ ક્ષેત્ર છે, તેથી તે પાકિસ્તાનનો ભાગ હોવો જોઈએ. પાકિસ્તાન PoKને આઝાદ કાશ્મીર કહે છે અને ત્યાં પોતાની રીતે સરકાર ચલાવે છે. પાકિસ્તાન UNના જૂના પ્રસ્તાવોનો હવાલો આપે છે, જેમાં કાશ્મીરીઓને જનમત સંગ્રહનો અધિકાર આપવાની વાત હતી.

અમેરિકાએ આ મેપ શેર કરીને પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે 5 ફેબ્રુઆરીએ નિવેદન જારી કરીને કહ્યું હતું કે કાશ્મીર પાકિસ્તાનનો ભાગ બનશે.

શાહબાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાન કાશ્મીરીઓ સાથે મજબૂતીથી ઊભું છે અને જમ્મુ-કાશ્મીર વિવાદનો ઉકેલ કાશ્મીરના લોકોની ઈચ્છા મુજબ થવો જોઈએ. શાહબાઝે કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિવાદનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના પ્રસ્તાવોને લાગુ કરવાથી જ થઈ શકે છે. તેમણે કહ્યું, 'હું પાકિસ્તાની લોકો અને પાકિસ્તાનની નેતૃત્વ વતી કાશ્મીરના મારા ભાઈઓ સાથે એકતા દર્શાવવા આવ્યો છું.' તેમણે કહ્યું કે પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી જિન્હાએ આ ક્ષેત્રને પાકિસ્તાનની લાઈફ લાઈન ગણાવ્યું હતું.

શાહબાઝ બોલ્યા- કાશ્મીરનો મુદ્દો અમારી ફોરેન પોલિસીનો પાયો છે

શાહબાઝ શરીફે કહ્યું કે કાશ્મીરનો મુદ્દો પાકિસ્તાનની ફોરેન પોલિસીનો આધાર છે. શાહબાઝે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે 2025માં થયેલા ચાર દિવસીય સૈન્ય સંઘર્ષને પણ યાદ કર્યો. તેમણે દાવો કર્યો કે આ સંઘર્ષ પછી કાશ્મીર મુદ્દો ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે પૂરી તાકાત સાથે ઉઠાવવામાં આવ્યો છે.

તેમણે આરોપ લગાવ્યો કે ભારત હવે પ્રોક્સિ દ્વારા આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. પાકિસ્તાન દાવો કરે છે કે મિલિટન્ટ ગ્રુપ બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA) ને ભારતનો ટેકો મળે છે, જ્યારે ભારત આવા આરોપોને હંમેશા નકારતું રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે ભારત હવે પ્રોક્સિ દ્વારા આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. પાકિસ્તાન દાવો કરે છે કે મિલિટન્ટ ગ્રુપ બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA) ને ભારતનો ટેકો મળે છે, જ્યારે ભારત આવા આરોપોને હંમેશા નકારતું રહ્યું છે.

# ચીન જોતું રહી ગયું અને ભારત બાજી મારી ગયું!:ભારત પર US એક્સ્ટ્રા ટેરિફ આજથી ખતમ, રશિયા પાસેથી ઓઈલ ખરીદી સામે નખાયેલો 25% ટેરિફ પણ હટાવાયો

**નવી દિલ્હી, તા.07**

વૈશ્વિક અર્થતંત્રના માળખે ભારતે એક એવી 'માસ્ટરસ્ટ્રોક' ગેમ રમી છે કે ડ્રેગન (ચીન) જોતું જ રહી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની સીધી વાતચીત બાદ ભારત અને અમેરિકા વચ્ચે $30 ટ્રિલિયન (આશરે 2500 લાખ કરોડ) ના માર્કેટનું દ્વાર ખોલતો ઐતિહાસિક ટ્રેડ કરાર ફાઈનલ થઈ ગયો છે. આ સમજૂતી હેઠળ અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફ (આયાત ડ્યૂટી) ને 50%થી ઘટાડીને સીધો 18% કરી નાખ્યો છે, જે ચીન સામે ભારતને બજારમાં બમણી મજબૂતી આપશે. આ ડીલ માત્ર આંકડાઓની માયાજાળ નથી, પરંતુ ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં સૌથી મોટું પગલું છે. જ્યારે ચીન પર અમેરિકા દ્વારા આકરા પ્રતિબંધો મુકાઈ રહ્યા છે, ત્યારે ભારતે કુનેહપૂર્વક રશિયા પાસેથી તેલ ખરીદવાની શરતોમાં ફેરફાર કરીને અમેરિકા સાથે $500 અબજના વેપારનું નવું ફ્રેમવર્ક તૈયાર કરી લીધું છે. આ સમજૂતીથી ભારતના ખેડૂતો, એમએસએમઈ (MSMEs) અને ટેક્સટાઈલ જેવાં ક્ષેત્રો માટે અમેરિકાના સમૃદ્ધ બજારમાં એન્ટ્રી લેવી હવે સાવ સરળ બનશે. શુક્રવારે બંને દેશો વચ્ચે વચગાળાના વેપાર કરાર (ITA)નું એક માળખું બહાર પાડ્યું. આ અંતર્ગત ભારતીય સામાન પર અમેરિકાનો ટેક્સ 50% ઘટાડીને 18% કરવામાં આવ્યો છે. રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત પર લાદવામાં આવેલો 25% વધારાનો ટેક્સ પણ હટાવી લેવામાં આવ્યો છે. બંને દેશોએ જણાવ્યું કે આ માળખું જલદી લાગુ કરવામાં આવશે અને વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) ની દિશામાં વાતચીત આગળ વધશે. ભારત-અમેરિકાના સંયુક્ત નિવેદન મુજબ, આ માળખું 13 ફેબ્રુઆરી 2025ના રોજ શરૂ થયેલી ભારત-અમેરિકા BTA વાટાઘાટોને આગળ વધારશે. આ કરારમાં આગળ જતાં બજાર પહોંચ, સપ્લાય ચેઈનને મજબૂત કરવા અને વેપાર અવરોધો ઘટાડવા જેવી જોગવાઈઓ સામેલ




હશે. આ અંતર્ગત ભારત અમેરિકન ઔદ્યોગિક વસ્તુઓ પરના તમામ ટેરિફ સમાપ્ત કરશે અથવા ઘટાડશે. વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે આ કરાર ભારતીય નિકાસકારો માટે 30 ટ્રિલિયન ડોલરના બજારને ખોલશે. તેમના મતે, MSME, ખેડૂતો અને માછીમારો સૌથી મોટા લાભાર્થી હશે અને એનાથી મહિલાઓ અને યુવાનો માટે લાખો નવી નોકરીઓ ઊભી થવાની અપેક્ષા છે. આ ઉપરાંત ભારતે આગામી પાંચ વર્ષમાં અમેરિકા પાસેથી 500 અબજ ડોલરનાં ઉત્પાદનો ખરીદવા સંમતિ દર્શાવી છે. વડાપ્રધાન મોદીએ આગામી ભારત-અમેરિકા વેપાર કરાર પર એક X-પોસ્ટમાં કહ્યું, 'અમે અમારાં બે મહાન રાષ્ટ્રો વચ્ચે વચગાળાના વેપાર કરાર માટેના માળખા પર સંમત થયા છીએ. 'આપણા દેશો વચ્ચેના મજબૂત સંબંધો પ્રત્યેની વ્યક્તિગત પ્રતિબદ્ધતા બદલ હું રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માનું છું. આ ટ્રેડ ડીલ આપણી ભાગીદારીની વધતી મજબૂતાઈ, વિશ્વાસ અને ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે.' "એ ભારતના મહેનતુ ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, નાના અને મધ્યમ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ ઈનોવેટર્સ, માછીમારો અને અન્ય લોકો માટે નવી તકો ખોલીને 'મેક ઈન ઈન્ડિયા'ને મજબૂત બનાવે છે. આનાથી મહિલાઓ અને યુવાનો માટે મોટે પાયે રોજગારની તકો પણ ઊભી થશે." પ્રધાનમંત્રી મોદીએ વધુમાં કહ્યું હતું કે 'ભારત અને અમેરિકા નવીનતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે અને આ માળખું આપણી વચ્ચે રોકાણ અને ટેકનોલોજી ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.' આ માળખું લવચીક અને વિશ્વસનીય પુરવઠા શૃંખલાઓને પણ મજબૂત બનાવશે અને વૈશ્વિક વિકાસમાં ફાળો આપશે. જેમ જેમ આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવા તરફ આગળ વધી રહ્યા છીએ એમ એમ આપણે ભવિષ્યલક્ષી, આપણા લોકોને સશક્ત બનાવતી અને સહિયારી સમૃદ્ધિમાં યોગદાન આપતી વૈશ્વિક ભાગીદારી બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે બંને દેશોએ નિર્ણય કર્યો છે કે તેઓ તેના કેટલાક નિયમો નક્કી કરશે, જેથી આ કરારનો લાભ મુખ્યત્વે અમેરિકા અને ભારતને જ મળે, ન કે કોઈ ત્રીજા દેશને. બંને દેશો દ્વિપક્ષીય વેપારમાં આવતા નોન-ટેરિફ અવરોધોને દૂર કરવા પર કામ કરશે. ભારતે અમેરિકી મેડિકલ ડિવાઈસિસના વેપારમાં લાંબા સમયથી ચાલી આવતી અડચણોને દૂર કરવાનું વચન આપ્યું છે, સાથે જ અમેરિકી સૂચના અને સંચાર પ્રૌદ્યોગિકી (ICT) ઉત્પાદનો માટે આયાત લાઈસન્સની પ્રક્રિયાઓને સરળ બનાવશે.

# રશિયા બોલ્યું- ભારત બીજા દેશ પાસેથી તેલ ખરીદવા માટે સ્વતંત્ર:આમાં કંઈ ખોટું કે નવું નથી

**રશિયા, તા.07**

રશિયાએ બુધવારે જણાવ્યું હતું કે ભારત કોઈપણ દેશ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે. રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે રશિયા ક્યારેય ભારતનો એકમાત્ર ઊર્જા ભાગીદાર રહ્યું નથી અને પુરવઠામાં ફેરફારને અસામાન્ય કે ખોટો ગણી શકાય નહીં. પેસ્કોવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મોસ્કોને ભારત તરફથી રશિયન તેલની ખરીદી સમાપ્ત કરવા અંગે કોઈ સત્તાવાર સંદેશ મળ્યો નથી. તેમણે એક દિવસ પહેલા પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે નવી દિલ્હી તરફથી આવા કોઈ સંકેત મળ્યા નથી. પેસ્કોવનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે ભારતે અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ હેઠળ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા પર સહમતિ દર્શાવી છે. ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી હતી કે અમેરિકા અને ભારત વચ્ચે એક વેપાર કરાર થયો છે. આ હેઠળ



અમેરિકાએ ભારતીય સામાન પર લાગતો ટેરિફ 50%થી ઘટાડીને 18% કરવા પર સહમતિ આપી છે. તેના બદલામાં ટ્રમ્પનો દાવો છે કે ભારત, રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે અને વેપાર સંબંધિત અવરોધો પણ ઘટાડશે. ભારતે તેમની આ જાહેરાતને ન તો સ્વીકારી છે કે ન તો નકારી છે. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ રશિયા અને ભારત વચ્ચે હાઈડ્રોકાર્બન વેપાર ચાલુ રાખવાની વાત કહી. તેમણે કહ્યું ભારત દ્વારા રશિયન હાઈડ્રોકાર્બનની ખરીદી બંને પક્ષો માટે ફાયદાકારક છે. આ વૈશ્વિક ઉર્જા બજારમાં સ્થિરતા જાળવી રાખવામાં મદદ કરે છે. અમે અમારા ભારતીય ભાગીદારો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખવા તૈયાર છીએ. આ દરમિયાન, રશિયાના ઉર્જા વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઈનરીઓ માટે રશિયન ક્રૂડને સંપૂર્ણપણે બદલવું વ્યવહારુ નથી. નેશનલ એનર્જી સિક્યુરિટી ફંડના નિષ્ણાત ઈગોર યુશકોવે જણાવ્યું હતું કે અમેરિકન તેલ મોટે ભાગે હળવા ગ્રેડનું હોય છે, જ્યારે રશિયા ભારતને ભારે અને સલ્ફરયુક્ત યુરલ્સ ક્રૂડ સપ્લાય કરે છે જેનો ઉપયોગ ભારતીય રિફાઈનરીઓ કરે છે.

તંત્રી લેખ

# લોથલની જમીનમાંથી સોનાના કણ મળ્યા : 65 વર્ષ બાદ ડ્રોન સર્વે

અમદાવાદથી અંદાજે 80 કિલોમીટર દૂર જ્યાં વિશ્વનું સૌથી જૂનું ડોકયાર્ડ આવેલું છે એવા સિંધુ ખીણની સભ્યતાના ગૌરવ સમાન ગણાતો લોથલનો ઈતિહાસ વધુ એકવાર કરવટ બદલવા જઈ રહ્યો છે. 65 વર્ષ બાદ અહીં ફરીથી ખોદકામ શરૂ કરાયું છે, જેમાં સોનાના કણ મળ્યા છે. એક તરફ લોથલમાં ભવ્ય નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સના નિર્માણની કામગીરી ચાલી રહી છે. બીજી તરફ જૂની સાઈટ પર આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાના વડોદરા સર્કલના આર્કિયોલોજિસ્ટ્સ ઈતિહાસ સાથે જોડાયેલી બાકીની કડીઓને શોધવાનું કામ કરી રહ્યા છે. આખરે 65 વર્ષ બાદ કેમ ફરી ખોદકામ શરૂ કરવામાં આવ્યું? એવા કયા સંકેત મળ્યા, જેના કારણે અહીં ફરી શોધખોળની કામગીરી થઈ? એ સમય અને આજના સમયની કામગીરીમાં કેવા પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે? અત્યારસુધીના ખોદકામમાં કેવી-કેવી વસ્તુઓ મળી છે? આ ખોદકામ ક્યાં સુધી કરવામાં આવશે? આવા અનેક સવાલો અંગે દિવ્ય ભાસ્કરે આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા, વડોદરા સર્કલના સુપરિટેન્ડિંગ આર્કિયોલોજિસ્ટ ડૉ. શુભ મજુમદાર અને સાઈટ સુપર વાઈઝર સંતોષ કર્ણ સાથે એક્સક્લૂસિવ વાતચીત કરી હતી. 1947માં ભારત દેશ જ્યારે આઝાદ થયો એ પછી હડપ્પન સાઈટ પાકિસ્તાનમાં જતી રહી હતી, પણ એમાંનો કેટલોક ભાગ ભારતમાં હતો. આ સંભાવનાને જોતાં કેન્દ્ર સરકારે ભારતમાં આવી સાઈટ્સને શોધવાના આદેશ કર્યા હતા, જેથી આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાએ આવી સાઈટ્સ શોધવા માટેનું કામ શરૂ કર્યું હતું. હાલમાં આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાનાં ઘણાં સર્કલ છે. એ સમયે લોથલ વડોદરા સર્કલ નહીં, પરંતુ વેસ્ટન સર્કલમાં આવતું હતું, જેમાં ડૉ.એસ.આર.રાવ પોસ્ટેડ હતા. તેમને 1954-55માં લોથલ ગામના લોકો પાસેથી કેટલીક માહિતી મળી હતી, જેના આધારે તેમણે 1955માં લોથલમાં ખોદકામ શરૂ કર્યું હતું. અત્યારે જે ટીમ અહીં ખોદકામ કરી રહી છે તેણે ડૉ. રાવના રિપોર્ટનો અભ્યાસ કરીને તેના આધારે સાઈટનું મેપિંગ કર્યું હતું. ડૉ. રાવની ટીમે કયા-કયા એરિયામાં ખોદકામ કર્યું હતું અને કયા એરિયા છોડી દીધા હતા એ વિસ્તારને માર્ક કર્યા હતા અને સાઈટનો કોન્ટૂર પ્લાન બનાવ્યો હતો. જેના પછી માર્ચ, 2025માં ફરીવાર ખોદકામ શરૂ કર્યું હતું. જાન્યુઆરી, 2025માં તેમને આ ખોદકામ કરવાનો આદેશ મળ્યો હતો. જ્યાંથી કંઈક પુરાવા મળે એવી આશા હતી એ ખાલી પ્લોટને માર્ક કરવાની કામગીરી શરૂ કરી હતી અને આખી સાઈટનો મેપ તૈયાર કરીને એને A,B અને C એમ 3 ભાગમાં ડિવાઈડ કર્યો હતો. ખોદકામ દરમિયાન ટીમને અહીંથી નાનામાં નાની વસ્તુઓ મળી છે. સોનાના કણ, હાડકાંના નાના કટકા, એ સમયનું રો-મટીરિયલ, ડ્રિલ બીટ, માર્ક બ્રિકસનું સ્ટ્રક્ચર (ઈંટનું માળખું), ત્રણ સીલ (પથ્થર, ધાતુ, હાડકાં કે પકવેલી માટીમાંથી બનાવેલી એક એવી નાની વસ્તુ, જેના પર વિશિષ્ટ પ્રકારનાં ચિત્રો કે લખાણ કોતરેલું હોય) મળ્યાં છે, જેમાં એકમાં યુનિકોન જ્યારે બાકીના બે ટેરાકોટાના (પકવેલી માટીની મૂર્તિ) છે. વડોદરા સર્કલના સુપરિન્ટેન્ડિંગ આર્કિયોલોજિસ્ટ ડૉ. શુભ મજુમદારે દિવ્ય ભાસ્કરને કહ્યું હતું કે અહીંથી અમને હાડકાં, માછલીના અવશેષો, ઓટોલિક મળે છે. હાલમાં અમે આર્કિયોલોજી, ઝૂઓલોજી, બોટનિકલ સ્ટડીનો ઉપયોગ કરી રહ્યા છીએ, જેથી ખબર પડશે કે એ સમયે કેવું ફ્રેશ વોટર અહીં હતું. આ ફિશ કેવા પ્રકારની હતી, ત્યારના લોકો માછલી પર કેવી રીતે કટ મારતા હતા. 'ડૉ. એસ.આર.રાવે 1955થી 1962ના વર્ષ દરમિયાન અહીં ખોદકામ કર્યું હતું. આટલાં લાંબાં વર્ષો સુધી ચાલેલા એ ખોદકામ દરમિયાન હડપ્પા સમયની ઘણી બધી વસ્તુઓ મળી હતી, જેમાં સૌથી વધારે સિલ સિલિંગ લોથલમાંથી મળ્યા હતા.

# હનુમાનજી લંકિની ને માથે મુષ્ઠિકા પ્રહાર કરીને કયો અને કેવો સત્સંગ કરાવે છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ સુંદરકાંડનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, સુંદરકાંડની બે મુખ્ય ઘટનામાં એક સિંહિકા વાળી ઘટના, કે જેમાં હનુમાનજી અતિ વિરાટ રૂપ લઈ જળ ઉપરથી ઉડાન ભરી રહ્યા છે, ત્યારે છાયા પકડાઈ ગઈ, અને હનુમાનજીને પાડવાની કોશિશ કરી. લંકામાં પ્રવેશ કરવા માટે હનુમાનજીએ અતિ લઘુરૂપ ધારણ કર્યું, અને છતાં પકડી પાડ્યાં! આનો અર્થ શું કરીશું! આપણે જ્યારે મોટા થઈએ છીએ, ત્યારે દુનિયા આપણને પાડવાની કોશિશ કરે છે, અને નાના થઈ જઈએ, તો દુનિયા ખાઈ જવાની કોશિશ કરે, માટે વચ્ચેનો રસ્તો કાઢો.

ફરી પાછા સુંદરકાંડનો દોર પકડતાં કહ્યું કે હનુમાનજીએ લંકામાં પ્રવેશ કરવાં અતિ લઘુરૂપ ધારણ કર્યું, છતાં એને રોકી લીધાં કે મારો અનાદર કરીને તું ક્યાં જાય છે! ખબરદાર તું ગમે એટલો નાનો થઈશ, તો પણ હું તને ખાઈ જઈશ, હું ચોરને જ ખાવું છું! હનુમાનજીએ બીજું કંઈ ન કર્યું, પણ જેવા હનુમાનજીને રોક્યાં ત્યાં જ, 'મુઠિકા એક મહા કપિ હની'. આ પણ સત્સંગની એક પ્રક્રિયા સમજો, મસ્તક પર મુકો મારવો. પીઠ પર મૂકો મારવાથી કોઈ પરિણામ મળતું નથી, એટલે આ કોઈ સ્થૂળ રુપે મારવાની વાત નથી. જરાં લંકાકાંડ તરફ નજર કરીએ હનુમાનજીએ રાવણની પીઠ પર મુકો માર્યો હતો.

રાવણની પીઠ પર મુકો માર્યો, રાવણ પડી ગયો અને પછી ઉઠ્યો! અને હનુમાનજીના બળની સરાહના કરવા લાગ્યો! બીજું કોઈ હોત તો રાજી થાત, પણ હનુમાનજી રાજી ન થયા, મારા મનને ધિક્કાર છે! મેં તો એટલાં માટે મુકો માર્યો હતો, કે તું બદલી જાય, પરંતુ તું તો હતો એવો ને એવો ઉભો થયો! મૂઢ હોય એનામાં કોઈ પરિવર્તન આવે નહીં. જ્યારે લંકિનીને મસ્તક પર મુકો માર્યો, મસ્તકમાં બુદ્ધિ રહે છે, જે જૂની પરંપરાથી જડ બનતી જાય છે, એટલે હનુમાનજીનો સત્સંગ એ જૂની પરંપરાને તોડી નાખે છે! પરંપરા જડ ન હોવી જોઈએ, પ્રવાહી હોવી જોઈએ. લંકિની વિચારે છે કે હું રાવણનું અન્ન ખાઈ રહી છું, તો લંકામાં જે ચોર પ્રવેશ કરે, એ ચોરને પકડવા એ મારું કર્તવ્ય છે, એ ખોટી ધારણા છે. હનુમાનજી કહે છે કે, જો તારો ખોરાક જ ચોર છે, તો સૌથી મોટો ચોર લંકામાં છે. ખાવાની શરૂઆત ત્યાંથી કર, જે મારી મા જાનકીને ચોરી લાવ્યો છે. તો તું સેવા કરે છે, મોટા ચોરની તુ સેવિકા છે. પરંતુ તારી ધારણા છે કે, તે એનું અન્ન ખાધું છે, એની તુ સેવિકા છે, એણે સારી પોસ્ટ પર નિયુક્ત કરી છે, એટલે તારું કર્તવ્ય છે, કે ડ્યુટી નિભાવવી જોઈએ! આપણો ધર્મ પણ એ જ કહે છે, પૂર્વજોએ એવું કહ્યું, પરંતુ એમાં સુધારો થવો જોઈએ, વિવેક પૂર્વક ખોટી વસ્તુને હટાવવી જોઈએ. હનુમાનજીએ પણ લંકાના ફળ ખાઈને લંકાના રાક્ષસોને જ માર્યા હતા. અમુક સૂત્રો વિવેક દ્રષ્ટિથી સુધારવા જોઈએ.

હનુમાનજી અને લંકિની વાળી આ ઘટનામાંથી ત્રણ બોધ પ્રાપ્ત થાય છે. હનુમાનજી એ લંકિનીનાં મસ્તક પર પ્રહાર કર્યો, અને એની ખોટી પરંપરાઓ તૂટી ગઈ, બુદ્ધિ બદલાઈ ગઈ, એનાં મુખમાંથી રક્ત નીકળ્યું! એટલે કે લંકિની માં વિરક્તિ પ્રગટી. સત્સંગના પ્રભાવ નો પ્રતાપ છે કે, કથા સાંભળતાં આપણા રાગ ઓછા થાય ઈર્ષા ઓછી થાય, ભગવાનની કથા સાંભળતાં ભગવત સત્સંગ કરતાં કરતાં આસક્તિ અને રાગાત્મક ભાવ થોડો ઓછો થાય, એની કોશિશ કરવી પડે, પરંતુ અમૃત પીધા પછી, બીજા લાગવા માંડે, એમ લંકિનીનાં મુખમાંથી રક્ત નીકળી ગયું, અને વિરક્તિ તરફ પ્રયાણ થયું. હનુમાનજીએ મસ્તક પર પ્રહાર કર્યો ત્યારે લંકિની પડી ગઈ હતી, પરંતુ 'પુનિ સંભાનિ ઉઠી સો લંકા' સત્સંગ પાડે છે પરંતુ સત્સંગ કર્યા પછી પડ્યા ન રહેવું, સત્સંગના સૂત્રોને સમજીને સાંભળીને પાછા ઉઠી જવું!

બૌદ્ધિક ધારણાનો નાશ, આસક્તિ અને રાગ ધીરે ધીરે ઓછા થાય, અને સત્સંગ કરનારા કર્તવ્ય છોડી દે નહીં, ઉઠીને પોતાનાં ધ્યેય તરફ ગતિ કરે. લંકિની કે જે હનુમાનજીને ચોર કહેતી હતી, એ જ પછી હાથ જોડવા લાગી, એટલે કે સત્સંગ કરાવનાર સંત પ્રત્યે અહોભાવ કે ઉપકારના ભાવથી નમવું.

તાત મોર અતિ પુન્ય બહૂતા,
દેખેઉં નયન રામ કર દૂત.

આ ચોપાઈમાં તુલસી નયનની બદલે આંખ પણ લખી શક્યા હોત, પણ નયન શબ્દ બહુ સુંદર છે કારણ કે એને આ બાજુથી વાંચો તો પણ નયન વંચાય અને આ બાજુથી વાંચો તો પણ નયન જ વંચાય. પહેલા લંકિની આંખેથી જોતી હતી માટે એને એક આંખેથી હનુમાનજી ચોર લાગ્યા પણ, બીજી આંખેથી સંત અને ત્રીજી આંખેથી વિચિત્ર લાગ્યાં. પરંતુ બુદ્ધિ બદલાઈ ગઈ, એટલે હવે જે બાજુથી જોવે, ત્યાંથી એ સાધુ જ લાગે છે. એણે કહ્યું કે મારા પુણ્ય છે કે, આજે મેં મારા નેત્રોથી રામના દૂતના દર્શન કર્યા.

લંકિની હનુમાનજીને આગળના કાર્ય માટે શુભકામના આપે છે.

પ્રબિસિ નગર કીજે સબ કાજા,
હૃદય રાખી કૌશલપુર રાજા.

લંકિની એ સુંદર શુભકામના આપી, આપ નગરમાં પ્રવેશીને બધા કામ કરો, પરંતુ હૃદયમાં કૌશલપુર રાજાને રાખીને આપ પ્રવેશ કરો. આપની માટે જેર અમૃત થઈ જશે, લંકિનીના એ આશીર્વાદ સફળ થયા! અને એટલે જ હનુમાનજી ઝેરથી બચી ગયાં અને અમૃતના ફળ ખાવા લાગ્યા.

ગરલ સુધા રિપુ કરહિ મિતાઈ,
ગોપદ સિંધુ અનલ સિતલાઈ.

દુશ્મન પહેલા મૈત્રી કરશે, લંકામાં તો બધા દુશ્મન છે. પરંતુ બધા દુશ્મનમાં વિભીષણ રાવણનો ભાઈ છે, પરંતુ હનુમાનજી સાથે એને દોસ્તી થઈ ગઈ, લંકા સુધી આવવામાં હનુમાનજીને ખૂબ વિઘ્નો મળ્યાં, પરંતુ વિભીષણ સાથે મૈત્રી થતાં બિલકુલ સહજતાથી આગળની યાત્રા થઈ. લંકામાં આગ લગાવવામાં આવશે, પણ આપની માટે અગ્નિ શીતળ થઈ જશે.

લંકિનીની શુભકામના મેળવી હનુમાનજી વિચારે છે, કે લંકામાં તો નિશીચરોનો વાસ છે, અહીં સજ્જન ક્યાં છે? અને ત્યારે હનુમાનજી વિભીષણનાં આંગણામાં આવ્યા, અને વિભિષણ જાગ્યો. આપણા જીવનમાં પણ જ્યારે કોઈ સાધુ કે સંત પ્રવેશે, ત્યારે જ આપણે જાગીએ છીએ. વિભિષણ રામ રામ કરીને જાગે છે, આ સાંભળીને હનુમાનજી હર્ષિત થઈ ગયાં, અને વિચાર્યું કે સાચે જ કોઈ સજ્જન છે, આમ હનુમાનજી અને વિભીષણનું મિલન થાય છે.જે પોતાના રાક્ષસ હોવા પર સંકોચ કરે છે, અને પછી જાનકી સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે. જાનકીના ત્રણ સ્વરૂપ શક્તિ, શાંતિ, અને ભક્તિ. મે ક્યારેક કહ્યું છે કે વિભિષણ ભક્તિની નવયુક્તિ બતાવે છે કે, ભક્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી.

શાંતિ ત્રણ રીતે મળે છે(૧) અભય, જ્યાં સુધી આપણામાં અભય નથી આવતું ત્યાં સુધી આપણે શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. (૨)ત્યાગ સંગ્રહ કરનારને ક્યારેય શાંતિ નથી મળતી જેટલો વધારે પરિગ્રહ હોય એટલો જ માણસ અશાંત. (૩) અહિંસા, સીધી વાત છે જે હિંસા કરે એ શાંત નથી હોતાં, એ વિકૃત છે શાંત ક્યારેય હિંસા નથી કરતા.

ભક્તિ ત્રણ રીતે મળે. (૧) વિશ્વાસ, આપણા સાધન અને આપણા સદગુરુ પર વિશ્વાસ હોવો જોઈએ. (૨) વિભિષણ બતાવે છે કે ભગવાન શંકરનું ભજન કરવાથી ભક્તિ મળે છે. ભક્તિના દાતા ભગવાન મહાદેવ છે. ત્રીજી યુક્તિ માનસમાં લખી છે ધીરજ, વિશ્વાસ પૂર્વકનાં સ્મરણ કે સાધનાની સાથે ધીરજ પણ અત્યંત જરૂરી છે.

શક્તિની ત્રણ રીત. (૧) સ્થિરતા, જે ડામાડોળ હોય એ ક્યારેય શક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. નાગાધિરાજ હિમાલય યુગોથી સ્થિર છે, અને એની સ્થિરતાને કારણે શક્તિનો જન્મ થયો. દક્ષ કન્યા રૂપે પણ એ શક્તિ સંપન્ન જ હતી પરંતુ એની બુદ્ધિ શક્તિમાં ભટકાવ હતો.(૨) મૌન, માનવી જેટલો મૌન રહેશે એટલી શક્તિ વધશે મુખર થતાં શક્તિ છીનવાઈ જાય છે.(૩) પ્રભુ મુદ્રિકા એટલે કે જેના મુખમાં રામનામ રૂપે મુદ્રિકા હશે, એ પણ શક્તિશાળી બનશે. પછી વિભિષણના માર્ગદર્શનથી હનુમાનજી અશોકવાટિકામાં પ્રવેશ કરે છે, ત્યાં સુધીની કથા કહી ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.




# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**

**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિકસ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો



વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થયેલો વ્યક્તિ ક્યારેય કોઈનું ખરાબ ઈચ્છવાની ભુલ કરતો જ નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો એકવાર, મહાત્મા બુદ્ધ જંગલમાં એક નદીના કિનારે ધ્યાન કરી રહ્યા હતા. તે જ નદીની નજીક એક ગુરુકુળ હતું, જ્યાં એક ઋષિ પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા. સંયોગથી,ઋષિની નજર બુદ્ધ પર પડી અને તેઓ તેમની પાસે આવ્યા.બુદ્ધની હાજરી જોઈને,ઋષિએ નમ્રતા પૂર્વક પૂછ્યું,'ગુરુદેવ,શું પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈપ્રાપ્ત થાયછે?

બુદ્ધે હસીને કહ્યું,'પહેલા મારા પ્રશ્નનો જવાબ આપો.જો કોઈ આ નદી પાર કરવા માંગે છે,તો તેમણે શું કરવું જોઈએ?' ઋષિ એ જવાબ આપ્યો,'જો તેઓ તરવાનું જાણે છે,તો તેઓ તરીને પાર કરી શકે છે.જો હોડી ઉપલ બ્ધ હોય,તો તેઓ હોડી દ્વારા જઈ શકે છે.અને જો પાણીનું સ્તર ઓછું હોય,તો તેઓ પગ પાળા પાર કરી શકે છે.'બુદ્ધે ફરી થી પૂછ્યું,'જો તેઓ આ ત્રણ પદ્ધતિઓનો પ્રયાસ ન કરે તો શું?'હવે ઋષિ એકક્ષણ માટે મૌન રહ્યા.પછી,સત્ય સમજાતાની સાથે જ તે તરત જ બુદ્ધના પગ પર પડી ગયો અને કહ્યું, 'ગુરુજી, તમે જે કહ્યું તેનો સાર હું સમજી ગયો!ફક્ત પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈ પ્રાપ્ત થશે નહીં જ્યાં સુધી વ્યક્તિ પોતાની મેળે કાર્ય ન કરે.' બુદ્ધે ફક્ત કહ્યું, 'તમે સાચા છો. જો કોઈ વ્યક્તિ નદીના કિનારે ઊભો રહે અને દિવસ-રાતપ્રાર્થના કરે,તો શું તે તેને પાર કરી શકેછે? ના!'જ્યાં સુધી કોઈ તરવાનો પ્રયાસ ન કરે કે હોડીનો ઉપયોગ ન કરે,ત્યાં સુધી કોઈ પાર કરી શકતું નથી. તેવી જ રીતે, ફક્ત પ્રાર્થના કે નસીબથી કંઈ પ્રાપ્ત થઈ શકતું નથી. ક્રિયા એ સાચું માધ્યમ છે જે આપણને સફળતા અપાવે છે. 'ગર્ગાચાર્યે ખીરમાં તુલસી દળ અર્પણ કર્યું અને પ્રાર્થના કરી,પ્રભુ તારું છે અને તને અર્પણ કરે છે.કૃપા કરી સ્વીકારો!હે નારાયણ,હે લક્ષ્મી પતિ જલદી પધારો!આ સાંભળી શ્રીકૃષ્ણ કહે,જવું પડશે શું થાય?બોલાવે છે એટલે ના કેમ કહેવાય? તેમણે યોગમાયાને હુકમ કર્યો કે, માની આંખમાં જો!યશોદાની આંખ મળી છે.કનૈયો દોડતો દોડતો આવે છે અને ખીર આરોગવા લાગે છે.ગર્ગાચાર્ય કહે છે,અરે!આ વૈશ્ય નો છોકરો ફરી થી આવ્યો!હવે કનૈયાને થયું કે, મહારાજને ક્યાં સુધી ભ્રમમાં રાખું?તરત ચતુર્ભુજ સ્વરૂપે એ પ્રગટ થયા.ગર્ગાચાર્યના આનંદનો પાર ન રહ્યો.કનૈયાનું સ્વરૂપ જોઈ તેમને કનૈયાને ગોદમાં લેવાનું મન થયું,ત્યાં તો કનૈયો દોડીને એમની ગોદ માં બેસી ગયો. કનૈયો કહે છે, મહારાજ!હવે તમે જમો! ગર્ગાચાર્ય કહે, મારા ઈષ્ટદેવ મને મુખમાં કોળિયો આપે પછી જમું. કનૈયો એમને મુખમાં કોળિયો આપે છે.ગર્ગાચાર્ય વિચારે છે, આજે મારું જીવન સફળ થયું!

આ બાજુ યશોદા જાગ્યાં. જુએ તો લાલો ગોદમાં ન મળે. ક્યાં ગયો ક્યાં ગયો?ઓહ,કનૈયો તો ગર્ગા ચાર્યની ગોદમાં બેઠેલોછે.ફરી પાછી એણે ખીર અભડાવીકે શું? ગર્ગાચાર્ય કહે છે,મા,તેં બહુ પુણ્ય કર્યું છે.મારા નારાયણ પુત્રરૂપે તારે ત્યાં આવ્યા છે.કનૈયો વિચારે છેકે યશોદાજીના મનમાં આ વાતઠસી જશે તો મને લાડ કરશે નહીં હું તો પ્રેમનું દાન કરવા અને પ્રેમ રસનું પાન કરવા ગોકુળમાંઆવ્યો છું. એટલે યશોદાને ખરા સ્વરૂપનું જ્ઞાન ન થાય તે માટે કનૈયાએ વૈષ્ણવી માયાને આજ્ઞા કરી.આદિ માયા તે રાધિકાજીનું સ્વરૂપ છે.તે શ્રીકૃષ્ણ ને ઉત્પન્ન કરે છે.માયાના ત્રણ પ્રકારો વૈષ્ણવો બતાવે છેઃ ૧.સ્વમોહિકા ૨. સ્વજનમોહિકા, ઐશ્વર્યનું જ્ઞાન થાય એટલા માટે, ૩.વિમુખજન મોહિકા.જે આપણ ને સર્વને ફસાવે છે અને જે ઈશ્વર ના સ્વરૂપને ભૂલાવી ઈશ્વરથી વિમુખ કરે છે તે વિમુખ જનમોહિકા. બાલકૃષ્ણ ધીરે ધીરે મોટા થાય છે બાળકો રમવા ટોળે વળે છે.તેમાં મધુમંગળ વગેરે કેટલાકગોવાળના છોકરા શરીરે દુર્બળ છે કનૈયો એને તગડા થવાનું કહે છે,ત્યારે છોકરો કહે છે કે,માખણ ખાવા મળે તો તગડા થવાય.અમે ગરીબ છીએ.માખણ ક્યાંથી લાવીએ? અને ઘરમાં જે માખણ થાય છે તે તો કંસને દઈ દેવું પડે છે!બધું માખણ કંસને કરરૂપે આપવું.કંસ ની બીકે વ્રજવાસીઓ બાળકોને માખણ ન ખવડાવે અને કંસને આપે.કંસ આ માખણ પોતાના પહેલવાનોને ખવડાવતો.કનૈયો કહે છે,હું માખણ મથુરા નહીં જવા દઉં!હું તમને રોજ માખણ ખવડાવીશ!મિત્રો કહે, તું રોજ માખણ ક્યાંથી લાવશે?કનૈયો કહે,જેને ઘરે માખણ છે એના ઘરમાંથી!મિત્રો પૂછે છે,તે શું તું ચોરી કરશે? કનૈયો કહે,ચોરી જ તો! આપણે બધા જ કરશું!કોઈની મગદૂર નથી કે આપણને પડે!આપણને રોકે!માખણ ખાવામાં વળી મનાઈ કેવી!

નટખટ કનૈયાની આ ચતુરાઈભરી દલીલો છે. ભગવાનને પ્રાર્થના કરો કે,હવે દ્વાપરયુગમાં ફરીજન્મ લો ત્યારેમને ગોકુળમાંગોપબાળક બનાવજો કે, તમારી સાથે ચોરી કરી માખણ ખાવાનો મને લહાવો મળે! શરીર સાથે રમનારો પાપ કરે છે,પણ જે ઈશ્વર સાથે રમે છે જે ઈશ્વર સાથે પ્રેમ કરે છે,એના હાથે પાપ થતું નથી,કારણ કે તેની જવાબ દારી ઈશ્વર ઉપર છે.

શંકરાચાર્યે શાંકરભાષ્યમાં કહ્યું છે કે, પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે તેવા જ્ઞાનીને હાથે પાપ થતું નથીઅને કદાચ થાય તો તેનો દોષ તેના માથે જતો નથી. પરમાત્માનો સાક્ષાત્કાર જેને થયો નથી તેવા અજ્ઞાન જીવ માટે શાસ્ત્ર છે.ચોરી કરવી નહીં એવી આજ્ઞા શાસ્ત્રે કરી છે,પણ પરમાત્મા જેને અપનાવે તેને તો આખું જગત તેનું છે. પછી ચોરી રહી ક્યાં? પોતાના ઘરમાંથી, પોતાની માલિકીની ચીજની કોઈ ચોરી કરી શકતું નથી.બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી શું વિધિ અને શું શાસ્ત્ર?બધું નકામું બને છે.તત્ત્વ દૃષ્ટિએ જુઓ તો ઈશ્વર સર્વના માલિક છે,એટલે શ્રીકૃષ્ણચોરી કરી શકે નહીંતો આ દિવ્યલીલાછે ગોપીઓને પરમાનંદનું દાન કરવા માટે આ લીલા છે. બાલકૃષ્ણ ગોપબાળકોને કહે છેકે તમારે જોડે રહેવાનું અને એટલું ધ્યાન રાખવાનુંકે કોઈ ગોપી કયારે ઘરમાંથી બહાર જાય છે અને તે પાછી ક્યારે આવે છે.

ગોપીઓ ઈચ્છે છે કે કનૈયો રોજ એમને ઘરે આવે.એટલે ઠપકો આપવાના બહાને રોજ પ્રાતઃકાળ માં ગોપીઓ લાલાનાં દર્શન કરવા યશોદાના ઘરે આવે છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છેકેઃહે યશોદા!તારો આ શ્રી કૃષ્ણ ગાયો દોહવાનો વખત થયો નથી હોતો છતાં વાછરડાંઓને છોડી મકે છે અમારાં દહીં,દૂધ,માખણએ ચોરી જાય છે

વાચક ચાહક મિત્રો આપણું ભવિષ્ય ફક્ત નસીબ પર નહીં, પણ આપણા પોતાના કાર્યો પર આધારિત છે.જે લોકો ફક્ત નસીબ પર આધાર રાખે છે તેઓ જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી.

# અમદાવાદમાં શ્રીમતી મણિબહેન આયુર્વેદિક હોસ્પિટલ ખાતે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિમાં આયુષ મેળાનું ભવ્ય આયોજન

**અમદાવાદ, તા. 07**

ગુજરાત સરકારની વિશિષ્ટ પહેલ હેઠળ અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક શ્રીમતી મણીબહેન આયુર્વેદિક હોસ્પિટલ ખાતે ભવ્ય 'આયુષ મેળો' યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યના શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રી દર્શનાબહેન વાઘેલાએ આ પ્રસંગે મહત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, હોસ્પિટલના વધતા ધસારા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા આ વર્ષના બજેટમાં નવી બિલ્ડિંગના નિર્માણ માટે રૂ. 21 કરોડની રકમ ફાળવવામાં આવી છે, જેનું ખાતમુહૂર્ત ટૂંક સમયમાં કરવામાં આવશે. મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ હોસ્પિટલની સેવાઓની પ્રશંસા કરતા ઉમેર્યું હતું કે, વર્ષ 1970માં સ્થાપિત મણીબેન આયુર્વેદિક હોસ્પિટલે પેરાલિસિસ અને સાંધાના દુખાવા જેવા ગંભીર રોગોની સચોટ સારવાર દ્વારા સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ઉભી કરી છે, જેનો લાભ અનેક કલાકારો અને દૂર-દૂરના દર્દીઓ લઈ રહ્યા છે. હોસ્પિટલ, શાળા અને આંગણવાડી જેવા જનસેવા સાથે જોડાયેલા પ્રકલ્પોને પ્રાથમિકતા આપી લોકોની સુખાકારીમાં વધારો કરવો એ સરકારનો મુખ્ય ધ્યેય છે. મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને જણાવ્યું હતું કે, 200 બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલ પ્રાચીન ભારતીય



ચિકિત્સા પદ્ધતિ દ્વારા લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરી રહી છે. આયુર્વેદ માત્ર બીમારી દૂર કરવાનું સાધન નથી પણ તે એક જીવનશૈલી છે જે આપણને આહાર અને દિનચર્યા દ્વારા રોગમુક્ત રહેતા શીખવે છે. તેમણે આયુર્વેદિક સારવારની આડઅસર રહિત અસરો પર ભાર મૂકતા સૌને માનસિક અને શારીરિક તંદુરસ્તી માટે આ પ્રાચીન પદ્ધતિ અપનાવવા આહ્વાન કર્યું હતું. આ મેળામાં નાગરિકોના સ્વાસ્થ્ય પરીક્ષણ માટે ડાયાબિટીસ ચેકઅપ, હાડકાની તપાસ (BMD), નાડી પરીક્ષા, કેલ્શિયમ તપાસ અને પ્રકૃતિ પરીક્ષણ જેવી સુવિધાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત, પંચકર્મની વિશિષ્ટ સારવાર પદ્ધતિઓ જેવી કે શિરોધારા, જાનુ વસ્તી અને ચામડીના રોગો માટેની પ્રાચીન જલોકા ટ્રીટમેન્ટનું પણ જીવંત પ્રદર્શન યોજાયું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી આજે જ્યારે સમગ્ર વિશ્વ આયુર્વેદ અને યોગનું મહત્વ સ્વીકારી રહ્યું છે, ત્યારે લોકો સ્વસ્થ જીવનશૈલી અપનાવે તે હેતુથી 'સ્વાસ્થ્ય કેલેન્ડર'નું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બહેનોને સ્પેશિયલ કિટ અને તમામ મુલાકાતીઓને આયુર્વેદિક, હોમિયોપેથીક દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હોસ્પિટલના અધિક્ષક ડૉ. પ્રવીણભાઈ, જસુભાઈ ઠાકોર, આરએમઓ સુશ્રી રાજશ્રીબહેન સુથાર, કાઉન્સિલરશ્રીઓ, અન્ય આમંત્રિત મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાણંદના વિંછીયા ગામે જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં ભવ્ય પ્રાકૃતિક કૃષિ મેળો અને પ્રદર્શન યોજાયું

**અમદાવાદ, તા. 07**

પ્રકૃતિના ખોળે પ્રાકૃતિક ખેડૂતોના ઉત્કર્ષ માટે 'આત્મા' પ્રોજેક્ટના આત્મીય પ્રયાસોથી સાણંદ તાલુકાના વિંછીયા ગામ સ્થિત કામધેનુ ગૌશાળા ખાતે એક ભવ્ય પ્રાકૃતિક કૃષિ મેળો અને પ્રદર્શન યોજાયું હતું. અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં 'પ્રકૃતિ તરફ પાછા ફરો અને જમીન બચાવો'ના મંત્ર સાથે ખેડૂતોને ઝેરમુક્ત ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. આ તાલીમ સહ પ્રદર્શન કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. સી. કે. ટીંબડિયા, પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે. કે. પટેલ તથા જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેષભાઈ પટેલે ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી ગાય આધારિત ખેતી અપનાવવા વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વક્તાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી માત્ર જમીનની ફળદ્રુપતા જ નથી વધતી, પરંતુ ગ્રાહકોને શુદ્ધ અને પૌષ્ટિક આહાર પણ મળે છે. કાર્યક્રમ દરમિયાન કામધેનુ ગૌશાળા ખાતે નવનિર્મિત 'બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર'નું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જે આગામી સમયમાં ખેડૂતોને ખેતી માટેના જરૂરી પ્રાકૃતિક ઘટકો પૂરા પાડવામાં આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર એવોર્ડ વિજેતા ખેડૂતો અને મોડલ ફાર્મ ધરાવતા ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં SPNF જિલ્લા સંયોજક શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા, આત્મા સ્ટાફ અને ખેતીવાડી વિભાગની ટીમ જોડાઈ હતી.

## કપડવંજમાં કુપોષણ નિવારણ હેતુ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલાની પરિણામલક્ષી કામગીરી માટે ખાતરી

**નડિયાદ, તા. 07**

કપડવંજની મોટી સુલતાનપૂર ગામ, ચંદ્ર સેવા આશ્રમ ખાતે આયોજીત કાર્યક્રમમાં કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે કપડવંજ તાલુકામાં ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાનનો શુભારંભ કરાવ્યો. જેમાં કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ એકસુરે કુપોષણ નિવારણ પહેલમાં સહયોગ આપવા ખાતરી આપી હતી. આ પ્રસંગે કપડવંજ ધારાસભ્ય શ્રી રાજેશ ઝાલાએ જણાવ્યું કે ખેડા જિલ્લાના કુપોષિત બાળકોની જિલ્લા વહીવટી તંત્રએ ચિંતા કરી છે. કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા માટે સહિયારા પ્રયાસની જરૂર છે. ત્યારે ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાન હેઠળ કપડવંજમાં કુપોષિત બાળકો માટે પરિણામલક્ષી કામગીરી કરવાની ખાતરી ધારાસભ્યશ્રીએ આપી હતી. આ તકે કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવે કપડવંજની ૧૫૦ થી વધુ દૂધ મંડળીઓના સેક્રેટરી અને ચેરમેનશ્રીઓને આ અભિયાનની શરૂઆત, હેતુ અને કામગીરીનો પરિચય આપ્યો હતો. તેમણે ઉમેર્યું કે ગ્રામ સ્તરે થી જ કુપોષણ નિવારણના પ્રયાસો થાય તે હેતુ થી ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. કલેક્ટરશ્રીએ જણાવ્યું કે સમગ્ર ચરોતર વિસ્તાર દૂધની વિપુલતા માટે પ્રખ્યાત છે. બાળકોએ ગામના છે, સમાજના છે. ત્યારે સ્વૈચ્છિક દૂધ દાન થી ગામના બાળકોના પોષણમાં સુધારો લાવવા પ્રયાસો કરીએ. દુધ માત્ર પ્રતીક છે. આ સિવાય પણ કઠોળ, ગોળ, ઘી જેવા પૌષ્ટિક આહાર આપવા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો હતો. શ્રી અમિત પ્રકાશ યાદવે કહ્યું કે કુપોષણથી આરોગ્ય, શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે બાળકોને સંઘર્ષ કરવો પડે છે. કુપોષણ નિવારણ કરવું એ લાંબા ગાળાની પ્રક્રિયા છે. ત્યારે વાલીઓને પોતાના બાળકના પોષણ માટે આયોજન કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત કુપોષણના મૂળમાં રહેલ બાળ લગ્નના પડકાર વિશે પણ કલેકટરશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. પોતાના ઘર અને કુટુંબની દીકરીઓને ફરજિયાત ૧૮ વર્ષ પછી જ લગ્ન કરાવવા સંકલ્પબદ્ધ થવા વાલીઓને અપીલ કરી હતી. ગામનો નિર્ધાર, સહકાર થી સાકાર અભિયાનની સફળતા વિશે વાત કરતા કલેકટરશ્રીએ જણાવ્યું કે માતરના પરીએજ થી શરૂ થયેલ આ કાર્યક્રમ હેઠળ આજે જિલ્લામાં પ્રતિદિન ૬૫૦ લીટર દૂધનું કલેક્શન કરી આંગણવાડીના બાળકોને પહોંચાડવામાં આવે છે. તેમણે આનંદ વ્યક્ત કરતા કહ્યું કે આજે માત્ર ૧૫ મિનીટમાં આશીર્વાદપાત્ર દૂધ થી ભરાઈ જાય છે જે આ અભિયાનની સફળતા દર્શાવે છે. આમ, કલેક્ટરશ્રીએ દૂધ ડેરી ચેરમેન, સેક્રેટરી, શિક્ષકો, સરપંચશ્રીઓ સહિતના આગેવાનોને પોષણની આ જ્યોતને કાયમી જ્વલંત રાખવા અપીલ કરી હતી.

## SIR-2026ના અનુસંધાને 6/02/૨૦૨૬ ના રોજ મતદાર યાદી શુદ્ધિકરણ ખાસ ઝુંબેશનું આયોજન

**નડિયાદ, તા. 07**

SIR-૨૦૨૬, મતદાર યાદી શુદ્ધિકરણ ખાસ ઝુંબેશ અંતર્ગત તા. ૦૪/૦૧/૨૦૨૬, રવિવારના રોજ બી.એલ.ઓ. સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી પોતાના મતદાન મથક ઉપર હાજર રહેશે. જેથી મતદારો ફોર્મ નંબર ૬, ફોર્મ નંબર ૭ રજૂ કરી શકે અથવા કોઈ માહિતી મેળવી શકે છે. ગુજરાત આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની પ્રાથમિક કસોટી તા.૦૪/૦૧/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી બપોરે ૧૩.૦૦ કલાક સુધી ખેડા જિલ્લાના વિવિધ કેંદ્ર ખાતે યોજાનાર છે. જેથી તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ કેટલાક મતદાન મથકોના સ્થળ માટે વૈકલ્પીક વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં, જીવન વિકાસ હાઈસ્કુલ, ડીએસપી ઓફીસ, આશ્રમ રોડ ખાતેથી રેલવે સ્ટેશન રોડ પરની સરદાર પટેલ ભવન ગ્રાઉન્ડ ફ્લોર પર ત્રણ બુથ, શ્રી સરસ્વતી હીન્દી વિદ્યામંદિર, ભોજા તલાવડીની જગ્યાએ થી ન્યુ આંગણવાડી પરિવાર સોસાયટી, ભોજા તળાવ પાસે ૦૧ બુથ, જવાહર વિદ્યાલય, મંજીપુરા થી મદદનીશ નિયામક પશુપાલન ઓફીસ, જવાહર નગર ખાતે ૦૫ બુથ, ન્યુ ઈંગ્લીશ સ્કુલ, સેન્ટર એ. અને સેન્ટર બી. આર.ટી.પટેલ રોડ થી લિટલ કિંગ્ડમ સ્કુલ, ખોડીયાર ગરનાળા ખાતે ૦૩ બુથની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. આથી, ખેડા ૧૧૬-નડીઆદ વિધાનસભાના મતદારોને આ ખાસ ઝુંબેશનો લાભ લેવા તથા મતદાર યાદી શુદ્ધ કરવા માટે સહકાર આપવા ખેડા ૧૧૬-નડીઆદ વિધાનસભા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવે છે.

### જનસુવિધા, પર્યાવરણ જાળવણી અને આધુનિક શહેરી માળખા માટે મહત્વપૂર્ણ પગલું

## અમદાવાદ શહેરના શાહીબાગ વોર્ડમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે રૂ. 88 લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**અમદાવાદ, તા. 07**

અમદાવાદ શહેરના ઉત્તર ઝોનમાં આવેલ શાહીબાગ વોર્ડમાં જનસુખાકારી, શહેરી સુવિધાઓમાં વધારો તથા આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આજે અંદાજિત રૂ. ૮૮ લાખના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દરેક વોર્ડમાં નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શાહીબાગ વિસ્તારના વિકાસ માટે હાથ ધરવામાં આવેલા આ કાર્યો સ્થાનિક નાગરિકોના જીવનસ્તરને વધુ સુખાકારીપૂર્ણ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. વિકાસકાર્યોની શરૂઆત તરીકે શાહીબાગ ખાતે આવેલા સિનિયર સિટીઝન પાર્કના રીનોવેશન કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ રીનોવેશન બાદ વૃદ્ધ નાગરિકોને હરવા-ફરવા, આરામ કરવા તથા સામાજિક પ્રવૃત્તિઓ માટે વધુ સુવિધાસભર, સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, શાહીબાગ વોર્ડની નીલકંઠ પાર્ક-૨, પરમેશ્વર પાર્ક સોસાયટી, શ્રી ઉત્તર ગુજરાત વીર માયા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, ઉત્તર ગુજરાત સોસાયટી, વાસુદેવ નગર સોસાયટી તથા ગ્રીન સિટી ફ્લેટ સહિતની વિવિધ જગ્યાઓએ આર.સી.સી. રોડ, પથ્થર પેવિંગ અને પેવર બ્લોક જેવા આવશ્યક માળખાગત વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોથી વાહનવ્યવહાર સરળ બનશે તેમજ સ્થાનિક રહીશોને દૈનિક આવાગમનમાં સુવિધા મળશે. આ વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના હેતુસર પરકોલેટિંગ વેલના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પરિયોજનાથી વરસાદી પાણીના સંગ્રહ થકી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન મળશે. રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ તમામ વિકાસકાર્યો સમયમર્યાદામાં પૂર્ણ કરી સ્થાનિક નાગરિકોને સમર્પિત કરવાની ખાતરી આપતા જણાવ્યું હતું કે, સરકાર નાગરિકકેન્દ્રિત વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, શાહીબાગ વોર્ડની નીલકંઠ પાર્ક-૨, પરમેશ્વર પાર્ક સોસાયટી, શ્રી ઉત્તર ગુજરાત વીર માયા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, ઉત્તર ગુજરાત સોસાયટી, વાસુદેવ નગર સોસાયટી તથા ગ્રીન સિટી ફ્લેટ સહિતની વિવિધ જગ્યાઓએ આર.સી.સી. રોડ, પથ્થર પેવિંગ અને પેવર બ્લોક જેવા આવશ્યક માળખાગત વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામોથી વાહનવ્યવહાર સરળ બનશે તેમજ સ્થાનિક રહીશોને દૈનિક આવાગમનમાં સુવિધા મળશે. આ વિસ્તારની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના હેતુસર પરકોલેટિંગ વેલના નિર્માણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પરિયોજનાથી વરસાદી પાણીના સંગ્રહ થકી ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન મળશે. રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ તમામ વિકાસકાર્યો સમયમર્યાદામાં પૂર્ણ કરી સ્થાનિક નાગરિકોને સમર્પિત કરવાની ખાતરી આપતા જણાવ્યું હતું કે, સરકાર નાગરિકકેન્દ્રિત વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### - ૩૪૪ નોકરી દાતાઓની ૧૩,૦૦૦ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયામાં ૧૦,૦૦૦ રોજગાર વાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા

# કૌશલ્યને મળ્યું યોગ્ય મંચ: મદદનીશ રોજગાર નિયામક કચેરીની વિવિધ રોજગારલક્ષી પહેલથી યુવા શક્તિ બની સશક્ત

### કરિયર કાઉન્સેલિંગ, રોજગાર મેળાઓ, વિદેશ રોજગાર સેન્ટર સહિતના પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો અમારો હેતુ :- શ્રી મોનિશા સાહની, મદદનીશ નિયામક - રોજગાર, અમદાવાદ

**અમદાવાદ, તા. 07**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ નિયામક રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા સંચાલિત મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ દ્વારા આયોજિત રોજગાર ભરતી મેળાઓ આજે માત્ર નોકરી મેળવવાનું કેન્દ્ર નહીં, પરંતુ યુવાનો માટે આત્મવિશ્વાસનું પ્રતીક બન્યા છે. શાહીબાગ સ્થિત અસારવા બહુમાળી ભવન ખાતે સ્થિત આ કચેરી રોજગાર મેળાઓ સહિત અનેકવિધ પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવા સતત પ્રયાસરત રહે છે. મોડલ કરિયર સેન્ટર તરીકે પણ ઓળખાતી આ કચેરી અમદાવાદ જિલ્લાના રોજગાર વાંચ્છુ યુવાનોને રોજગારને લગતી અગત્યની સેવાઓ પૂરી પાડે છે. મદદનીશ રોજગાર નિયામક કચેરી, અમદાવાદ દ્વારા

- વર્ષ ૨૦૨૫માં કુલ ૪૯ રોજગાર ભરતી મેળાઓ યોજાયા હતા, - જેમાં ૩૪૪ નોકરી દાતાઓની ૧૩,૦૦૦ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયામાં ૧૦,૦૦૦ રોજગાર વાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા,
- ૭૯૬૪ ઉમેદવારોએ પ્રાથમિક પસંદગી મેળવી હતી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ દ્વારા આયોજિત રોજગાર ભરતી મેળાઓ થકી વિવિધ યુવાનોએ રોજગારી પ્રાપ્ત કરી છે. આવા જ કેટલાક ઉમેદવારોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. સફળતાની સફર: ઉમેદવારોના શબ્દોમાં

૧. યુવરાજસિંહ કુશવાહ (સેલ્સ એક્ઝિક્યુટિવ, એક્સીસ બેંક):

'મેં બી.બી.એ. પાસ કર્યા પછી પ્રાઈવેટ સેક્ટરમાં ઘણી જગ્યાએ પ્રયત્ન કર્યો હતો, પણ યોગ્ય પ્રતિસાદ મળતો નહોતો. નવેમ્બર માસના રોજગાર મેળામાં એક્સીસ બેંકમાં મારું સિલેક્શન થયું અને ૧૨ ડિસેમ્બરથી મેં જોબ શરૂ કરી દીધી છે. હવે હું મારા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકું છું તેનો મને ગર્વ છે. રોજગાર કચેરીની આ પહેલ ખરેખર પ્રશંસનીય છે.'

૨. શ્રદ્ધા બાવજીભાઈ ચૌહાણ (સાગા લાઈફ સાયન્સ):

'એમ.એ. પૂરું કર્યા પછી હું યોગ્ય નોકરીની શોધમાં હતી. ૨૦ ડિસેમ્બરના રોજ જ્યારે હું રોજગાર મેળામાં આવી, ત્યારે મારો આત્મવિશ્વાસ થોડો ઓછો હતો, પણ અધિકારીઓના માર્ગદર્શનથી મેં ઈન્ટરવ્યુ આપ્યો. આજે હું સાગા લાઈફ સાયન્સમાં ૧૫,૦૦૦ ના પગાર સાથે નોકરી કરી રહી છું. મારા જેવી અનેક યુવતીઓ માટે આ મેળો આશીર્વાદ સમાન સાબિત થયો છે.'

૩. વિનય ચંદ્રકાન્ત ગુરનાની (એક્સિસ બેન્ક):

'એમ.બી.એ. થયા પછી મને એક પ્રોફેશનલ પ્લેટફોર્મની જરૂર હતી. શાહીબાગ ખાતેના મેળામાં મને એક્સીસ બેંકમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકેની તક મળી. આજે હું પ્રતિષ્ઠિત બેંકમાં કામ કરીને મારી કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છું. હું અન્ય યુવાનોને પણ કહીશ કે રોજગાર કચેરીમાં નોંધણી કરાવો અને તમારી પ્રગતિના દ્વાર ખોલો.'

ભરતી મેળાના ઉદ્દેશ્ય વિશે વાત કરતા મદદનીશ રોજગાર નિયામક (અમદાવાદ), શ્રી મોનીશા સાહનીએ જણાવ્યું હતું કે અમારો હેતુ યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો છે. અમદાવાદના શિક્ષિત યુવાનોને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા અમે વિવિધ કાર્યક્રમો યોજીએ છીએ. રોજગાર ભરતી મેળાઓના આયોજન દ્વારા અમે પ્રતિષ્ઠિત કંપનીઓને એક જ છત નીચે લાવીએ છીએ, જેથી ઉમેદવારોને તેમની લાયકાત મુજબ સીધી નોકરી મળી શકે. રોજગાર મેળાઓ, કરિયર કાઉન્સેલિંગ, વિદેશ રોજગાર સેન્ટર સહિતના પ્રકલ્પો થકી યુવાશક્તિને યોગ્ય મંચ પૂરો પાડવાનો અમારો લક્ષ્યાંક છે. અમે ઈચ્છીએ છીએ કે વધુમાં વધુ યુવાનો આ પ્લેટફોર્મનો લાભ લે અને આત્મનિર્ભર બને.'

ભરતી મેળામાં ઉપસ્થિત કંપનીના પ્રતિનિધિઓનો અભિપ્રાય: - ભરતી મેળામાં ઉપસ્થિત સાગા લાઈફ સાયન્સના એચ.આર. પ્રતિનિધિએ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે, 'અમારી કંપનીને ફાર્મા ક્ષેત્ર માટે કુશળ ઉમેદવારોની જરૂર હતી અને રોજગાર કચેરીના માધ્યમથી અમને ખૂબ જ શ્રેષ્ઠ ટેલેન્ટ મળી છે. અહીં આવતા ઉમેદવારોમાં કામ કરવાની ધગશ અને શિસ્ત જોવા મળે છે. રોજગાર કચેરી દ્વારા જે પ્રકારે સુંદર આયોજન કરવામાં આવે છે તેનાથી અમારો રિક્રૂટમેન્ટ પ્રોસેસ ખૂબ જ સરળ બની જાય છે. અમે ભવિષ્યમાં પણ આવા મેળા દ્વારા વધુ યુવાનોને અમારી કંપનીમાં જોડાવા માટે ઉત્સુક છીએ.'- ભરતી મેળામાં ઉપસ્થિત એક્સિસ બેંકના રિક્રૂટમેન્ટ એજન્સીના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ દ્વારા યોજાતા રોજગાર ભરતી મેળાઓમાં અમે છેલ્લાં ચાર વર્ષથી નિયમિત રીતે ભાગ લઈએ છીએ. આજના યુથ માટે આ સૌથી બેસ્ટ ઓપોર્ચ્યુનિટી કહી શકાય, કારણ કે તેમને એક જ જગ્યાએ અનેકવિધ ક્ષેત્રોના નોકરીદાતાઓ મળી રહે છે. અલગ અલગ ક્ષેત્રની સંસ્થાઓ ને પણ એક જ જગ્યાએથી પોતાની જરૂરિયાત અનુસાર ટેલેન્ટ મળી રહે છે અને તેઓ બલ્ક હાયરિંગ કરી શકે છે. મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ રોજગારલક્ષી સેવાઓ - કરિયર કાઉન્સેલિંગ સેવા અંતર્ગત અભ્યાસ કરી રહેલા ઉમેદવારોને તેમની સ્કીલ, રુચિ, પારિવારિક સ્થિતિ અને લાયકાતને અનુસાર કરિયર પાથ સિલેક્ટ કરવા માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. જિલ્લામાં ઉપલબ્ધ તાલીમી વ્યવસ્થાઓ વિશે પણ ઉમેદવારોને માહિતગાર કરવામાં આવે છે. જિલ્લાની ભૌગોલિક અને ઔદ્યોગિક સ્થિતિ અનુસાર કયા ટ્રેડમાં ઉમેદવારો માટે વધુ યોગ્ય તકો ઉપલબ્ધ છે એ અંગે પણ કચેરી દ્વારા યુવાઓને માર્ગદર્શિત કરવામાં આવે છે. - મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, અમદાવાદ ખાતે કાર્યરત વિદેશ રોજગાર સેન્ટર દ્વારા અન્ય દેશોમાં ઉપલબ્ધ શૈક્ષણિક સવલતો, અન્ય દેશોમાં રોજગારી મેળવવા કઈ રીતે એપ્લાય કરી શકાય, વિઝા એપ્લિકેશન કેવી રીતે કરી શકાય, કયા પ્રકારની પરીક્ષાઓ પાસ કરવી જોઈએ એ પ્રકારની માહિતી અને જરૂરી માર્ગદર્શન પણ ઉમેદવારોને આપવામાં આવે છે. - રાજ્યના મહત્તમ ઉમેદવારોને લશ્કરમાં જોડાવાની તકો ઉપલબ્ધ બનાવવાના હેતુસર સમયાંતરે યોજાતા લશ્કરી ભરતી મેળામાં પણ રોજગાર કચેરી સંકલન અને પ્રચાર પ્રસારની કામગીરી કરે છે. નિવાસી તાલીમ યોજના અંતર્ગત લેખિત પરીક્ષા અને શારીરિક કસોટી માટે રહેવા જમવાની સુવિધા સાથે ૩૦ દિવસીય નિ:શુલ્ક નિવાસી તાલીમ પણ ઉમેદવારોને આપવામાં આવે છે.મદદનીશ નિયામક રોજગારની કચેરી,અમદાવાદ દ્વારા લેવામાં આવેલું આ પગલું 'કૌશલ્યથી રોજગારી' ના મંત્રને સાર્થક કરી રહ્યું છે. જ્યાં એક તરફ કંપનીઓને લાયક કર્મચારીઓ મળી રહ્યા છે, તો બીજી તરફ યુવાનોને ઘર આંગણે રોજગારીની તકો સાંપડી રહી છે. અનેકવિધ પ્રકલ્પો સાથે શિક્ષિત યુવાનોને આર્થિક આઝાદીના પંથે અગ્રેસર કરવાની રોજગાર નિયામક કચેરીની આ પહેલ આવકારદાયક છે.

# ટુર્નામેન્ટમાં 300 પ્લેયર્સની ઉંમરનું એનાલિસિસ: ભારતના 8 પ્લેયર્સની ઉંમર 30ને પાર, અફઘાનિસ્તાન અને નેપાળ સૌથી યંગ ટીમ

નવી દિલ્હી, તા.07

આવતીકાલથી T20 વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે, જેમાં 20 ટીમના 300 પ્લેયર્સ ભાગ લેશે. ભારત અને શ્રીલંકાની યજમાનીમાં યોજાઈ રહેલી આ ટુર્નામેન્ટમાં 48 ટકા ખેલાડીઓ 30 વર્ષની ઉંમર વટાવી ચૂક્યા છે.

કેનેડાનો યુવરાજ સમરા આ ટુર્નામેન્ટનો સૌથી યુવા ખેલાડી છે. તે 19 વર્ષ 107 દિવસનો છે. બીજી તરફ, ઓમાનનો મોહમ્મદ નદીમ સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે. તેની ઉંમર 43 વર્ષ 117 દિવસ છે. ટીમમાં અફઘાનિસ્તાન અને નેપાળની ટીમ સૌથી યુવા છે, બંનેની સરેરાશ ઉંમર 25-25 વર્ષ છે. જ્યારે ન્યૂઝીલેન્ડ અને USAની ટીમ સૌથી મોટી ઉંમરની છે. આમાં સરેરાશ ઉંમર 31-31 વર્ષ છે. આ સ્ટોરીમાં આપણે T20 વર્લ્ડ કપ રમી રહેલા પ્લેયર્સની ઉંમરનું એનાલિસિસ કરી રહ્યા છીએ. આ ગ્રુપમાં USAનો ખેલાડી સૌથી વયોવૃદ્ધ છે, જ્યારે નામિબિયાની ટીમ સૌથી યુવા છે. USAની સરેરાશ ઉંમર 31 વર્ષ છે, જ્યારે નામિબિયાની માત્ર 26 વર્ષ છે. આ ગ્રુપમાં 75 ખેલાડી છે,



તેમાંથી 32 પ્લેયર્સ 30થી 35 વર્ષની વચ્ચે છે, સાથે જ પ્લેયર્સ 35થી 40 વર્ષના છે. ફક્ત એક પ્લેયર 40 વર્ષથી વધુની ઉંમરનો છે. ભારત: એવરેજ ઉંમર 29 વર્ષ છે. અડધાથી વધુ ખેલાડીઓ (8 ખેલાડીઓ) 30 વર્ષની ઉંમર વટાવી ચૂક્યા છે. 7 ખેલાડી 20-30ની વચ્ચેના છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવ 35 વર્ષથી વધુનો છે. તિલક વર્મા (23 વર્ષ) સૌથી યુવા છે.

USA: 15માંથી 12 ખેલાડી 30 વર્ષની ઉંમર વટાવી ચૂક્યા છે. 21 વર્ષ 296 દિવસનો સાઈતેજા મુક્કામાલા યંગેસ્ટ છે, જ્યારે અલી ખાન (35 વર્ષ 48 દિવસ) ઓલ્ડેસ્ટ પ્લેયર છે. ટીમની સરેરાશ ઉંમર 31 વર્ષ છે.

નામિબિયા: સરેરાશ ઉંમર 26 વર્ષ છે. 10 ખેલાડી 20થી 30 વર્ષની વચ્ચે છે. જેક બ્રસેલ (20 વર્ષ) સૌથી યુવા ખેલાડી છે. જ્યારે બર્નાર્ડ શોલ્ટ્ઝ 35 વર્ષથી વધુ ઉંમરનો સૌથી સિનિયર ખેલાડી છે.

નેધરલેન્ડ્સ: સરેરાશ ઉંમર 29 વર્ષ છે. ટીમમાં અનુભવ અને યુવાનોનું સંતુલન છે. રૂલોફ વાન ડર મર્વે 41 વર્ષની ઉંમર સાથે સૌથી વયોવૃદ્ધ ખેલાડી છે, જ્યારે જેક લાયન-કેશે (22 વર્ષ) સૌથી યુવા છે.

# પાકિસ્તાન મેચ પર સૂર્યાએ કહ્યું- અમારી માનસિકતા એકદમ સ્પષ્ટ છે: અમે કોલંબો જવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ; પાકિસ્તાને મેચનો બહિષ્કાર કર્યો

નવી દિલ્હી, તા.07

T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની મેચને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટીમ ઈન્ડિયાનો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો. ગુરુવારે મુંબઈમાં કેપ્ટન્સ ડે દરમિયાન સૂર્યાએ કહ્યું કે ભારત મેચ રમશે, જો સામેની ટીમ રમવા નથી માગતી તો તે તેમની મરજી છે. સૂર્યકુમારે કહ્યું, અમારી માનસિકતા એકદમ સ્પષ્ટ છે. અમે રમવા માટે ના પાડી નથી, સામેથી ના પાડવામાં આવી છે. ICCએ મેચનું શેડ્યૂલ નક્કી કર્યું છે અને અમે રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. અમારી ટિકિટ બુક છે અને દિલ્હી પછી અમે કોલંબો જઈ રહ્યા છીએ. T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે. 15 ફેબ્રુઆરીએ ટીમ ઈન્ડિયા કોલંબોમાં પાકિસ્તાન સામે ટકરાવાની છે,



પરંતુ પાકિસ્તાન સરકારે આ મેચના બહિષ્કારની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાને 1 ફેબ્રુઆરીએ મેચનો બહિષ્કાર કર્યો 1 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટથી ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાને આ નિર્ણય બાંગ્લાદેશના સમર્થનમાં લીધો હતો, કારણ કે ICCએ બાંગ્લાદેશને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દીધું હતું. બાંગ્લાદેશે સુરક્ષા કારણોનો હવાલો આપતા ભારતને બદલે પોતાની મેચ શ્રીલંકામાં કરાવવાની માગ કરી હતી. આ આખો વિવાદ મુસ્તફિઝુર રહેમાનને IPLમાંથી હટાવ્યા બાદ શરૂ થયો હતો. BCCIએ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલી હિંસાના વિરોધમાં મુસ્તફિઝુર રહેમાનને ભારતીય લીગમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો હતો. બે શહેરોમાં કેપ્ટન્સ ડે T20 વર્લ્ડ કપનો કેપ્ટન્સ ડે આજે બે શહેરોમાં યોજાયો.

# હર્ષિત રાણા T20 વર્લ્ડ કપમાંથી બહાર: પ્રેક્ટિસ મેચમાં ઈજાગ્રસ્ત થયો, સિરાજનું 556 દિવસ પછી કમબેક

નવી દિલ્હી, તા.07



ફાસ્ટ બોલર હર્ષિત રાણા T20 વર્લ્ડ કપ 2026માંથી બહાર થઈ ગયો છે. 4 ફેબ્રુઆરીએ નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રેક્ટિસ મેચ દરમિયાન તેને ઘૂંટણમાં ઈજા થઈ હતી. ડૉક્ટર સાથે પરામર્શ અને સ્કેન બાદ, BCCI મેડિકલ ટીમે તેને ટુર્નામેન્ટ માટે અયોગ્ય જાહેર કર્યો. હર્ષિતના સ્થાને ઝડપી બોલર મોહમ્મદ સિરાજનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સિરાજ 556 દિવસ પછી ભારતીય ટીમમાં પાછો ફર્યો છે. તેણે છેલ્લે 30 જુલાઈ, 2024ના રોજ શ્રીલંકા સામે T20 મેચ રમી હતી. ભારત અને શ્રીલંકામાં રમાઈ રહેલી આ ટુર્નામેન્ટ 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત શનિવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યુએસએ સામે પોતાની પહેલી મેચ રમશે. ન્યૂઝ એજન્સી અનુસાર, સાઉથ આફ્રિકા સામેની વોર્મ-અપ મેચમાં લાગેલી ઈજાને કારણે કદાચ તેઓ આખી ટુર્નામેન્ટમાં રમી શકશે નહીં. ભારતીય કેપ્ટન સૂર્યકુમારે કહ્યું- ફિઝિયો તેમની ઈજાની તપાસ કરી રહ્યા છે. તેમના સાજા થવાની શક્યતા ઓછી છે. 24 વર્ષીય દિલ્હીના હર્ષિત રાણાએ વોર્મ-અપ મેચમાં સાઉથ આફ્રિકા સામે માત્ર એક ઓવર નાખી હતી, જેમાં 16 રન આપ્યા હતા. આ પછી તે મેદાનની બહાર ચાલ્યા ગયા. બેટિંગમાં પણ તેમને માત્ર એક બોલ રમવાની તક મળી. જો હર્ષિત ટૂર્નામેન્ટમાંથી બહાર થાય છે તો મોહમ્મદ સિરાજને ટીમમાં સામેલ કરી શકાય છે. જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણા અને ખલીલ અહેમદ પર પણ ચર્ચા થઈ શકે છે. હર્ષિત અત્યાર સુધી ભારત માટે 9 T-20 ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યા છે. આ મેચોમાં તેમણે 57 રન બનાવ્યા અને 9 વિકેટ લીધી. આ દરમિયાન, સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરની ફિટનેસને લઈને પણ શંકા પ્રવર્તી રહી છે, જેનાથી ભારતની મુશ્કેલીઓ વધી છે. વોર્મ-અપ મુકાબલામાં ભારતે સાઉથ આફ્રિકાને 30 રનથી હરાવ્યું હતું. આ મેચમાં ઈશાન કિશને 20 બોલમાં 53 રનની ઈનિંગ રમી હતી. DY પાટીલ સ્ટેડિયમમાં ભારતે પહેલા બેટિંગ કરતા 5 વિકેટ ગુમાવીને 240 રન બનાવ્યા. જવાબમાં સાઉથ આફ્રિકી ટીમ 7 વિકેટ ગુમાવીને 210 રન જ બનાવી શકી.

# ટીમ ઈન્ડિયા U19 વર્લ્ડ કપમાં છઠ્ઠી વાર ચેમ્પિયન: ઈંગ્લેન્ડને 100 રને હરાવ્યું; વૈભવે 80 બોલમાં 175 રન ફટકાર્યા

હરારે, તા.07

ભારતે છઠ્ઠીવાર U-19 વર્લ્ડ કપ જીતી લીધો છે. શુક્રવારે ઈન્ડિયન ટીમે ઈંગ્લેન્ડ પર 100 રનથી શાનદાર જીત મેળવી હતી. હરારે સ્પોર્ટ્સ ક્લબમાં ભારતીય ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. ટીમે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 411 રન બનાવ્યા હતા. ઈન્ડિયન ઓપનર વૈભવ સૂર્યવંશીએ 80 બોલમાં 15 ચોગ્ગા અને 15 છગ્ગાની મદદથી 175 રન બનાવ્યા હતા. કેપ્ટન આયુષ મ્હાત્રેએ 53 રનની ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડ તરફથી સેબેસ્ટિયન મોર્ગન અને એલેક્સ ગ્રીને 2-2 વિકેટ ઝડપી હતી. 412 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ઈંગ્લેન્ડની ટીમ 40.2 ઓવરમાં 311 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી આર.એસ અંબરીશે 3 વિકેટ ઝડપી હતી.



ઈંગ્લેન્ડ માટે કાલેબ ફોલ્કનરે 115 રન બનાવ્યા હતા. તેઓ એક છેડેથી લડત આપતા રહ્યા, પરંતુ બીજા છેડેથી સતત વિકેટો પડતી રહી, જે ઈંગ્લેન્ડની હારનું મુખ્ય કારણ બન્યું. વૈભવ સૂર્યવંશીએ 175 રન બનાવ્યા વૈભવ સૂર્યવંશી 80 બોલમાં 175 રન બનાવીને આઉટ થયો. તેણે 228.75ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા 15 ચોગ્ગા અને 15 છગ્ગા ફટકાર્યા. કેપ્ટન આયુષ મ્હાત્રે (53 રન)એ અડધી સદી ફટકારી. અભિજ્ઞાન કુંડુએ 40, વેદાંત ત્રિવેદીએ 32 અને વિહાન મલ્હોત્રાએ 30 રન બનાવ્યા. કનિષ્ક ચૌહાણ 37 રન બનાવી અણનમ રહ્યા. ઈંગ્લેન્ડ તરફથી જેમ્સ મીટોએ ત્રણ વિકેટ લીધી. સેબેસ્ટિયન મોર્ગન અને એલેક્સ ગ્રીને બે-બે વિકેટ લીધી. ભારત (IND): આયુષ મ્હાત્રે (કેપ્ટન), એરોન જ્યોર્જ, વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), વેદાંત ત્રિવેદી, આર.એસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, હેનિલ પટેલ અને દીપેશ દેવેન્દ્રન. ઈંગ્લેન્ડ (ENG): થોમસ રેવ (કેપ્ટન), બેન ડોકિન્સ, જોસેફ મૂર્સ, બેન મેયસ, કાલેબ ફોકનર, રાલ્ફી આલ્બર્ટ, ફરહાન અહેમદ, સેબેસ્ટિયન મોર્ગન, જેમ્સ મીટો, મેની લુમ્સડેન અને એલેક્સ ગ્રીન. 41મી ઓવરના બીજા બોલ પર ઈંગ્લેન્ડે તેની 10મી વિકેટ ગુમાવી છે. અહીં કાલેબ ફોલ્કનર 115 રન બનાવીને આઉટ થયો છે. તેને કનિષ્ક ચૌહાણે આઉટ કરીને ઈંગ્લેન્ડની છેલ્લી આશા પણ ખતમ કરી દીધી. 40મી ઓવરમાં ઈંગ્લેન્ડે 300 રનનો આંકડો વટાવી દીધો છે. કાલેબ ફોલ્કનરે આર.એસ અંબરીશના પહેલા જ બોલ પર છગ્ગો ફટકારીને ટીમનો સ્કોર 300 રનની પાર પહોંચાડ્યો હતો. ફોલ્કનરે ચોથા બોલ પર વધુ એક છગ્ગો ફટકારીને પોતાની સદી પણ પૂરી કરી હતી. 38મી ઓવરના છેલ્લા બોલ પર ઈંગ્લેન્ડે તેની 9મી વિકેટ ગુમાવી છે. અહીં આર.એસ અંબરીશે મેની લમ્સડેનને (3 રન) કેચ આઉટ કરાવ્યો. અંબરીશને આ મેચમાં ત્રીજી સફળતા મળી છે.

# 'લોકો ભસવા લાગ્યા છે, એઆર રહેમાને ભીખ નથી માંગી

મુંબઈ, તા.07



ઓસ્કર એવોર્ડ વિજેતા મ્યુઝિક કમ્પોઝર એઆર રહેમાન હાલમાં તેમના 'સાંપ્રદાયિક કારણોસર કામ ન મળતું' હોવાના નિવેદનને લઈને ચર્ચામાં છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક લોકો તેમને ટેકો આપી રહ્યા છે. જોકે, ઘણા બધા કલાકારોએ તેમની વાતને નકારી કાઢી છે. આ દરમિયાન એક્ટ્રેસ અને બીજેપી સાંસદ કંગના રનૌતે મ્યુઝિક કમ્પોઝર વિશે વિવાદિત ટિપ્પણી કરી હતી. તેવામાં 'સિંઘમ' સ્ટાર પ્રકાશ રાજે એઆર રહેમાનનો સપોર્ટ કર્યો છે અને કંગના પર નિશાન સાધતા કહ્યું છે કે, 'એઆર રહેમાનના નિવેદન બાદ ચારેકોરથી નિવેદનો થવા લાગ્યા અને લોકો ભસવા લાગ્યા છે.' વાસ્તવમાં પ્રકાશ રાજે કેરળ લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન એઆર રહેમાનનું સમર્થન કર્યું. તેમણે દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા અને અસંમતિના અધિકાર વિશે પોતાની વાત રજૂ કરતા સમયે એઆર રહેમાન વિવાદ વિશે ઉલ્લેખ કર્યો. પ્રકાશ રાજે કહ્યું, 'એઆર રહેમાન જેવા કલાકાર, જેમની દેશ-વિદેશમાં પ્રતિષ્ઠા છે, જો તે પોતાનો મત રાખે છે તો તેમને પણ પ્રશ્નો અને હુમલાઓનો સામનો કરવો પડે છે. જે રહેમાનને 'મા તુજે સલામ', 'જય હો' જેવા ગીતો માટે વખાણવામાં આવ્યા, બે ઓસ્કર જીતવા પર દેશના લોકોએ ઉત્સવ ઉજવ્યો, તે જ રહેમાન આજે માત્ર પોતાની વાત કહેવા માત્રથી વિવાદમાં ઘેરાઈ ગયા છે. રહેમાને કોઈ નવી માંગ નથી કરી, ન તો કોઈ પાસે કામ માંગ્યું છે. તેમણે માત્ર પોતાનો અનુભવ અને વાસ્તવિકતા શેર કરી છે. તેમણે કોઈ પાસેથી ભીખ નથી માંગી. પ્રકાશ રાજે આ જ સંદર્ભે બીજેપી સાંસદ કંગના રનૌતના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, 'કેવી રીતે એક કલાકારના પ્રોફેશનલ નિર્ણયને રાજકીય અને રાષ્ટ્ર-વિરોધી ચશ્માથી જોવામાં આવી રહ્યો છે. કોઈની સાથે કામ ન કરવાનો નિર્ણય એ વ્યક્તિગત અને સર્જનાત્મક સ્વતંત્રતાનો ભાગ છે, પરંતુ આજે તેને 'એજન્ડા' અને 'દેશભક્તિ' સાથે જોડી દેવામાં આવે છે.'

# 'આખી દુનિયા એક તરફ, ઈમરાન હાશ્મી એક તરફ'

**અમૃતા ખાનવિલકરે 'તસ્કરી'ના સેટ પર થયેલી ઈજાનો કિસ્સો શેર કર્યો, એક્ટરને રિયલ જેન્ટલમેન ગણાવ્યો**



ટીવી, ફિલ્મ અને OTTની દુનિયામાં પોતાની અલગ ઓળખ બનાવી ચૂકેલી એક્ટ્રેસ અમૃતા ખાનવિલકર માટે વર્ષ 2026ની શરૂઆત ખૂબ જ ખાસ રહી છે. આ વર્ષે તેની બે વેબ સિરીઝ રિલીઝ થઈ, જેમાંથી એકમાં તેણે ઈમરાન હાશ્મી સાથે સ્ક્રીન શેર કરી છે. દમદાર પાત્રો, એક્શન સિક્વન્સ અને અલગ-અલગ જોનરમાં કામ કરીને અમૃતાએ ફરી એકવાર પોતાની વર્સેટિલિટી સાબિત કરી છે. થિયેટરથી લઈને OTT સુધી, દરેક પ્લેટફોર્મ પર તેનો આત્મવિશ્વાસ સ્પષ્ટ દેખાય છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં એક્ટ્રેસે ઈમરાન હાશ્મી સાથે કામ કરવાના અનુભવ, પોતાના તાજેતરના પ્રોજેક્ટ્સ અને ભવિષ્યની યોજનાઓ વિશે ખૂલીને વાત કરી 2026ની શરૂઆત તમારા માટે ઘણી રોકિંગ રહી છે. બે વેબ સિરીઝ રિલીઝ થઈ છે, તેને તમે કેવી રીતે જુઓ છો? ખરેખર આ શરૂઆત ઘણી રોકિંગ રહી છે. રસપ્રદ વાત એ છે કે, આ વખતે મેં કોઈ ન્યૂયર રેઝોલ્યુશન પણ લીધું ન હતું અને તેમ છતાં બધું આપમેળે યોગ્ય રીતે થતું ગયું. હું મારા મરાઠી થિયેટરની રિહર્સલ કરી રહી હતી, ત્યારે જ ડિસેમ્બરમાં મને ફોન આવ્યો કે, 'તસ્કરી' નેટફ્લિક્સ પર રિલીઝ થવા જઈ રહી છે અને પ્રમોશન માટે મારી તારીખો જોઈશે. સંયોગથી 7 અને 8 જાન્યુઆરીની જે બે તારીખો માંગવામાં આવી હતી, તે દિવસોમાં હું ફ્રી હતી. બધું ખૂબ જ આરામથી થઈ ગયું અને મને દર્શકો તરફથી ખૂબ પ્રેમ મળ્યો. 'તસ્કરી' હોય કે 'સ્પેસ ઝેન: ચંદ્રયાન', બંનેમાં તમારા પાત્રો એકબીજાથી બિલકુલ અલગ છે. આને ભજવવું કેટલું પડકારજનક હતું? 'તસ્કરી'માં મને મિતાલી કામથના રોલ માટે નહીં, પરંતુ કોઈ બીજા પાત્રના ઓડિશન માટે બોલાવવામાં આવી હતી.

# દિશા પટાણી સાથેના સંબંધના સમાચારો પર તલવિંદરની પ્રતિક્રિયા

**કહ્યું- અફવાઓને અફવા જ રહેવા દો, હાલ એકબીજાને સમજી રહ્યા છીએ**

મુંબઈ, તા.07

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટાણી અને પંજાબી સિંગર તલવિંદર આ દિવસોમાં તેના કથિત સંબંધોને લઈને ચર્ચામાં છે. બંનેને મુંબઈમાં થયેલા એક કોન્સર્ટમાં હાથમાં હાથ નાખીને



જોવામાં આવ્યા હતા, જેના પછી તેના ડેટિંગના સમાચાર આવવા લાગ્યા. હવે આ સમાચારો પર તલવિંદરે મૌન તોડ્યું છે. હોલિવૂડ રિપોર્ટર ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં તલવિંદરે કહ્યું, અમારી મુલાકાત લગ્ન પહેલાં જ થઈ હતી અને અચાનક મળેલી આટલી બધી ચર્ચાએ અમને આશ્ચર્યચકિત કરી દીધા. અમે ન તો કોઈ દબાણમાં આવવા માંગીએ છીએ અને ન તો અફવાઓ પર ધ્યાન આપવા માંગીએ છીએ. અમે હજી પોતાને સમજવાની અને એકબીજાને જાણવાની પ્રક્રિયામાં છીએ. હું બસ એટલું જ કહેવા માંગીશ કે જો લોકો અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરશે તો હું તેમને અફવા જ રહેવા દઈશ. જ્યારે તલવિંદરને પૂછવામાં આવ્યું કે શું તે પ્રેમ અને સંબંધો વિશે વિચારે છે, તો તેણે જવાબ આપ્યો, હું દરરોજ પ્રેમમાં પડી જાઉં છું.

# શું એલ્વિશ યાદવ અને જિયા શંકરે સગાઈ કરી લીધી?

**ઈન્સ્ટાગ્રામ પર ઈન્ફ્લુએન્સરે એક્ટ્રેસને ટેગ કરીને લખ્યું- મને મારો પ્રેમ મળી ગયો**

મુંબઈ, તા.07

સોશિયલ મીડિયા પર ઈન્ફ્લુએન્સર એલ્વિશ યાદવ અને એક્ટ્રેસ જિયા શંકરની સગાઈની ચર્ચા થઈ રહી છે. આ અટકળો ગુરુવારે એલ્વિશની એક ક્રિપ્ટિક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પછી શરૂ થઈ, જેમાં તેણે જિયાને ડાયમંડ રિંગ સાથે ટેગ કરી હતી. ખરેખર, એલ્વિશે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્લોઝ-અપ ફોટો શેર કર્યો, જેમાં તે એક મહિલાનો હાથ પકડેલો જોવા મળી રહ્યો છે. તસવીરમાં મહિલાની આંગળીમાં ડાયમંડ રિંગ સ્પષ્ટ દેખાઈ રહી હતી. કેપ્શનમાં એલ્વિશે લખ્યું, "મેં પ્રેમને વધુ એક તક આપી અને મને મારો પ્રેમ મળી ગયો" . આ સાથે તેણે જિયા શંકરને ટેગ કરી. એલ્વિશે 2023માં બિગ



બોસ OTT સીઝન 2ની ટ્રોફી જીતીને ઈતિહાસ રચ્યો. તે વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે શો જીતનારા ઈતિહાસનો પ્રથમ કન્ટેસ્ટન્ટ બન્યો. આ સ્ટોરીને જિયા શંકરે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રીશેર કરી અને એક હાર્ટ ઈમોજી ઉમેર્યું. જોકે, ન તો એલ્વિશ કે ન તો જિયા તરફથી અત્યાર સુધી કોઈ પણ પ્રકારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. બંનેએ જાહેરમાં એવું નથી કહ્યું કે તેઓ કોઈ સંબંધમાં છે કે સગાઈ કરી ચૂક્યા છે. ટાઈમ્સ નાઉના રિપોર્ટ અનુસાર, આ કોઈ આવનારા પ્રોજેક્ટ સાથે જોડાયેલ પ્રમોશનલ સ્ટંટ પણ હોઈ શકે છે, કારણ કે સેલિબ્રિટી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અવારનવાર આવા સંકેતો આપીને ચર્ચા અને ઉત્સુકતા જગાવે છે. ખબરો છે કે એલ્વિશ અને જિયા રિયાલિટી શો 'એન્ગેજ્ડ સીઝન 2' ને હોસ્ટ કરી શકે છે અને આ તેનું પ્રમોશન હોઈ શકે છે.

# સાઉથ એક્ટ્રેસ અંજુ કૃષ્ણાની ડ્રગ્સ કેસમાં ધરપકડ

મુંબઈ, તા.07

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી ડ્રગ્સનો મામલો સામે આવ્યો છે. એન્ટી-નાર્કોટિક્સ ઈન્ટેલિજન્સ યુનિટ (ANIU) સાઉથની ટીમે એક્ટ્રેસ અંજુ કૃષ્ણા અને આસિસ્ટન્ટ ડિરેક્ટર વિન્સી નિવેથા સહિત કુલ 8 લોકોને ડ્રગ્સના કેસમાં ધરપકડ કરી છે. રિપોર્ટ અનુસાર, પોલીસે ગુરુવારે મોડી રાત્રે વલસરવક્કમ



વિસ્તારમાં ચલાવવામાં આવેલા દરોડા અભિયાનમાં ટીમે મેથામ્ફેટામાઈન અને ગાંજા સહિત અન્ય ગેરકાયદેસર પદાર્થો જપ્ત કર્યા. શરૂઆતની તપાસમાં પોલીસને માહિતી મળી હતી કે કેટલાક લોકો ગેરકાયદેસર ડ્રગ્સના જથ્થા સાથે શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યા છે, જેના પછી આ કાર્યવાહી કરવામાં આવી. પોલીસે પહેલા એક નકલી ગ્રાહક મોકલીને એક ટ્રેપ સેટ કર્યો. જ્યારે શંકાસ્પદોની કાર વલસરવક્કમ પાસે પહોંચી, ત્યારે પોલીસે તેને રોકી અને તલાશી લીધી. તલાશીમાં લગભગ 6 ગ્રામ મેથામ્ફેટામાઈન, 7 ગ્રામ OG ગાંજો, 15 ગ્રામ ગાંજો, એક સ્મોકિંગ બોંગ, એક સ્ટેમ્પ અને 9 મોબાઈલ ફોન મળી આવ્યા.

# NSEના બોર્ડે IPO માટે મંજૂરી આપી:ઇશ્યૂ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ હશે, લિસ્ટિંગ પ્રક્રિયા માટે કમિટી પણ બનાવવામાં આવી




મુંબઈ, તા.07

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના બોર્ડે IPO માટે મંજૂરી આપી દીધી છે. આ IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ એટલે કે OFS હશે, જેમાં હાલના શેરધારકો તેમનો હિસ્સો વેચશે. બોર્ડે IPO માટે એક સમિતિની પણ રચના કરી છે, જે સંપૂર્ણ લિસ્ટિંગ પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે. SEBI તરફથી તાજેતરમાં નો-ઓબ્જેક્શન (NOC) મળ્યા બાદ આ નિર્ણય આવ્યો છે, જેને ભારતના કેપિટલ માર્કેટ માટે એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. NSE એ જણાવ્યું કે IPO સંપૂર્ણપણે OFS હશે. કંપની નવા શેર જારી કરશે નહીં. લિસ્ટિંગ NSE-BSE બંને સ્ટોક એક્સચેન્જ પર થઈ શકે છે, પરંતુ તે રેગ્યુલેટરી મંજૂરી, બજારની સ્થિતિઓ અને અન્ય પરિબળો પર નિર્ભર રહેશે. NSE ભારતનો સૌથી મોટો સ્ટોક એક્સચેન્જ છે, જ્યાં ટ્રેડિંગ વોલ્યુમ સૌથી વધુ હોય છે.

બોર્ડે IPO માટે સમિતિની રચના કરી

બોર્ડે IPO સમિતિનું પુનર્ગઠન કર્યું છે. આ સમિતિની અધ્યક્ષતા ટેબલેશ પાંડે કરશે. સમિતિના સભ્યોમાં પબ્લિક ઈન્ટરેસ્ટ ડિરેક્ટર્સ શ્રીનિવાસ ઈંજેતી, પ્રોફેસર મમતા બિસ્વાલ, અભિલાષા કુમારી, પ્રોફેસર સિવકુમારનો સમાવેશ થાય છે. તેમજ NSEના MD અને CEO આશિષ ચૌહાણ પણ કમિટીમાં છે. કમિટી બોર્ડ દ્વારા સોંપવામાં આવેલા કાર્યો કરશે, લિસ્ટિંગ પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરશે અને મર્ચન્ટ બેન્કર, લીગલ એડવાઈઝરની નિમણૂક માટેના માપદંડો નક્કી કરશે. આ કમિટી DRHP (ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ) તૈયાર કરવામાં પણ મદદ કરશે.

IPO માટે 10 વર્ષની રાહનો અંત

NSEનો IPO લગભગ એક દાયકાથી પેન્ડિંગ હતો. તાજેતરમાં SEBI તરફથી નો-ઓબ્જેક્શન મળ્યું, ત્યારબાદ બોર્ડે આ નિર્ણય લીધો. પહેલા પણ પ્રયાસો થયા હતા, પરંતુ રેગ્યુલેટરી ક્લિયરન્સ મળી શક્યું ન હતું. હવે NSE લિસ્ટેડ કંપની બનશે, જે તેના માટે એક નવો અધ્યાય હશે.

ગ્રે માર્કેટમાં NSEનું વેલ્યુએશન 5 લાખ કરોડ

એનાલિસ્ટ્સ અનુસાર, ગ્રે માર્કેટમાં NSEનું વેલ્યુએશન 5 લાખ કરોડ રૂપિયાથી વધુ છે. NSEના લગભગ 1.77 લાખ શેરહોલ્ડર્સ છે. કેટલાક રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે OFSમાં લગભગ 4-4.5% શેર વેચી શકાય છે, જેનું મૂલ્ય લગભગ 23,000 કરોડ રૂપિયા હોઈ શકે છે. મોટા શેરહોલ્ડર્સ જેમ કે LIC, SBI અને ટેમાસેક તેમનો હિસ્સો વેચી શકે છે.

માર્ચ-એપ્રિલ સુધીમાં DRHP ફાઈલિંગ થઈ શકે છે

હવે કમિટી પ્રક્રિયાને આગળ વધારશે. DRHP ફાઈલિંગ માર્ચ-એપ્રિલ સુધીમાં થઈ શકે છે. આખી પ્રક્રિયામાં 8-9 મહિના લાગી શકે છે. IPO પછી NSEની પારદર્શિતા અને ગવર્નન્સમાં વધુ સુધારો આવશે. આ ભારતના કેપિટલ માર્કેટ ઈકોસિસ્ટમ માટે એક સીમાચિહ્નરૂપ ઘટના હશે, કારણ કે NSE ઈક્વિટી ડેરિવેટિવ્સમાં સૌથી આગળ છે.

NSEના લિસ્ટિંગથી માર્કેટમાં નવી લિક્વિડિટી આવશે. નાના-મોટા રોકાણકારો NSEમાં હિસ્સેદારી લઈ શકશે. જોકે, અંતિમ IPO સાઈઝ, પ્રાઈસ બેન્ડ અને ટાઈમલાઈન બજારની સ્થિતિ પર નિર્ભર રહેશે.

NSE એ પહેલીવાર 2016માં DRHP ફાઈલ કર્યું હતું

NSE એ સૌપ્રથમ 2016માં IPO માટે DRHP ફાઈલ કર્યું હતું, પરંતુ રેગ્યુલેટરી અને કાનૂની મુદ્દાઓને કારણે તેને પાછું ખેંચવું પડ્યું હતું. ત્યારબાદ કો-લોકેશન અને ડાર્ક ફાઈબર જેવા મામલાઓમાં તપાસ ચાલી રહી હતી, જેના કારણે IPO અટકી ગયું હતું. NSE એ જૂન 2025 માં સેબી સમક્ષ સેટલમેન્ટ એપ્લિકેશન દાખલ કરી હતી અને લગભગ 1,400 કરોડ રૂપિયા સેટલમેન્ટ રકમ આપવા તૈયાર થઈ ગઈ છે. નવેમ્બર 2025 ના નાણાકીય અહેવાલમાં NSE એ 1,297 કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી, સાથે જ પહેલાથી 100 કરોડ રૂપિયા જમા હતા.

સેટલમેન્ટ જલ્દી પૂર્ણ થવાની અપેક્ષા

સેબીના ઘણા વિભાગોએ સેટલમેન્ટ પર સૈદ્ધાંતિક સંમતિ આપી દીધી છે. હવે આ મામલો હાઈ પાવર્ડ એડવાઈઝરી કમિટી (HPAC) પાસે જશે અને પછી સેબીના બે પૂર્ણકાલીન સભ્યોની પેનલ પાસેથી અંતિમ મંજૂરી મળશે. મંજૂરી મળ્યા બાદ સુપ્રીમ કોર્ટમાંથી કેસ પાછો ખેંચી શકાય છે. કાનૂની નિષ્ણાતોનું કહેવું છે કે SAT માં NSE જીતી ગયું હતું અને સુપ્રીમ કોર્ટમાં પણ SEBI ને રાહત મળી ન હતી, પરંતુ શેરધારકોના દબાણ હેઠળ NSE એ સેટલમેન્ટ પસંદ કર્યું જેથી મામલો બંધ થાય.

# જાન્યુઆરી 2026માં 'ટાટા નેક્સોન'એ બાજી મારી!:'ડિઝાયર'ને પછાડી નંબર-1 કાર બની

નવી દિલ્હી, તા.02

ભારતીય ઓટોમોબાઈલ માર્કેટમાં SUVનું પ્રભુત્વ સતત વધી રહ્યું છે. વર્ષ 2026ની શરૂઆત 'ટાટા મોટર્સ' માટે સારી રહી છે. 'ટાટા નેક્સોન'એ જાન્યુઆરી મહિનામાં મારુતિ સુઝુકીની સૌથી વધુ વેચાતી સેડાન કાર 'ડિઝાયર'ને પાછળ છોડીને નંબર-1નું સ્થાન હાંસલ કર્યું છે. જાન્યુઆરી 2026માં 'ટાટા નેક્સોન'એ અત્યાર સુધીનું સૌથી વધુ માસિક વેચાણ નોંધાવ્યું છે. ગયા મહિને 'નેક્સોન'ના કુલ 23,365 યુનિટ્સ વેચાયા. જ્યારે 'મારુતિ ડિઝાયર' 19,629 યુનિટ્સ સાથે બીજા સ્થાને રહી. ભારતીય પેસેન્જર વ્હીકલ (PV) માર્કેટમાં હવે SUV સેગમેન્ટનો હિસ્સો વધીને લગભગ 55% થઈ ગયો છે.

'નેક્સોન' અને 'પંચ'એ નવો રેકોર્ડ બનાવ્યો

જાન્યુઆરીમાં ટાટા મોટર્સની બે સૌથી લોકપ્રિય SUV, 'નેક્સોન' અને 'પંચ', બંનેએ અત્યાર સુધીનું પોતાનું શ્રેષ્ઠ માસિક વેચાણ નોંધાવ્યું છે. જ્યાં 'નેક્સોન'નું વેચાણ 23 હજાર યુનિટ્સને પાર કરી ગયું. જ્યારે 'ટાટા પંચ'ના પણ 19,257 યુનિટ્સ વેચાયા. આ સાથે જ 'નેક્સોન' એક મોટો માઈલસ્ટોન પણ પાર કરી લીધો છે. ભારતીય બજારમાં લૉન્ચ થયા પછી નેક્સોનનું કુલ વેચાણ 10 લાખ (10,00,000) યુનિટ્સને પણ પાર કરી ગયું છે. જ્યારે 'ટાટા પંચ'એ પણ માત્ર ચાર વર્ષ અને ત્રણ મહિનાની અંદર 7 લાખ યુનિટ્સના વેચાણનો આંકડો પાર કરી લીધો છે.




ટોપ-10માં 'મારુતિ'નો દબદબો યથાવત

ભલે 'નેક્સોન' નંબર-1 પર રહી હોય, પરંતુ ટોપ-10માં સૌથી વધુ વેચાતી કારની યાદીમાં મારુતિ સુઝુકીની સૌથી વધુ કાર છે. ટોપ-10 યાદીમાં સામેલ તમામ નોન-SUV મૉડલ્સ- સેડાન, હેચબેક અને MPV એકલા મારુતિ સુઝુકીના જ છે. ટાટા અને હ્યુન્ડાઈના પોર્ટફોલિયોમાં હેચબેક મૉડલ્સ હોવા છતાં તેઓ ટોપ લિસ્ટમાં સ્થાન બનાવી શક્યા નથી. જાન્યુઆરીમાં મારુતિની 'અર્ટિગા' (MPV)ના 17,892 યુનિટ્સ, 'સ્વિફ્ટ'ના 17,806 યુનિટ્સ અને 'બલેનો'ના 16,782 યુનિટ્સ વેચાયા છે.

SUV સેગમેન્ટમાં સખત સ્પર્ધા

મિડ-સાઈઝ અને કોમ્પેક્ટ SUV સેગમેન્ટમાં સ્પર્ધા ઘણી સખત બની ગઈ છે. 'હ્યુન્ડાઈ ક્રેટા'એ જાન્યુઆરીમાં 17,921 યુનિટ્સના વેચાણ સાથે પોતાની પકડ મજબૂત રાખી છે. જ્યારે નેક્સનની સીધી હરીફ મારુતિ બ્રેઝા 17,486 યુનિટ્સ સાથે યાદીમાં સ્થાન જાળવી રાખ્યું છે.

મહિન્દ્રાની 'સ્કોર્પિયો' (N અને ક્લાસિક બંને મળીને)ના 15,542 યુનિટ્સ વેચાયા, જ્યારે 'વિક્ટોરિસ' SUVએ પણ 15,240 યુનિટ્સ સાથે ટોપ-10માં પોતાનું સ્થાન બનાવ્યું.

55% બજાર પર SUVનો કબજો

ભારતીય ગ્રાહકોની પસંદ હવે નાની કાર (હેચબેક) થી બદલાઈને SUV તરફ વધી રહી છે. દેશના કુલ પેસેન્જર વ્હીકલ માર્કેટમાં SUVનો હિસ્સો 55% સુધી પહોંચી ગયો છે. આમાં મહિન્દ્રા, ટાટા મોટર્સ, મારુતિ સુઝુકી અને હ્યુન્ડાઈ મુખ્ય ખેલાડીઓ છે.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ - ભારતીય શેરબજારમાં ઉછાળે વેચવાલી યથાવત્ રહેશે

નવી દિલ્હી, તા.07

RBI પોલિસી બાદ શેરબજારમાં અસ્થિરતા : ટ્રેડ ડીલ, FII વેચવાલી યથાવત્ જોવા મળી - ભારતીય શેરબજાર હાલ સ્થાનિક અને વૈશ્વિક પરિબળોની વચ્ચે સંઘર્ષ કરી રહ્યો છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા તાજેતરમાં યોજાયેલી નાણાકીય નીતિ સમિતિ (MPC) ની બેઠક બાદ બજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી. RBIએ રેપો રેટને 5.25 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે, જેનો સીધી અસર સંવેદનશીલ સેક્ટરો પર જોવા મળી. RBI ગવર્નરે સ્પષ્ટ કર્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા, જિઓપોલિટિકલ ટેન્શન અને કોમોડિટી ભાવોમાં અસ્થિરતા વચ્ચે ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત સ્થિતિમાં છે. મોંઘવારી દર નિયંત્રણમાં રહેતા RBIએ 'Neutral' સ્ટાન્સ જાળવી રાખ્યો છે. જો કે, બજારમાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા હોવાથી રેટ યથાવત રહેતાં રોકાણકારોમાં નિરાશા ફેલાઈ અને નફાવસૂલીનો માહોલ સર્જાયો. RBI પોલિસી બાદ શરૂઆતમાં શેરબજારમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું. સેન્સેક્સ લગભગ 300 થી 350 પોઈન્ટ ઘટીને 83,000ની નીચે સરકી ગયો, જ્યારે નિફ્ટી 150



પોઈન્ટ સુધી ઘટીને 25,500ની નજીક પહોંચ્યો. ખાસ કરીને બેન્કિંગ, ઓટો અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં વધુ દબાણ જોવા મળ્યું. બેન્કિંગ શેરોમાં વ્યાજદરમાં તાત્કાલિક રાહત ન મળતાં નફાવસૂલી થઈ, જ્યારે ઓટો સેક્ટરમાં લોન ખર્ચ ઘટાડાની અપેક્ષા અધૂરી રહેતા BSE Auto Indexમાં ભારે ઘટાડો નોંધાયો. મેટલ અને FMCG સેક્ટરોએ તુલનાત્મક રીતે સ્થિરતા દર્શાવી, જે ડિફેન્સિવ ખરીદીનો સંકેત આપે છે. ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર અનિશ્ચિતતા - ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ બજાર માટે મહત્વપૂર્ણ પરિબળ બની છે. શરૂઆતમાં ડીલને લઈને બજારમાં પોઝિટિવ માહોલ જોવા મળ્યો હતો, પરંતુ ડીલની વિગત સામે આવતા અનિશ્ચિતતા વધી છે. સરકાર તરફથી કૃષિ અને ડેરી સેક્ટરને સુરક્ષિત રાખવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જ્યારે વિપક્ષ અને કેટલાક વૈશ્વિક અહેવાલોમાં ભારતનું કૃષિ બજાર વધુ ખુલ્લું મુકાયું હોવાના સંકેતો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, અમેરિકાએ ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ આયાત ઘટાડશે એવા નિવેદન આપ્યા હતા, પરંતુ રશિયાએ આ દાવાને ફગાવી દેતા ભારત આયાત ચાલુ રાખશે તેવું સ્પષ્ટ થયું. આવા વિરોધાભાસી નિવેદનોના કારણે રોકાણકારો સાવચેત વલણ અપનાવી રહ્યા છે. રૂપિયો અને કરન્સી માર્કેટની સ્થિતિ - કરન્સી માર્કેટમાં ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે થોડો મજબૂત બન્યો છે. ટ્રેડ ડીલને લઈને આશાવાદ અને વૈશ્વિક સ્તરે નબળા ડોલરે રૂપિયાને ટેકો આપ્યો.

# દેશભરમાં આજે એપ આધારિત ટ્રાન્સપોર્ટ વર્કર્સની હડતાળ

## ઘટતી કમાણી અને શોષણ સામે પ્રદર્શન; ઓલા, ઉબર અને રેપિડો સર્વિસ પર અસર

નવી દિલ્હી, તા.07

સમગ્ર દેશમાં શનિવારે એપ આધારિત ટ્રાન્સપોર્ટ વર્કર્સ (ગિગ વર્કર્સ)ની હડતાળ છે. તેલંગાણા ગિગ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન (TGPWU) અને ઈન્ડિયન ફેડરેશન ઓફ એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ (IFAT) સાથે સંકળાયેલા ડ્રાઈવરો અને વર્કર્સે આ હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ ડ્રાઈવરોની ઘટતી કમાણી, વધતા શોષણ અને સરકાર દ્વારા ન્યૂનતમ બેઝ ફેર નક્કી ન કરવાના વિરોધમાં કરવામાં આવી રહી છે. આમાં ઓલા, ઉબર, રેપિડો, પોર્ટર સહિત અન્ય એપ-આધારિત ટ્રાન્સપોર્ટ સેવાઓ સાથે સંકળાયેલા ડ્રાઈવરો સામેલ થશે. યુનિયનોના મતે, આ દરમિયાન કેબ અને બાઈક ટેક્સી સેવાઓ પર અસર રહેશે. ડ્રાઈવરોનો આરોપ છે કે બાઈક ટેક્સી સેવાઓ ગેરકાયદેસર છે. ઓલા, ઉબર, રેપિડો જેવી કંપનીઓ ભાડું મનસ્વી રીતે નક્કી કરી રહી છે, જેનાથી ડ્રાઈવરોને નુકસાન થઈ રહ્યું છે. ડ્રાઈવરો ઈચ્છે છે કે બાઈક ટેક્સી પર પ્રતિબંધ મૂકવામાં આવે અને ભાડું નક્કી કરવામાં કંપનીઓની મનમાની ખતમ થાય.



યુનિયનોના મતે, મોટર વ્હીકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ-2025 અસ્તિત્વમાં હોવા છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અત્યાર સુધી લઘુત્તમ બેઝ ફેરને નોટિફાઈ કર્યો નથી. આનો ફાયદો ઉઠાવીને એગ્રીગેટર કંપનીઓ મનસ્વી રીતે ભાડું નક્કી કરી રહી છે. યુનિયનોનો આરોપ છે કે કંપનીઓ ભાડું ઘટાડતી જઈ રહી છે, જ્યારે તમામ ઓપરેશનલ જોખમ ડ્રાઈવરો પર નાખી દેવામાં આવ્યું છે. આનાથી કામના કલાકો વધી રહ્યા છે, પરંતુ તેમની કમાણી સતત ઘટી રહી છે. TGPWUના સ્થાપક અધ્યક્ષ, IFATના સહ-સ્થાપક અને રાષ્ટ્રીય મહાસચિવ શેખ સલ્લાઉદ્દીને જણાવ્યું કે ગાઈડલાઈન્સ-2025માં ભાડું નક્કી કરતા પહેલાં માન્યતા પ્રાપ્ત યુનિયનો સાથે પરામર્શ ફરજિયાત છે, પરંતુ સરકારોની નિષ્ક્રિયતાને કારણે પ્લેટફોર્મ કંપનીઓ શોષણ વધારી રહી છે.

35 લાખ ડ્રાઈવરો ઓલા-ઉબર સાથે જોડાયેલા છે

ઓલા-ઉબર પ્લેટફોર્મ પર દેશભરમાં લગભગ 35 લાખ ડ્રાઈવરો રજિસ્ટર્ડ છે. આ હડતાળથી દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ જેવા મોટા શહેરોમાં સૌથી વધુ અસર થવાની આશંકા છે. ભોપાલમાં લગભગ 15 હજાર વાહનો ઓલા-ઉબર સાથે જોડાયેલા છે, જ્યારે રેપિડો સાથે લગભગ 3 હજાર બાઈક રજિસ્ટર્ડ છે. તેલંગાણા ગીગ અને પ્લેટફોર્મ વર્કર્સ યુનિયને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીને પત્ર લખીને ન્યૂનતમ ભાડું નક્કી કરવાની માગ કરી છે.

ગિગ વર્કર્સ દ્વારા 31 ડિસેમ્બરે હડતાળ કરવામાં આવી હતી

આ પહેલા IFAT સાથે સંકળાયેલા ડિલિવરી વર્કર્સ દ્વારા 31 ડિસેમ્બર 2025ના રોજ પણ દેશવ્યાપી હડતાળ કરવામાં આવી હતી. તે સમયે 10 મિનિટમાં ડિલિવરી, ઓછો પગાર, ખરાબ કામકાજની પરિસ્થિતિઓ અને સામાજિક સુરક્ષાના અભાવને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. આમાં સ્વિગી, ઝોમેટો, બ્લિંકિટ, ઝેપ્ટો જેવી કંપનીઓના રાઈડર્સ સામેલ હતા. હડતાળ પછી આ પ્લેટફોર્મ્સે બ્રાન્ડિંગમાંથી '10-મિનિટ ડિલિવરી'નો દાવો હટાવી દીધો. હવે એપ પર ફક્ત 'મિનિટોમાં ડિલિવરી' જેવા શબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે. એક આમ આદમી પાર્ટી (AAP) સાંસદે ANI સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્વિગી-ઝોમેટો ડિલિવરી બોય, બ્લિંકિટ-ઝેપ્ટો રાઈડર અને ઓલા-ઉબર ડ્રાઈવરોની મહેનતથી જ મોટી કંપનીઓ કમાણી કરી રહી છે, પરંતુ આ સમગ્ર ઈકોસિસ્ટમમાં સૌથી વધુ દબાણ અને શોષણ ગિગ વર્કર્સ પર છે. આ પહેલા IFAT સાથે સંકળાયેલા ડિલિવરી વર્કર્સ દ્વારા 31 ડિસેમ્બર 2025ના રોજ પણ દેશવ્યાપી હડતાળ કરવામાં આવી હતી. તે સમયે 10 મિનિટમાં ડિલિવરી, ઓછો પગાર, ખરાબ કામકાજની પરિસ્થિતિઓ અને સામાજિક સુરક્ષાના અભાવને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. આમાં સ્વિગી, ઝોમેટો, બ્લિંકિટ, ઝેપ્ટો જેવી કંપનીઓના રાઈડર્સ સામેલ હતા. હડતાળ પછી આ પ્લેટફોર્મ્સે બ્રાન્ડિંગમાંથી '10-મિનિટ ડિલિવરી'નો દાવો હટાવી દીધો. હવે એપ પર ફક્ત 'મિનિટોમાં ડિલિવરી' જેવા શબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે. એક આમ આદમી પાર્ટી (AAP) સાંસદે ANI સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્વિગી-ઝોમેટો ડિલિવરી બોય, બ્લિંકિટ-ઝેપ્ટો રાઈડર અને ઓલા-ઉબર ડ્રાઈવરોની મહેનતથી જ મોટી કંપનીઓ કમાણી કરી રહી છે, પરંતુ આ સમગ્ર ઈકોસિસ્ટમમાં સૌથી વધુ દબાણ અને શોષણ ગિગ વર્કર્સ પર છે.

# સિંગલ ચેનલ ABS વાળું પહેલું સ્કૂટર 'સુઝુકી એક્સેસ 125' લોન્ચ : ભીના રોડ કે ઈમરજન્સી બ્રેક લગાવવા પર ટુવ્હીલર લપસશે નહીં

મુંબઈ, તા.07

સુઝુકી મોટરસાઈકલ ઈન્ડિયાએ તેના સૌથી વધુ વેચાતા સ્કૂટર 'એક્સેસ 125'ને નવા સેફ્ટી ફીચર અપડેટ સાથે લોન્ચ કર્યું છે. સ્કૂટરમાં હવે સિંગલ-ચેનલ એન્ટી-લોક બ્રેકિંગ સિસ્ટમ (ABS) આપવામાં આવશે. આનાથી ભીના રસ્તાઓ પર અથવા ઈમરજન્સીમાં અચાનક બ્રેક લગાવવા પર ટાયર લોક થવા અને લપસી જવાનું જોખમ ઓછું થઈ જશે. આ સાથે જ, ભારતમાં સિંગલ ચેનલ ABS ધરાવતું પ્રથમ 125CC સ્કૂટર બની ગયું છે. નવું ABS મોડેલ બે વેરિઅન્ટ્સ- રાઈડ કનેક્ટ અને રાઈડ કનેક્ટ TFT માં ઉપલબ્ધ થશે. તેની એક્સ-શોરૂમ કિંમત 92,328 રૂપિયા છે. આ સ્ટાન્ડર્ડ મોડેલ કરતાં 4,500 સુધી મોંઘું થઈ ગયું છે. ખાસ વાત એ છે કે સ્કૂટરના ABS વેરિઅન્ટ્સમાં કિક-સ્ટાર્ટ નહીં મળે, ફક્ત



ઈલેક્ટ્રિક સ્ટાર્ટ મળશે.

150cc સ્કૂટર્સને ટક્કર આપશે

અત્યાર સુધી ભારતીય બજારમાં ABS ફીચર ફક્ત 150cc અથવા તેનાથી વધુ પાવરવાળા સ્કૂટર્સ જેવા કે 'TVS ટોર્ક 150', 'એપ્રિલિયા SR 175' અને 'યામાહા એરોક્સ 155'માં જ જોવા મળતું હતું. સરકારી નિયમો અનુસાર 150ccથી ઉપરની બાઈક્સ અને સ્કૂટર્સમાં ABS ફરજિયાત છે, પરંતુ સુઝુકીએ તેને 125cc સેગમેન્ટમાં રજૂ કરીને નવી શરૂઆત કરી છે.

ડિઝાઈન અને હાર્ડવેર: કમ્ફર્ટ સાથે મોર્ડન લુક

ડિઝાઈનના મામલે પણ એક્સેસ 125માં કોઈ કોસ્મેટિક ફેરફાર નથી. તેમાં ક્લાસિક રેટ્રો લુક સાથે ક્રોમ ફિનિશવાળી LED હેડલાઈટ આપવામાં આવી છે. હાર્ડવેરની વાત કરીએ તો, ફ્રન્ટમાં ટેલિસ્કોપિક ફોર્ક્સ અને રિયરમાં સ્વિંગ આર્મ મોનોશોક સસ્પેન્શન મળે છે. હવે ફ્રન્ટ ડિસ્ક બ્રેક સાથે ABS યુનિટ જોડવામાં આવ્યું છે, જ્યારે પાછળ ડ્રમ બ્રેક જ મળે છે. સ્કૂટરમાં 12-ઈંચના ફ્રન્ટ અને 10-ઈંચના રિયર એલોય વ્હીલ્સ લાગેલા છે, જે ટ્યુબલેસ ટાયર સાથે આવે છે.

પર્ફોર્મન્સ: એન્જિન અને પાવરમાં કોઈ ફેરફાર નથી

સ્કૂટરમાં કોઈ યાંત્રિક ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમાં પહેલાની જેમ જ 124ccનું સિંગલ-સિલિન્ડર, એર-કૂલ્ડ એન્જિન મળે છે. આ 6750rpm પર 8.4hp પાવર અને 5500rpm પર 10.2Nmનો પીક ટોર્ક જનરેટ કરે છે. સ્મૂથ રાઈડિંગ માટે તેમાં CVT ગિયરબોક્સ આપવામાં આવ્યું છે.

ફીચર્સ: બ્લૂટૂથ કનેક્ટિવિટી અને ડિજિટલ કન્સોલ

તેના ટોપ વેરિઅન્ટમાં 4.2-ઈંચનું ફુલ-કલર TFT ડિસ્પ્લે મળે છે, જે 'સુઝુકી રાઈડ કનેક્ટ' ફીચર સાથે આવે છે. તેની મદદથી તમે તમારા સ્માર્ટફોનને સ્કૂટર સાથે કનેક્ટ કરી શકો છો. આમાં ટર્ન-બાય-ટર્ન નેવિગેશન, કોલ/SMS એલર્ટ, વોટ્સએપ નોટિફિકેશન અને ફોન બેટરી લેવલ જેવી માહિતી ડિસ્પ્લે પર દેખાય છે. TFT વેરિઅન્ટમાં કલર ડિસ્પ્લે મળે છે, જે પ્રીમિયમ ફીલ આપે છે. આમાં લાઈવ હવામાનની માહિતી અને ટ્રાફિક એલર્ટ્સ પણ મળે છે. આ ઉપરાંત, સ્કૂટરમાં એક્સટર્નલ ફ્યુઅલ ફિલિંગ અને USB ચાર્જિંગ પોર્ટ જેવા ફીચર્સ પણ સામેલ છે.

# ચાંદી આ અઠવાડિયે ₹94 હજાર ઘટીને ₹2.45 લાખ પર આવી : સોનું ₹14 હજાર ઘટીને ₹1.52 લાખ થયું



નવી દિલ્હી, તા.07

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો. સોનું 13,717 રૂપિયા ઘટીને 10 ગ્રામ દીઠ 1,52,078 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 30 જાન્યુઆરી, શુક્રવારે 1,65,795 રૂપિયા પર હતું. જ્યારે ચાંદી 3,39,350 રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2,44,929 રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 94,421 રૂપિયા ઓછી થઈ છે.

સોના-ચાંદીમાં ઘટાડાના 2 કારણો

પ્રોફિટ બુકિંગ: સોના-ચાંદીની કિંમત તાજેતરના દિવસોમાં રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી, ત્યારબાદ રોકાણકારોએ મોટા પાયે પ્રોફિટ બુક કર્યો. ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો: ઓલ ટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો, 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. ઓલ ટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો, 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીત

મેગ્નેટ ટેસ્ટ: અસલી સિલ્વર ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: સિલ્વર પર બરફ રાખો. અસલી સિલ્વર પર બરફ ખૂબ ઝડપથી પીગળશે.

સ્મેલ ટેસ્ટ: અસલી સિલ્વરમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# રામસર સાઈટ છારીઢંઢનું અનોખું મહેમાન, જે મસ્કતથી આવે છે:કચ્છના રણદ્વીપે પીલુના સ્વાદે ખેંચાઈ આવતા વિદેશી મહેમાન: 3000 કિલોમીટરનો પ્રવાસ ખેડી પધારે છે મસ્કતી લટારો

**ગાંધીનગર, તા.07**

છારીઢંઢ હવે રામસર સાઈટ જાહેર થયું છે, પણ અહીં એક પક્ષી દરવર્ષે મસ્કતથી પ્રવાસ ખેડે છે, જે અનોખો સંબંધ છે. પક્ષી જગતમાં એક એવું વિશિષ્ટ પક્ષી છે જે માત્ર કચ્છના મીઠા મધુર 'પીલુ' ફળનો સ્વાદ માણવા અને શિયાળો ગાળવા માટે દર વર્ષે 3000 કિલોમીટર જેટલો લાંબો અને કઠિન પ્રવાસ ખેડીને અહીં મહેમાન બને છે. ગ્રે હાઈપોકોલિયસ તરીકે ઓળખાતું આ પક્ષી સ્થાનિક ભાષામાં 'મસ્કતી લટારો' તરીકે જાણીતું છે. આ પક્ષી પીલુના વૃક્ષોને પોતાનું આશ્રયસ્થાન બનાવે છે અને તેના મધુર ફળોનો આનંદ માણે છે. સ્વભાવે અત્યંત લજ્જાવાન આ પક્ષીઓ કોઈ પણ પ્રકારની માનવ ખલેલ સહન કરી શકતા નથી અને જરા પણ અવાજ કે હિલચાલ દેખાય તો તરત જ ઝાડીઓમાં છુપાઈ જાય છે. આ જ શરમાળ પ્રકૃતિને કારણે વન્યજીવ પ્રેમીઓ અને ફોટોગ્રાફરો માટે આ પક્ષીને કેમેરામાં કેદ કરવું એક મોટો પડકાર હોય છે.

રામસર સાઈટનો દરજ્જો મળતા પ્રમાણપત્ર અર્પણ

લાખોંદ : કચ્છના બન્ની વિસ્તારના રતન ગણાતા 'છારી-ઢંઢ' વેટલેન્ડને સત્તાવાર રીતે



આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી 'રામસર સાઈટ' તરીકે જાહેર કરાયું છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ ગૌરવશાળી દરજ્જાનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું.

મધ્ય પૂર્વના વિવિધ દેશોથી દક્ષિણ તરફ સ્થળાંતર કરે છે ; પરિવારનો 'એકલ વીર'

આ પક્ષી તેના આખા પરિવાર 'હાઈપોકોડલાઈડ'નું એકમાત્ર અસ્તિત્વ ધરાવતું સભ્ય છે. મધ્ય પૂર્વના દેશો જેવા કે ઈરાક, ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના પ્રજનન વિસ્તારોમાંથી આ પક્ષીઓ દક્ષિણ તરફ સ્થળાંતર કરે છે અને દર વર્ષે ઓક્ટોબર-નવેમ્બર માસમાં કચ્છ અને જામનગરમાં આવી પહોંચે છે.

હાઈપોકોલિયસ પક્ષી 1960માં કુંવરબેટ, 1990માં પહેલીવાર ફુલાયમાં રેકોર્ડ નોંધાયો

વર્ષ 1960માં કુંવરબેટમાં આ પક્ષી નોંધાયું હતું અને તેના સ્પેસિમેન બી.એન એચ.એસ દ્વારા લેવાયા હતા. વરિષ્ઠ પક્ષી નિરીક્ષક શાંતિલાલ વરુએ જણાવ્યું હતું કે, વર્ષ 1990માં નખત્રાણા તાલુકાના ફૂલાય આસપાસ પ્રથમ વખત આ પક્ષીને તેમણે અને સહ પક્ષીનિરીક્ષકો દ્વારા નોંધવામાં આવ્યું હતું.

## ગાંધીનગરના બેંકિંગ વિસ્તારમાં શિકારની શોધમાં બેઠેલી રિક્ષા ગેંગ ઝડપાઈ



**ગાંધીનગર, તા.07**

ગાંધીનગરના સેક્ટર 16 ના બેંકિંગ વિસ્તારમાં શિકારની શોધમાં બેસી રહી અત્રેની બેંકમાંથી પૈસા ઉપાડીને નીકળતા નાગરિકોની રેકી કરી મંજિલ સુધી પહોચાડવા માટે પેસેન્જર રીક્ષામાં બેસાડી તકનો લાભ લઈ રૂપિયા - દાગીના સેરવી લઈ રફુચક્કર થઈ જતી કુબેરનગરની રિક્ષા ગેંગનો લોકલ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કરી મહિલા સહિત ત્રણ લોકોની 50 હજારની રોકડ સાથે ધરપકડ કરી લીધી છે. આ ગેંગની પૂછતાછમાં તાજેતરમાં માણસાના એક ખેડૂતને નિશાન બનાવી રૂપિયા સેરવી લેવાયા હોવાનું ખુલવા પામ્યું છે.

ગાંધીનગરમાં મિલકત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ડી. બી. વાળાની ટીમ સેક્ટર 16 માં આવેલા બેન્કિંગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે, અત્રેના એરિયામાં આવેલી બેંકોમાં કામ અર્થે આવતા નાગરિકોની રેકી કરીને બેસી રહી ગુનાને અંજામ આપતી રિક્ષા ગેંગ સેક્ટર 16 પોસ્ટ ઓફિસ નજીક બેસી છે.

મહિલા સહિત ત્રણ લોકોને 50 હજારની રોકડ સાથે દબોચી લેવાયા

જે બાતમીના આધારે એલસીબીની ટીમે શંકાસ્પદ રીક્ષા સાથે મહિલા સહિત ત્રણ લોકોને 50 હજારની રોકડ સાથે દબોચી લઈ કડકાઈથી પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ સુરેશ છપ્પનભાઈ પટણી (રહે. ગુલાબદાસ બાપાલાલની ચાલી, ચાંમુડા બ્રીજ છેડે, અસારવા), જીતુ ગિરધારીભાઈ પારદાસાણી (સીંધી) (રહે. મકાન નં-414, માતૃછાયા, મહાદેવનગર, કુબેરનગર) અને પુનમ અમરતભાઈ ધીરૂભાઈ જંદારાડા (રહે. મકાન નં-414, માતૃછાયા, મહાદેવનગર, કુબેરનગર) હોવાનું જણાવ્યું હતું.

ખેડૂતના 50 હજાર સેરવી લીધા'તા

આ ત્રિપુટીએ વોન્ટેડ પ્રકાશ ચમનભાઈ પટણી (રહે,હાઉસીંગ બોર્ડના મકાન, મેઘાણીનગર) સાથે મળીને તાજેતરમાં એક વૃદ્ધને નિશાન બનાવ્યા હોવાની કબૂલાત કરી હતી. જે અંગે એલસીબીએ ખરાઈ કરતા માણસાના આમજા ગામના 57 વર્ષીય કનુભાઈ મોહનભાઈ પ્રજાપતિ ગત તા. 29 જાન્યુઆરીના રોજ તેમના ઘરે સામાજિક પ્રસંગ હોવાથી સેક્ટર-16 ખાતે આવેલી ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિમિટેડમાં એક લાખ ઉપાડી પરત ઘરે જવા ઘ-5 સર્કલ પાસે આવેલા મધુર પાર્લર બસ સ્ટેન્ડ પર આમજા જવા માટે વાહનની રાહ જોઈ ઉભા હતા.

ગેંગ પેસેન્જરના સ્વાંગમાં બેસેની લૂંટ ચલાવતી

આ દરમિયાન તેઓ એક પેસેજર રિક્ષામાં બેઠા હતા. જેમાં અગાઉથી ઉક્ત ગેંગ પેસેન્જરના સ્વાંગમાં બેસેલી હતી. બાદમાં સેક્ટર-24 માં હરિહર જ્વેલર્સ પાસે પહોંચી રિક્ષા ચાલકે પેસેન્જરોને ઉતારીને હમણાં જ પાછો આવું કહીને કનુભાઈને ઉતારી દીધા હતા. જોકે ઘણો સમય રાહ જોવા છતાં રીક્ષા ચાલક પરત ન ફરતા કનુભાઈને શંકા ગઈ હતી. તેમણે પોતાની પાસે રહેલી થેલી તપાસતા એક લાખ રૂપિયામાંથી 50 હજારનું બંડલ ગાયબ હતું. આ અંગે સેક્ટર 21 પોલીસ મથકે ગુનો પણ દાખલ થયો હતો.

## અડધા કલાકમાં નજર ચૂકવી કળા કરનાર ઝડપાયો : ભુજમાં એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી 36 હજારના દાગીના ચોરાયા

**ગાંધીનગર, તા.07**

શહેરના એપાર્ટમેન્ટના ફ્લેટમાં ભર બપોરે ચોરી કરનાર કુકમાના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. રાજન ફર્નીચરની બાજુમાં આવેલા વિકાસ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર 4 માં રહેતા અને મહારાજા પાઉંભાજી નામની દુકાનમાં કામ કરતા ફરિયાદી મયુર શાંતિલાલ ગોરે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોધાવ્યો હતો. જે ગુનાનો ભેદ ઉકેલવા પીઆઈ ડી.ડી. શીમ્પીએ ટીમને સુચના આપતા સીસીટીવી ફૂટેજના આધારે કુકમા ગામના આરોપી ભરત વિશનજી સોનીને ઝડપી લેવામાં આવ્યો છે. બનાવ 4 ફેબ્રુઆરીના બપોરે સાડા ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન બન્યો હતો. ફરિયાદી પોતાના ઘરેથી સાડા ત્રણ વાગ્યે દુકાને જવા માટે નીકળ્યા હતા. ત્યારે ઘરમાં તેમના પત્ની અને દીકરો હાજર હતા.એ દરમિયાન આરોપીએ હાથફેરો કરી લાકડાના કબાટમાં રાખેલ રૂપિયા 36 હજારની કિંમતના દાગીના ચોરી કરી લઈ ગયો હતો.પોલીસે આરોપી પાસેથી ચોરીમાં ગયેલો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આવા બનાવોમાં સામાન્ય રીતે આરોપી રેકી કરતાં હોય છે અથવા કોઈ જાણભેદુઓ આવી ચોરીની ઘટનાઓને અંજામ આપતા હોવાની અનેક ઘટનાઓ કચ્છમાં સામે આવી ચૂકી છે.

## ગાંધીનગર મનપાનું 1903 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ:1186 કરોડ રોડ-રસ્તા, ફ્લાયઓવર સહિતની સુવિધાઓ પાછળ ખર્ચાશે

**ગાંધીનગર, તા.07**

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટેનું 1903.08 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં શહેરના નાગરિકો પર કોઈપણ પ્રકારનો નવો વેરો લાદવામાં આવ્યો નથી. જે મધ્યમ વર્ગ માટે રાહતના સમાચાર છે. ગત વર્ષના 1718.03 કરોડના બજેટની સરખામણીએ આ વર્ષે કુલ કદમાં 10.77%નો વધારો સૂચવવામાં આવ્યો છે. આ બજેટમાં 62% રકમ માત્ર આંતરમાળખાકીય સુવિધાઓ પાછળ ખર્ચાશે. જે અંતર્ગત રિલાયન્સ સર્કલે ટ્રાફિકના ભારણને ઘટાડવા નવો ફ્લાયઓવર બ્રિજ, સેક્ટર 11માં બિઝનેસ



કોરિડોર ડેવલપમેન્ટ જેવી મહત્વકાંક્ષી યોજનાઓની જાહેરાત કરાઈ છે. ગાંધીનગરના સર્વાંગી વિકાસને વેગ આપવા અને વિકસિત ભારત, વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે ગાંધીનગર મહાનગરપાલિકા મ્યુનિસિપલ કમિશનર જે.એન.વાઘેલા દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટેનું 1903.08 કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટ પર નજર કરીએ તો કુલ ખર્ચના સૌથી વધુ 62 ટકા એટલે કે 1186.71 કરોડ ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ માટે ફાળવવામાં આવ્યા છે. જેમાં નવા રસ્તાઓ, ડ્રેનેજ નેટવર્ક અને ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે ફ્લાયઓવર બ્રિજ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને રિલાયન્સ ચોકડી અને પંડિત દીનદયાળ સર્કલ ખાતે ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત સેક્ટર 22-23 ખાતે અન્ડરપાસ અને સેક્ટર-11માં બિઝનેસ કોરિડોર ડેવલપમેન્ટ જેવી મહત્વકાંક્ષી યોજનાઓ હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગર સચિવાલય સંકુલમાં પોલીસની ગાડીમાં યુવતીના 'સીન-સપાટા':'એકવાર વિધાનસભાની ટિકિટ મળી ગઈને તો લાલબત્તીમાં ફરીશું'

**ગાંધીનગર, તા.07**

રાજ્યનું સૌથી સુરક્ષિત માનવામાં આવતું ગાંધીનગર સચિવાલય હાલ એક વિવાદાસ્પદ વીડિયોને કારણે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. જ્યાં સામાન્ય નાગરિકોને પ્રવેશ મેળવવા માટે કડક તપાસ અને ગેટ પાસની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, ત્યાં પોલીસની ગાડીમાં એક યુવતીની 'સીન-સપાટા' કરતી રીલ સામે આવતાં સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અજાણી યુવતીનો આ કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે પ્રસરતાં ગાંધીનગર SP રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તપાસનો આદેશ આપી દેવાયો છે. આ અંગે ગાંધીનગર એસપીએ વધુમાં જણાવ્યું કે તપાસ દરમિયાન આ ગાડી જૂના સચિવાલયના હોમગાર્ડ ડિપાર્ટમેન્ટની હોવાનું સામે આવ્યું છે. આમાં જે ડ્રાઈવર દેખાય છે તે હોમગાર્ડ છે. પોલીસ કોન્સ્ટેબલ આ ઘટનામાં નથી. આ યુવતી કોણ છે એની તપાસ કરવામાં આવી રહી છે, સાથે જ



વાઈરલ વીડિયોનું પણ વેરિફિકેશન કરવામાં આવી રહ્યું છે. હાલ કોઈને સસ્પેન્ડ નથી કરાયા, પણ તપાસ બાદ કડક શિસ્તભંગનાં પગલાં લેવાશે. ગાંધીનગર પોલીસ જે યુવતીથી અજાણ છે તેનું નામ બિંદિયા સોમપુરા છે અને તે સોશિયલ મીડિયા ઈન્ફ્યુલેન્સર છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં બિંદિયા સોમપુરાએ જણાવ્યું કે, અમે કઈ સીન-સપાટા કરવા ગયા નહોતા, છતાં આવો વિવાદ સર્જાયો છે. છતાંય જનતાને એવું લાગતું હોય તો હું માફી માગુ છું. ઉલ્લેખનીય છે કે પોલીસ વિભાગમાં આ ઘટનાને લઈને ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. સરકારી સંસાધનો જ્યારે મનોરંજનનું સાધન બની જાય ત્યારે કાયદો અને વ્યવસ્થાની ગંભીરતા ઓછી થતી દેખાય છે. સચિવાલય જેવા હાઈપ્રોફાઈલ સ્થળે સુરક્ષાના નામે માત્ર મીંડું હોય તેવું આ વીડિયો પરથી પ્રતીત થાય છે .આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાની ઘેલછામાં સરકારી કર્મચારીઓ પોતાની મર્યાદાઓ ભૂલી રહ્યા છે, જેની સીધી અસર વહીવટી તંત્રની વિશ્વસનીયતા પર પડે છે. ગાંધીનગર સચિવાલયમાં પોલીસની સરકારી ગાડીનો ઉપયોગ 'રીલ્સ' બનાવવા માટે થતાં પોલીસ વિભાગની છબિ ખરડાઈ છે. ખાખી વર્દી અને સરકારી ગાડીની ગરિમાને લજવતો આ કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે પ્રસરતાં ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા છે. વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે સચિવાલયના સંકુલમાં ઊભેલી પોલીસની બોલેરો જીપમાં એક યુવતી ફિલ્મી અંદાજમાં સીન-સપાટા કરી

## ટ્રાફિક પોલીસ સાથે હવે 5 હજારથી વધુ TRB જવાનો તૈનાત : 1,600 જગ્યાઓ પર ટૂંક સમયમાં ભરતી થઈ શકે

**વડોદરા, તા.07**

રાજ્યમાં દિવસેને દિવસે વધી રહેલી ટ્રાફિક સમસ્યાને કાબૂમાં લેવા માટે રાજ્ય સરકારે મોટું પગલું ભર્યું છે. હવે ટ્રાફિક પોલીસની સાથે સાથે ટ્રાફિક બ્રિગેડ (TRB)ના જવાનો પણ ટ્રાફિક નિયંત્રણની જવાબદારી સંભાળશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં ટ્રાફિક જામની સમસ્યા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને વધુમાં વધુ TRB જવાનોની ભરતી કરવા સ્પષ્ટ સૂચના આપી હતી. આ સૂચનાના અનુસંધાને રાજ્યના પાંચ મુખ્ય શહેરો અમદાવાદ,



સુરત, ગાંધીનગર, તાપી અને સુરેન્દ્રનગરમાં TRB જવાનોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે, જ્યારે અન્ય જિલ્લાઓમાં ભરતી ચાલુ છે. કેટલાક શહેરોમાં TRB જવાનોની તાલીમ પણ પૂર્ણ થવાની કગાર પર છે. ટ્રાફિક બ્રિગેડના આ જવાનો ટ્રાફિક પોલીસની સાથે ખભે ખભો મિલાવી માર્ગ વ્યવસ્થા સંભાળશે, જેના કારણે આવનારા સમયમાં ટ્રાફિક જામની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના એસ.પી. સાહિત્યા વી. (IPS)એ જણાવ્યું કે, રાજ્યમાં TRB જવાનોનું મંજૂર મહેકમ 10,602 છે, જેની સામે હાલ 7,998 જવાનો ફરજ બજાવી રહ્યા છે. હાલ 2,608 ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાંથી અત્યાર સુધીમાં 1,054 જગ્યાઓ ભરાઈ ચૂકી છે. બાકીની અંદાજે 1,600 જગ્યાઓ ટૂંક સમયમાં ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવનારા સમયમાં રાજ્યમાં 5 હજારથી વધુ TRB જવાનોની નવી ભરતી થશે. શહેરવાર વાત કરીએ તો અમદાવાદમાં 794, સુરતમાં 158, રાજકોટમાં 132, વડોદરામાં 89, અમદાવાદ ગ્રામ્યમાં 526, ગાંધીનગરમાં 192, સુરેન્દ્રનગરમાં 31 અને તાપીમાં 22 TRB જવાનોની ભરતી કરવામાં આવી છે. આ ઉપરાંત કચ્છ-ભુજ, ભરૂચ, નવસારી, વલસાડ, મોરબી, જામનગર, ભાવનગર સહિત રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં TRB જવાનોની ભરતી ચાલુ છે.

## સરાઉન્ડિંગ રોડનું કામ પડતું મુકાયું:માર્ગ અને મકાન વિભાગે લાઈન રિપેર કરવા પંચાયતને નોટિસ પાઠવી

**લખતર, તા.07**

લખતરમાં વિકાસના કામમાં વિઘ્ન બનીને વાસ્મોની કામગીરી વિવાદમાં આવી છે. નબળી કામગીરી ના કારણે રોજબરોજ શહેરીજનો તો મુશ્કેલી વેઠતા જ હતા. પરંતુ હવે તંત્રને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો જેના કારણે તંત્રએ આ કામગીરી મામલે પંચાયતને નોટિસ પાઠવી છે. લખતરના સરાઉન્ડિંગ રોડ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ રોડનું ખાતમુહૂર્ત આશરે ચાર મહિના અગાઉ સ્થાનિક ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. જોકે, વાસ્તવિકતા એ છે કે કામ શરૂ થયા બાદ વાસ્મો દ્વારા કરવામાં આવેલી લાઈન રિપેરની કામગીરી નબળી હોવાને કારણે આખું રોડ કામ અટકી પડ્યું છે. આ મામલે માર્ગ અને મકાન વિભાગે વાસ્મોની કામગીરીમાં ગંભીર ખામીઓ નોંધતા લખતર ગ્રામ પંચાયતને લાઈન રિપેર યોગ્ય રીતે કરવાની નોટિસ પાઠવી છે. નોંધનીય છે કે, માર્ગ અને મકાન વિભાગે કામ શરૂ કરતા પહેલાં સર્વે કર્યો હોવાનો જે દાવો કરવામાં આવ્યો હતો, તે હવે પોકળ સાબિત થતો નજરે પડી રહ્યો છે. જો સર્વે યોગ્ય રીતે થયો હોત, તો વાસ્મોની લાઈન રિપેર જેવી મૂળભૂત ખામીઓ અગાઉથી સામે આવી હોત અને રોડનું કામ અટકવાની નોબત ન આવત.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599





